
કુમાર



પાનખર
ફોટો: સૈયદ

વર્ષ ૧૪મું · અંક ૨જો · માહ ઓગણીસસોત્રાણુ

ચાલુ અંક ૧૫૮ આવતી કાલનાં નાગરિકો માટે આજનું માસિક

તંત્રી: રવિશંકર રાવળ
સંપાદક: બચુભાઈ રાવત

પંજરી

કોશિયુસ્કો પછી પોલૅંડનો બીજો એક સ્વાતંત્ર્યવીર કુમારનાં પાનાં પર આ વખતે રજુ થાય છે. બંનેનાં દિલ વતનની હુબ્બથી તો એટલાં જ સળગતાં હતાં. પરંતુ માર્શલ જૉસફ પિલસુદ્સ્કીએ પોતાની નિશ્ચયાત્મક બુદ્ધિ અને ચકોર દૃષ્ટિથી પોલૅંડને જે પલટો આપ્યો તે બીજો કોઈ ન આપી શકત. આગળ આવી કીર્તિ કમાવાની ગલપચાંથી વિમુક્ત અને પરદા પાછળ રહી સાચી નિષ્ઠાને સચોટ રીતિએ કાર્ય સાધનાર લોકશાસનનો એ પ્રણેતા આપણને ઘણા પાઠ શિખવાડે છે. ❘ આ વીસમી સદીમાં બ્રિટને એલ્યુમીનિયમના અને જર્મનીએ લોઢાના સિક્કા પાડેલા! કારણ? નાણાંનું ચલણ આપણી સંસ્કૃતિનું આપણે એક અપરિહાર્ય અંગ બનાવી દીધું છે. પ્રાથમિક અવસ્થામાંથી માણસ જેમ જેમ સંસ્કૃતિ ઘડતો ગયો તેમ તેમ વિનિમયનું નિશ્ચિત ધોરણ સ્થાપવા તે યત્નશીલ રહેતો ગયો ને એ ક્રમવિકાસ આજને તબક્કે પહોંચ્યો. પણ એ સંસ્કૃતિઓનાં પડો નીચે કેવાં કેવાં રંગ, રોમાંચ ને શહાદત ભર્યાં પડ્યાં છે એ જાણવું હોય તો આ અંકમાંનો 'નાણું' એ લેખ વાંચી જજો. ❘ અપ્રતિહત મર્દદિલી માગતા શિકારની, શ્રીરામ શર્માની લેખમાળા તમે આજસુધી વાંચતા આવ્યા પછી એની વધુ ઓળખ કરાવવાની ન હોય. 'ખૂની ઘાટવાસી'ના કિસ્સો એવો જ રોમાંચક છે. એની કારુણ્યની છાંટ નવી જ ધડક આપશે. ❘ 'ખભે ખડિયો' પાછો આપણા તરુણ ગુજરાતની તમન્નાથી જ શરૂ થાય છે. ❘ છાણના પોદળા પ્રત્યે તમારી કુતૂહલવૃત્તિ ભાગ્યે જ ઉશ્કેરાતી હશે, પણ એમાં વસતા શ્યામરંગી કીડાઓની શરીરરચના જેટલી અભ્યસનીય છે એટલાં જ એમનો શ્રમ, નિયમિતતા તથા નૈસર્ગિક શક્તિ અભિનંદનીય છે એની શ્રી 'વનેચર'નો લેખ પ્રતીતિ કરાવશે. ❘ 'મારી સફર'નું તો આ અંકમાં હજુ મંગલાચરણ જ છે, છતાં એનાં હવે આવનારાં પાનાં માટે એ તમારી જિજ્ઞાસા ઉશ્કેર્યા સિવાય નહિ રહે. ❘ શક્તિનો સંગ્રહ કરવાનો સાચો રાહ બતાવતો 'પૌષ્ટિક ખોરાકો' પણ રખે ચૂકતા.

કુમાર
માહ ૧૯૯૩
અંક ૧૫૮

મુદ્રક • બચુભાઇ રાવતઃ તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળઃ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના મુંબાઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ







ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

(૧) રોજિંદા શ્રમજીવીઓ–ભાઈ નવનીત શાહ (વડોદરા), પહેલું ઇનામ; (૨) બાની નજરે–ભાઇ રસિકલાલ ગાંધી (કડી), બીજું ઈનામ; (૩) આરામ–ભાઇ કસ્તુર શાહ (અમદાવાદ), ત્રીજું ઇનામ.




રંકની કલા

ચિત્રકાર • છગનલાલ જાદવ (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

'ગુજરાત કલાકલાપ'માં પ્રકટ થએલાં છ ચિત્રોમાંનું એક

આ જાન્યુઆરીમાં મુંબાઈ ટાઉન હૉલમાં ભરાએલા બૉમ્બે આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં શ્રેષ્ઠ વૉટરકલર તરીકેનું ઈનામ અરધે ભાગે જીતનારૂં ચિત્ર



Courtesy: W.G. Briggs (London) and Photograms of the Year 1937


ઝાકળનાં બિન્દુ

· પૃથ્વી ·

ભલે રમણીકંકણે, ચરણનૂપુરે કે સજે,
લલાટ બીચ ચંદ્રકે, કબરી ચાક ચકે ય કે
સુવર્ણ–રજતે–રસ્યા નૃપ–કિરીટ–સિંહાસને
કદી ચમકીએ ન; અંતર્ તમા ન એની જરી.
ભલે ટમકતાં તહીં રુધિરકાન્તિ માણિક્ય ને
હીરા, ઉર ભરી જડત્વ, પલ આંજતાં વિશ્વને,
ક્ષણેક ચમકાવવા લઘુક આત્મવ્યક્તિત્ત્વને
અમીછ જગચક્ષુએ; ન તલસાટ અંશાંશ ચે.

અદીઠ અહીં છો પડયાં મખમલે મઢી ઊર્વિના
મુલાયમ ઉરે અમે; ટગમગે છતાં અંતરે
મનોરથ-શિખા મૃદુઃ 'પ્રલય-ધ્વાન્ત-સિન્ધુ તલે
પદચ્યુત બની સુરત્ન સહુ પંકમાં ખૂંપશે
તદા, અણુઅણુ મળી, વિચરતાં સમષ્ટિ ઉરે
અનન્ત પ્રલયાબ્ધિને, લહીશું આત્મની ધન્યતા.'

પ્રહ્લાદ પાઠક



વાસેદા યુનિવર્સિટી

● અમને ખબર હતી કે જાપાનમાં સાત યુનિવર્સિટીઓ સરકારી અને ચોવીસ ખાનગી છે; અને ખાનગી યુનિવર્સિટીઓની કાર્યવાહી તથા સેવા સરકારી યુનિવર્સિટીઓ કરતાં જરાયે ઊતરે નહિ. સરકારની મદદથી ચાલતી સંસ્થાઓને બહુ પરાક્રમ કરવું પડતું નથી એવો અમારો સહજ ખ્યાલ હતો એટલે ટોકિયો ઈમ્પીરિયલ યુનિવર્સિટી જોવાનો લાભ જતો કરીને પણ અમે ત્યાંની સુપ્રસિદ્ધ વાસેદા યુનિવર્સિટી જોવાને ત્યાંના એક પ્રોફેસર નાગોઇ ઉપર ચિઠ્ઠી મેળવી હતી. પહેલી જ તકે અમારા દર્શક મી. અપાનોને લઇ અમે વાસેદા યુનિવર્સિટી તરફ ઊપડયા. ઘણી વારે ત્યાં પહોંચ્યા ત્યારે યુનિવર્સિટીનો સાજનો વખત પૂરો થયો હતો અને વિદ્યાર્થીઓ વેરાતા દેખાતા હતા એટલે અમે તો માન્યું કે આજ ધરમધક્કો થયો અને બીજીવાર આવવું પડશે પણ પ્રો. નાગોઈના હાથમાં અમારાં કાર્ડ ગયાં કે તે ઘેર જતા જતા અટકયા અને કહ્યું કે તમે એક વાર આખી સંસ્થામાં ફરી લ્યો જેથી વિસ્તારનો ખ્યાલ આવશે.

વાસેદાનો ઐતિહાસિક પરિચય

● વાસેદા યુનિવર્સિટી ૧૮૮૨ના સાલમાં માર્કવિસ ઓકુમાએ 'ટોકયો સેંમાન ગાકકો' એટલે ટોકિયોનું વિશિષ્ટ વિદ્યાલય એ નામથી સ્થાપી હતી અને ડૉ. તાકાતા તેના અગ્રગણ્ય સંચાલક બન્યા હતા. બીજા છ પ્રોફેસરો અને માત્ર સાઠ વિદ્યાર્થીઓ પર શરૂ થએલી એ સંસ્થામાં આજે તો યુનિવર્સિટીમાં જ ૪૦૦ પ્રોફેસરો અને વ્યાખ્યાતાઓ છે જે ૧૬,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને વિદ્યાપ્રદાન કરી રહ્યા છે.

મૂળ સ્થાપકનો આશય એવો હતો કે સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ જ્ઞાન સુલભ બને અને તેઓનો સંશોધનકાર્યમાં વિકાસ થાય. એ કાળે જાપાનમાં પ્રત્યેક ઉચ્ચ વિદ્યાસ્થાનમાં વિદેશી ભાષામાં જ શિક્ષણ અપાતું હતું અને અધ્યાપકોનો મોટો ભાગ પરદેશીઓનો જ હતો. ખુદ જાપાનીઓ પણ પરદેશી ભાષામાં વ્યાખ્યાન આપતા. આ પદ્ધતિથી, જે ભાષામાં વ્યાખ્યાન થતાં તે ભાષા શીખવામાં જ વિદ્યાર્થીના કેટલાંક વર્ષ વીતી ગયા પછી જ તે પોતાનો ખાસ વિષય શીખવાનું શરૂ કરી શકતો. આનો અર્થ એ જ કે જિંદગીમાં કામ આપવાના વર્ષો કમી થાય અને મહત્ત્વાકાંક્ષામાં મોટી આડ ઊભી જ રહે. માર્કવિસ ઓકુમાની દૃઢ પ્રતીતિ હતી કે કોઇ પણ પ્રજાની સાચી સ્વતંત્રતાનો પાયો તેની સ્વભાષાના સફળ પ્રયોગ ઉપર જ છે એટલું જ નહિ પણ કોઇપણ ઉચ્ચકક્ષાનો અભ્યાસ માતૃભાષામાં જ થઇ શકે ડૉ. તાકાતા અને ડૉ. ત્સુબોશી વગેરે સહયોગીઓ પણ તેમાં સંમત હતા, એટલે આ નવી સંસ્થાની મુખ્ય વિશિષ્ટતા એ હતી કે શિક્ષણ માટે જાપાની ભાષાનો જ ઉપયોગ એમાં કરવામાં આવ્યો.

એ સંસ્થાની બીજી નવીનતા એ હતી કે કેળવણીના પ્રયોગોમાં તેણે સંશોધનકાર્ય દાખલ કર્યું. કેળવણી માત્ર રાજસતાનું શાસન દૃઢ કરવાનું સાધન ન હોવું જોઇએ, અથવા તેની જ પૂજાપ્રચારનું વાહન એ ન થાય એટલો સદાગ્રહ ટોકિયોની આ સંસ્થાના નેતાઓમાં હતો જ. જાપાનને નવું રાજબંધારણ અને હક્કો મળ્યા તે વખતે આવો સ્વચ્છ માનસિક વિહાર જરૂરનો હતો.

ઈ.૧૮૮૨માં માર્કવિસ ઓકુમાએ પ્રધાનમંડળ છોડયું તેની સાથે પ્રો. ઓનો પણ છૂટા થયા અને ત્રણે જણે મળી એ સંસ્થામાં શિક્ષકનું કામ આરંભ્યું. પ્રથમ રાજકારણ, અર્થશાસ્ત્ર અને કાયદો એ ત્રણ વિભાગના અભ્યાસક્રમ ઉપાડયા. શરૂઆતમાં તો લોકોએ તેમના તરફ બહુ શંકાઓ કરી, કારણ કે તેઓ રાજસત્તાના પદેથી ફારેગ થયા હતા અને કદાચ કોઇ કારણસર નવો પક્ષ રચવાના હોય તો!

સરકારે પણ લોકો તેમનાં છોકરાંઓને ત્યાં ન મોકલે એવી તજવીજ કરેલી ખરી. ઈ૧૮૮૬માં ડૉ. તાકાતા વગેરે અધ્યાપકોને લાગ્યું કે વારંવાર સરદાર ઓકુમા પાસેથી ધન માગતાં તેમની બુદ્ધિ ઝાંખી બનતી જશે, એમણે એટલે સંસ્થા પગભર થાય એવા સ્વરૂપમાં લાવવાની યોજના ઘડી, સુધારા કર્યા અને તેમાં તે દરેકે અદ્ભુત સ્વાર્પણ બતાવ્યું. માર્કવિસે પણ પોતાનો ફાળો બીજી રીતે આપ્યો. યુનિવર્સિટીનાં કેટલાંક મકાનો પોતાની મૂડીથી બંધાવી આપ્યાં અને પોતે ૧૯૨૨માં પોતાના મૃત્યુ સુધી પ્રમુખ રહ્યા.

૧૮૮૬માં જ આ યુનિવર્સિટીએ પત્રવ્યવહારથી શિક્ષણ આપવાના ક્રમ યોજ્યા અને તેની કામગરી માટે યુનિવર્સિટીનું પ્રેસ સ્થાપ્યું યુનિવર્સિટીનો કાર્યક્રમ આમ વિસ્તારવામાં આ સંસ્થાની પહેલ હતી. ઈ૧૮૮૯માં પ્રો. ત્સુબોશીએ સાહિત્ય વિભાગ ખોલાવ્યો. ત્રીસ વર્ષથી રાજકીય ધમાલમાં પડી ગએલી પ્રજાનું સ્વકીય સાહિત્ય ધૂળ ખાતું પડયું હતું તેનો સમુદ્ધાર કરવાની તેની મહત્ત્વાકાંક્ષા હતી.

ઈ.૧૮૯૦માં જાપાન સરકારે પોતાનું કાયદાપ્રકરણ સંસ્કાર્યું સુધાર્યું તેને અંગે અભ્યાસક્રમમાં આ યુનિવર્સિટીને પણ મોટા ફેરફારો કરવા પડયા હતા; પણ ન્યાયખાતાએ નવી ભરતી માટે જે પરીક્ષાઓ લીધી તેમાં એ સંસ્થાના વિદ્યાર્થીઓ પ્રથમ કક્ષામાં આવ્યા અને ન્યાયપદે નીમાયા. આ ઉપરથી એ સંસ્થાની પ્રતિષ્ઠા વધી અને તેના ગ્રૅજ્યુએટોને મધ્યમ શ્રેણી નિશાળોમાં શિક્ષક થવાના લાયસન્સ(પરવાના)મળ્યા.

૧૯૦૬માં વેપારવિભાગનો વધારો થયો. તેની એક પ્રાવેશિક શાળા પણ થઇ. ધંધા માટે જે પાકું જ્ઞાન અને શિક્ષણ આજના વધતા વહીવટોમાં જરૂરનું છે તેનું સંગીન શિક્ષણ આપવાની ગોઠવણ થઇ. તે વિભાગ એટલો તો લોકપ્રિય થયો કે તેમાં પ્રથમ વર્ષે ૧૦૦૦ વિદ્યાર્થીઓ આવ્યા તે જ વર્ષે

હાયર નૉર્મલ સ્કૂલ થઇ તેમાં ઇતિહાસ, ભૂગોળ, અને નીતિ શિક્ષણ, જાપાની-ચીનીનાં ક્લાસિકસ અને અંગ્રેજી ભાષા, એમ ત્રણ વિભાગ ખુલ્યા. વિજ્ઞાન અને ગણિત પાછળથી ઉમેરાયાં. ૧૯૦૯માં તો મિકૅનિકલ અને ઈલેકિટ્રકલ એન્જિનીઅરિંગ આવ્યાં અને ૧૯૧૦માં માઇનિંગ તથા આર્કિટેકચર તેમજ ઍપ્લાઇડ કેમિસ્ટ્રી (પ્રાયોગિક રસાયણ) દાખલ થયાં.

પણ લેબોરેટરી અને વર્કશૉપની ભાવનાને નાણાંની ખેંચ હતી. એ વાત શહેનશાહને કાને પહોંચી, એટલે તેમણે ખાનગી ખજાનામાંથી મોટી રકમ ભેટ કરી અને આ સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો કરી દીધો. પછી તો રાજકુટુંબના નબીરાઓ, સરદારો, ઠાકોરો અને અનેક સંસ્થાઓએ મદદો વરસાવી. ચીનના નામાંકિત પુરુષોએ પણ અહીં મદદો મોકલી હતી અને વાસેદા યુનિવર્સિટીમાં ભણેલા કેટલાક ચીની ગ્રૅજ્યુએટો તો પોતાના વતનમાં મહત્ત્વના પદે પહોંચ્યા છે. ચીની વિદ્યાર્થીઓ માટે એક નૉર્મલ શાળા પણ વાસેદાએ ખોલી હતી. તેમાં ભૌતિકશાસ્ત્ર અને રસાયણ, વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર, તથા ઇતિહાસ અને ભૂગોળ એમ ત્રણ ખંડ રાખ્યા હતા. આ શાળામાં ૨૫૦૦ વિદ્યાર્થીઓ હતા.

ઇ ૧૯૨૦માં સરકારે યુનિવર્સિટીઓ વિષે ખાસ હુકમ બહાર પાડ્યો તેમાં વાસેદાને ઈમ્પીરીઅલ યુનિવર્સિટી જેટલું જ પદ મળ્યું ૧૯૨૦ના જાન્યુઆરીની ૧૦મીએ સંસ્થાના પિતા માર્કવિસ ઓકુમા ગુજરી જતાં તેમના વારસે તેમના વીલ મુજબ તેમનું નિવાસગૃહ વાસેદાને સમર્પણ કરી દીધું તેથી વિશાળ ઉપવનવાળો એક મોટો વિહારપ્રદેશ સંસ્થાને મળી ગયો.

૧૯૨૯માં વાસેદાએ રાત્રીશાળાઓ શરૂ કરી અને જેમને ખાસ વર્ગોનો અભ્યાસ થોડા વખતમાં કરવો હોય તેમના માટે સગવડ કરી. આજે વાસેદા આવી રાતની શાળાઓમાં લગભગ ૧૨,૦૦૦ વિદ્યાર્થીઓને ભણાવી રહી છે.

૧૯૩૧ સુધી આવી વિરાટ સંસ્થાના અગ્રણી રહેલા તાનાકા એક ભાષણમાં કહેતા હતા કે યુનિવર્સિટીથી માંડી તમામ પ્રાથમિક શાળાઓ સુધી વિદ્યાર્થીમાત્રને જ્ઞાન ભરવામાં અને ગોખણમાં જ શક્તિનો વ્યય કરવો પડે છે અને સ્વયંવિચાર કરવાની તેમજ પોતાના પ્રયત્ને પરિણામ ઉતારવાની શક્તિ જતી કરવી પડે છે એ જાતની અવગણના બહુ જ સંતાપજનક છે. અને શિક્ષણ જગતમાં પણ એના એ દોષો સામાન્યપણે પ્રવર્તે છે. જેવા પ્રો. તાનાકા પ્રમુખ થયા કે તુરત તેમણે નવા ધોરણે કેળવણી નિર્માણ કરી અને આજે તે 'સ્વશોધન' (self-investigation)ના પ્રકાર રૂપે જાણીતી છે. જાપાનમાં એ પદ્ધતિ અત્યાર સુધી સાવ અજાણી રહેલી તેથી તેનું મહત્ત્વ ત્યાં ઘણું છે.

વાસેદાનું નાટ્યાલય

● વાસેદા યુનિવર્સિટીના વર્ગો અને ખંડો જોતાં અમે થાકતા હતા અને ક્યાંક અટકીએ તો સારૂં એવો વિચાર કરી રહ્યા હતા એવામાં અમારી સાથેના પ્રોફેસરે નાટ્યાલય (ખરૂં નામ તો Theatre Museum)નું નામ લીધું. નાનાભાઈ લગભગ ના પાડવા જતા હતા, પણ મેં જરા નજર કરી લેવાની દરખાસ્ત મૂકી અને તે પણ એ મકાન તરફ ખેંચાયા: અને પછી તો અમે જે જોયું તેથી વાસેદા યુનિવર્સિટીના કાર્યપ્રદેશની એક અવનવી જ સીમા જોઇ એમ લાગ્યું.

આગળ નામ આવી ગયું છે તે ડૉ. ત્સુબોશી જાપાનની તળપદી સંસ્કારિતા અને ભાષાના સમુદ્ધારના જેવા પ્રખર ઉપાસક છે તેવા જ નાટ્યગુરુ શેક્સપીઅરના એક અજોડ ભક્ત છે. તેમના જીવનકાર્યની કદર અને આદર કરતું આ નાટ્યાલય તેમના વિદ્યાર્થીઓ અને પ્રશંસકોએ ફાળો કરીને બંધાવ્યું છે.

ડૉ. ત્સુબોશી પણ પોતાના સ્મારકના માત્ર અર્ધ્ય ગ્રહણ કરનારા રહ્યા નથી. તેમની સાહિત્યભક્તિ અને સ્વદેશપ્રેમથી પ્રેરિત થએલા એ મહાનુભાવે પોતાનાં સર્વ પુસ્તકોની રૉયલ્ટીની આવક અને પોતાના ગામની જાગીરની આવક આ સંસ્થાને સમૃદ્ધ થતી રાખવા અર્પણ કરી દીધી છે. એમણે પોતાના જીવનનાં છેલ્લા ચાલીસ વર્ષોથી પણ અધિક સમયમાં પોતાના દેશને સાહિત્યસંશોધનોથી તથા શેક્સપીઅરનાં અમર નાટકોને જાપાની રૂપમાં અવતારીને દેશના ઋષિવરનું પદ પ્રાપ્ત કર્યું છે.

જાપાનમાં ૫૦ વર્ષ પહેલાં શેક્સપીઅરનું કોઇ નામે જાણતું નહિ. ૨૫ વર્ષની ઉમરે ઈ. ૧૮૩૯માં તેમણે અભ્યાસ કરતાં કરતાં જુલિયસ સીઝરનું ભાષાંતર કરેલું. પછી ઇ. ૧૮૯૪માં મૅકબેથ, ૧૯૦૯માં હૅમલેટ અને ૧૯૨૩ સુધી બીજા ૧૬ વૉલ્યુમ કર્યાં. પણ પછી માત્ર અનુવાદોથી સંતોષ ન થવાથી બધા નાટકોને જાપાની સ્વાંગ આપ્યો, પણ તે એવી સચોટતાથી અને સાદાઇથી કે આજે જાપાનના મોટા જનસમુદાયને શેક્સપીઅરનું નામ મુદ્દલે અજાણ્યું રહ્યું નથી.

પરદેશી ફૂલક્યારીઓ તેણે વતનમાં ઉગાડી ઉછેરી જે મહત્ત્વનું કાર્ય સાધ્યું છે તેથી તે શેક્સપીઅરના અનુવાદકોમાં બહુ અગ્રપદ પામ્યા છે. એમના અનુવાદો અતિ ઉચ્ચ કક્ષાના ગણાય છે. અંગ્રેજી ભાષાનું સાબૂત જ્ઞાન, પોતાની ભાષાની લાક્ષણિકતા અને સુંદરતા પર કાબૂ તેમજ નાટ્યકળાનું સંપૂર્ણ જ્ઞાન તેમને હોવાથી આ પ્રચંડ કાર્યને તેમણે સર્વાંગસિદ્ધ કરી પ્રજાને અર્પ્યું છે. ડૉ. ત્સુબોશીની શેક્સપીઅરની ગ્રન્થમાળાના ૩૭ ખંડો છે: તેમાં ૩૪માં નાટકો, બેમાં કાવ્યો અને એકમાં શેક્સપીઅરના અભ્યાસ માટે પરિચયલેખ છે.

ઇ. ૧૮૮૫માં તેમણે જ આ યુગની નવલકથાનો પ્રથમ નમૂનો જાપાની ભાષામાં આપ્યો. નિબંધો, વિવેચનો અને ગ્રન્થાવલોકનોમાં તેમનું નામ અગ્રપદે છે. જર્મન સંસ્કૃતિના સમુદ્ધારમાં લેસીંગ સાથે જાપાની ભાષામાં તેમની સરખામણી

(અનુસંધાન આગળ પાન ૧૦૩મે)



ધીરે રહીને એક પછી એક સર્વ મગરો બહાર રેતી પર આવ્યા અને પાણી સામે મોઢાં રાખી તડકામાં શરીર શેકવા મંડ્યા.

શરાબીનું સ્વર્ગ શરાબ, સાકી અને સનમની સાથે છે અને મારો આનંદ વેદાંત, સાહિત્ય અને શિકારમાં છે. જ્યારે દુનિયાની કઠોરતા, લોકોની બુરાઇ અને ઘરની ચિંતાથી ચિત્ત બળવા માંડે છે ત્યારે વસતીથી જીવ ભરાઈ જાય છે, જંગલનું સ્મરણ જાગે છે ને ગાંડાની જેમ એ તરફ ભાગી જવાનું દિલ થાય છે.

મનની આવી પરિસ્થિતિમાં એકવાર નીચે માથે ઝૂંપડીના આંગણામાં હું ટહેલતો હતો. અંતે એ નિર્ણય પર આવ્યો કે યમુનાતટ પર જઇને મગરનો શિકાર કરવો. ત્યાં કેટલેક ઠેકાણે માણસને રંજાડનારા મગરો વસે છે. નિશ્ચય કરીને મેં ગોપાલસિંહને બોલાવ્યા.

ગોપાલસિંહનો મારા પર ખૂબ સ્નેહ છે અને હરણોના શિકારમાં તો સેંકડે નેવું શિકારમાં એમનો સાથ રહ્યો છે. એમને સાથે લેવાનું એક બીજું કારણ પણ હતું. એમનું સાસરૂં યમુનાને કિનારે છે એટલે રહેવાની મઝા આવે. ખાલ કાઢવા માટે ગોવિંદા ચમારને સાથે લીધો.

રામ (હું), ગોપાલ અને ગોવિંદ—અમે ત્રણે ગોપાલસિંહના સાસરા નજીક પહોંચ્યા. ગોપાલસિંહે વાતમાં કહ્યું: 'પંડિતજી, તમને મેં કદિ સાસરે જતા જોયા કે સાંભળ્યા નથી. હવે જાઓ ત્યારે મને જરૂર લઇ જજો.'

મેં જરા ચીડાઇને કહ્યું: 'આવી નકામી વાતો કરતાં શિકારની વાતો કરો તો? તમે કહેતા હતા એ ખૂની મગર ઘાટથી કઇ બાજુ રહે છે?

ગોપાલ: 'એનું ખાસ સ્થાન નથી, પણ એ છે જબરજસ્ત.'

મેં કહ્યું: 'સારી વાત છે. આજે સાંજે જઇને તપાસ કરીશું.'

સાંજે લગભગ પાંચ વાગ્યે ઘેરથી નીકળી અમે યમુના-કિનારે એક ટેકરી પર જઇને બેઠા. યમુના ધનુષાકારમાં

સાહસ બહાદુરી અને નિર્ભયતા ખીલવનારી પુરુષજીવનની જોમવંતી કલા 'શિકાર' વિષે

ખૂની ઘાટવાસી

ચિત્રકાર • રવિશંકર પંડિત

દીંગણા કદના, મજબૂત બાંધાના અને તેજસ્વી આંખોવાળા મર્દ પંડિત શ્રીરામ શર્મા પહાડના વાસી અને શિકારના અચ્છા ખેલાડી છે. શીલ તેવી શૈલી; એટલે એમની શૈલીમાં પણ જાણે એમનું પૌરુષ ઊતર્યું છે. એમનું ગદ્ય વેધક અને જોમવંતું છે. એમના જાતઅનુભવની શિકારકથાઓનો ગ્રંથ 'શિકાર' (જેમાંથી આ અનુવાદો રજુ થાય છે) હિંદી ગદ્યવિકાસના ઇતિહાસમાં તો સીમાચિહ્ન મનાયો છે.



વહેતી હતી. એમાં કલરવ નહોતો અને લહેરો યે નહોતી. નિનાદ અને જોશ તો યૌવનનાં સૂચક હોય છે, શક્તિનાં દ્યોતક હોય છે. યુક્ત પ્રાંતના આ ભાગથી યમુનાની આધેડ અવસ્થા શરૂ થઈ જાય છે. જાણે પોતાની પુરાતન સ્મૃતિઓ અને વ્રજવિરહ પર વિચાર કરતી ગુપચૂપ ચાલી જાય છે. વાયુની લહેરો આવીને એને ગલગલિયાં કરે છે, આલિંગન દે છે; પણ એ જાણે ખીજાઇને કહે છે: 'અરે જાઓ, મસ્તી ન કરો; મસ્તી કરવી હોય તો બીજે જાઓ.'

શિકારની યોજના ઘડી અમે ઊઠ્યા. હું રાયફલ ભરીને ઘાટ અને માર્ગથી દૂરના એક રેતીના ઢગલા સામે નીચે બેઠો હતો. સવારના નવ દસ વાગ્યા હશે. યમુના ત્યાં આગળ એક સમકોણ કરતી હતી એટલે ત્રણચાર ઊંડા ખાડા ત્યાં હતા, જેમાં પ્રત્યેક ઋતુમાં પાણી સ્થિર રહેતું. નદીની બીજી બાજુ રેતીનો સ્વચ્છ પટ હતો. જંગલમાંથી નીલ ગાય, હરણ અને સુવર આવીને પાણી પી જતાં. એ સ્થાનની સામે કે આજુબાજુ કોઇ ગામ નહોતું કે રસ્તો નહોતો. નદીકિનારાનો માર્ગ પણ હું બેઠો હતો ત્યાંથી ટેકરીઓ ઉપર થઇને જતો હતો. જળ શાંત હતું, પણ મારી શિકારી દૃષ્ટિ એ શાંત જળાશય પર જ સ્થિર હતી. થોડીવારે સૂર્યનાં કિરણોનો પ્રકાશ છણાઇને જ્યાં નીચે પહોંચ્યો કે એક ખાડામાં લાકડીના એક ટુકડા જેવું કંઇ દેખાયું. ચારપાંચ ઇંચ લાંબો એ ટુકડો પાસેપાસે બે ઠેકાણે ઉપસેલો દેખાતો હતો. ધીરેધીરે એવા ચારપાંચ ટુકડા પાણી ઉપર તરવા લાગ્યા. અને પછી તો એ મોટા થવા માંડ્યા ને કેટલાક તો ઝાડના થડ જેવા લાગવા માંડ્યા.

ધીરે રહીને એક પછી એક એ સર્વ મગરો બહાર રેતી પર આવ્યા. એક ન આવ્યો. કેટલાક પાણી તરફ મોઢું કરીને રેતીમાં શરીર શેકવા માંડ્યા, પણ પેલો તો પાણીમાં જ પલળતો પડી રહ્યો. એ ડૂબકી પણ મારતો નહોતો, કિનારે યે આવતો નહોતો અને હાલતોચાલતો પણ નહોતો—અચળ હતો. દૂરબીન માંડીને જોયું તો એની ગોળગોળ રક્તવર્ણ ઘૃણોત્પાદક આંખો જંગલ તરફ મંડાઇ હતી. એનું ચાંચું નાક જોતાં જ લાગ્યું કે એ તો માણસખાઉ મગર છે.

આપઅનુભવના જેના કિસ્સાઓની આ માળા ગયા વરસથી ચાલુ છે તે પંડિત શ્રીરામ શર્મા

એક કલાક સુધી એ એ જ આસન પર અચળ રહ્યો. દાવપેચનો જાણકાર હતો. સારા ખોટા ભોજનથી બુદ્ધિ અને સમજણ ઘટે છે કે વધે છે. આને તો માણસનું મીઠું માંસ દાઢે ચડેલું હશે; પછી ચાલાકી કેમ ન આવે? બીજા મગરો એને જરા ગુસ્સાથી જોતા પણ એ એમના તરફ બેપરવા હતો, કારણ બીજાઓ તો આદમીને આદર અને ભયની દૃષ્ટિથી જોતા અને એ જોતો લોહીતરસી દૃષ્ટિએ.

હું મારા આસન પર સ્થિર બેઠો હતો; એ પોતાના જલદુર્ગમાંથી ચારે દિશા નજરાવી રહ્યો હતો. હું બીજા બે કલાક ત્યાં બેસી રહ્યો; પણ એ પાણી બહાર ન નીકળ્યો. મારી આંખો બળવા માંડી અને તાપથી નાક લાલ થઇ ગયું; પણ એ તો અચળ હતો. હું મારા સ્વાર્થમાં—નામનાને માટે—બેઠો રહ્યો કે મારું તો એ ખૂની મગરને જ મારું.

મગર પણ ભૂખ્યો ડાંસ થયો હતો અને શિકારની રાહ જોઇને પાણીમાં તપસ્યા કરતો હતો. ઘાટ સૂમસામ હતો. બેચાર માણસો નીકળે તો તો એમના ભોગ, પરંતુ વીસપચીસનું ટોળું શોરબકોર કરતું નીકળતું ત્યારે કોઇને પકડવાનું એ સાહસ ન કરતો. નાનાં બાળકો અને વૃદ્ધો જુવાનોની વચ્ચે ચાલતા એટલે એને ડર લાગતો હતો કે અક્કલનું પૂતળું માણસ જાન પર ખેલીને કોણ જાણે શું યે કરી બેસે.

અને બીજી એક વાતથી પણ એ ખૂબ ગભરાતો હતો--એને એનો પૂરો અનુભવ હતો,—કે લોખંડી નળીઓમાંથી 'ફિસ્સ' અને 'ધાંય' કરતાકને ફૂટતા સીસાના ટુકડા એને ક્યાંક ન વાગી જાય! એક વાર એની પીઠ પર 'ધાંય' અવાજ સાથે એવી જ ગોળી વાગી હતી અને ચારે દિશાઓ કંપાયમાન થઇ ગઇ હતી. એની વેદનાના માર્યા કેટલા યે દિવસો એણે બેચેનીમાં પસાર કર્યા હતા.

એક બીજીવાર એક ચમારડીનો આહાર કરીને શેક લેવા એ બહાર કિનારે પડ્યો હતો ત્યાં ધડામ દઇને એની પૂછડી ને પાછલા પગ વચ્ચે ચોટ વાગી અને 'અરરધમ' અવાજ થયો. ગોળી ખાઇને એ લપક્યો અને પૂછડી ને નાક એક કરી જમુનામૈયાનું શરણ લીધું. ઉફ્! ઘાવમાં મૃત્યુવેદના થઇ રહી હતી અને લોહીનું જાણે નાળું વહેતું હતું. ભયથી દૂરને દૂર નાસતા કાચબા અને માછલી પણ એના લોહીની ગંધથી પાસે દોડી આવ્યાં અને માછલીઓએ ઘામાં લોચવાનું શરૂ કર્યું. એક તો આફત હતી તેમાં આ તુચ્છ માછલીઓએ અપમાન કરવા માંડ્યું. એને પોતાના યુદ્ધક્ષેત્રની એક ખાઇમાં આરામ કરવો હતો પણ કાચબા અને માછલીઓ એના ઘામાંથી માંસ તોડીતોડીને ખાતાં હતાં. પરેશાની હતી. એની શક્તિની સામે આ હુમલો હતો; પીડાથી મૂર્ચ્છા આવવા જેવું થતું હતું; એનામાં હાલવાચાલવાની યે શક્તિ રહી નહોતી પાછળ ફરીને મોઢું મારતો તો યે પીડા વધતી.

આખરે થાકીને એ ઊપડ્યો. ધાર આગળ આવીને એણે પોતાની ગતિ તેજ કરી. કાચબા પાછળ રહી ગયા, પણ માછલીઓએ કેડો ન છોડ્યો. એમનાથી પીછો છોડાવવો મુશ્કેલ હતું. અંતે એને બહાર કિનારા પર આવવું પડ્યું. ત્યાં માછલીઓનું કંઇ ચાલ્યું નહિ. હા, એક કાચબો આવ્યો. એણે બે દાંત પરોવ્યા, પણ તરત બિચારો ઘાયલ થઇને લોટી પડ્યો.

આવી રીતે એ મગરે પોતાનો પ્રાણ તો બચાવ્યો, પણ પોતાના આ કડવા અનુભવોને એ ભૂલ્યો નહોતો. શક્ય હોય ત્યાંસુધી પાણીની બહાર જ તે ન નીકળતો. અને નીકળતો—કારણકે તડકામાં સૂઇ રહેવું મગર માટે આવશ્યક છે--ત્યારે પણ ખૂબ સાવધાન રહેતો. કોઇ પણ, ગમે તેવો માણસ એને દેખાય અથવા એવી શંકા જાય કે એ તરત પાણીમાં સરકી જતો.

એટલે એ પાણીમાંથી નીકળે એવો નહોતો. બેઠોબેઠો હું હવે તો છેક થાકી ગયો. મગરનો શિકાર નીરસ હોય છે. ગોળી ખાઇને ત્યાં જ પડ્યો રહે અથવા સરૂરૂરૂર લઇને પાણીમાં સરકી જાય; અને પછી કદિ હાથ ન ચડે. મેં ગજવામાંથી ઘડીઆળ કાઢી નક્કી કર્યું કે જો અરધા કલાકમાં એ બહાર ન નીકળે તો પછી બીજા મગર પર ગોળી છોડવી. પણ હજી દસ મિનિટ પણ પૂરી ન થઈ ત્યાં એણે ડૂબકી મારી. અરે! શું એણે મને જોઈ લીધો? એ તો અશક્ય હતું. ત્યારે શું આગળ પાછળ કોઇ માણસ આવે છે? એ શક્ય હતું, કારણ એને તો મનુષ્ય માત્ર ભક્ષણ વખતે જ મીઠો લાગતો હતો.

દૂરબીન લગાવીને સામે પ્રવાહ ભણી જોયું, પણ કોઇ નજરે ન પડ્યું. ત્યારે શું કોઇ અજાણ્યો અભાગી



તે માત્ર આટલા જ શબ્દો બોલવા પામી: 'હાય રે! બચાવો!' અને પાણીમાં સમાઇ ગઇ.

હશે કે મગર ઓછો રોજ માણસો મારે છે! જેનું મોત આવ્યું હશે તેને જ પકડશે. નહિતો તે દિવસે દસ નીકળ્યા તેમાંથી સાતમાને જ કેમ પકડ્યો?

હું મારી જગ્યાએથી ઊઠીને ઘાટ ભણી નાઠો. નાસતો જતો હતો અને જોરથી બૂમો પાડી પેલાં બે અભાગીઆંને કહેતો હતો કે નદીમાંથી જલદી નીકળો નહિ તો ખૂની મગર હમણાં કોઇને પકડી લેશે મેં બેચાર વાર પોકાર કર્યો એટલામાં માણસ તો કિનારે પહોંચી ગયો. પણ પેલી સ્ત્રી સૂકી જગ્યામાં પગમૂકતાં પહેલા પોતાના પગ ધોવા રહી. મારી ચેતવણીનો એમણે કંઇ ખ્યાલ ન કર્યો. આદમીએ ખ્યાલ કર્યો કે હું કોઇ બીજાને કહું છું. સ્ત્રી પગ ધોઇને જેવી પોતાના જોડા પહેરવા વાંકી વળી તેવી જ એકદમ એના મોઢામાંથી ચીસ નીકળી ગઇ અને ગબડીને પાણી તરફ ઘસડાવા માંડી. માત્ર એટલા જ શબ્દો બોલવા પામી 'હાયરે! બચાવો!' અને પાણીમા સમાઇ ગઇ!

આ આકસ્મિક વજ્રપાતથી પેલા પુરુષ હેબતાઇ ગયો. હું એની પાસે પહોંચ્યો એટલે એણે ધ્રુસકે ધ્રુસકે રોવા માંડ્યું સમવેદનાથી હૃદયમાં ભરતી આવે છે અને માણસનું દુ:ખ હલકું બની આંખોને માર્ગે બહાર આવે છે. એને આશ્વાસન આપીને હું ચાલતો થયો.

માણસ યમુનામાં પાણી પીવા આવ્યો છે અથવા સ્નાન કરવા પડ્યો છે? નદીની ઉપર નજર નાખી ને મારૂં માથું ભમી ગયું. એક આદમી અને એક સ્ત્રી ઘાટ પાર કરી રહ્યાં હતાં. આદમી આગળ હતો અને સ્ત્રી કપડાં ઊંચાં લઇને સંભાળી સંભાળીને ચાલતી હતી. લાલ ચોળી, છીંટનો ચણિયો અને ચુંદડીથી લાગ્યું કે આ તો કોઇ ગામડિયો પોતાની સ્ત્રીને પહેલી આણે પોતાને ઘેર લઇ જાય છે. ચોક્કસ એ કોઇ દૂરનો રહેનારો હશે અને ઘાટના ભયની એને ખબર નહિ હોય. નહિતો આવી રીતે એકલો ન નીકળત. અથવા જાણીજોઇને ગ્રામ્યબુદ્ધિ રાખી

આ ઘટના પછી બરાબર સાત દિવસે ત્યાં જ એક

ઉચિત સ્થાન પર હું શિકારની રાહ જોઇને બેઠો. ભરેલી રાયફલ ફેંટાને આધારે પડી હતી. એમાં છ કારતુસ ભર્યા હતા. દૂરબીન બગલમાં હતું અને યમુનાનો બીજો કિનારો મારાથી સો ગજ દૂર હતો. ત્યાં નદીથી ચારપાંચ ગજ દૂર એક બકરી બાંધી હતી. એનું બચ્ચું એની પાસે નહોતું એટલે એ બેં બેં કરતી હતી. એ સાત દિવસોમાં એક માઇલના વિસ્તારમાં ન તો કોઇએ યમુના પાર કરી હતી, કે ન તો કોઇ ઢોર પીવડાવવા આવ્યું હતું. જંગલી જનાવરને પાણી પીતા રોકવા માટે પણ રખેવાળો રાખવામાં આવ્યા હતા. બકરી બાંધવાનો પ્રયોગ નવો હતો. મને ધૂન આવી હતી અને મેં એ નુસખો અજમાવ્યો હતો.

બકરીનું બેં બેં ચાલુ હતું. મારી નજર યમુનાના પેલા ખાડામાં જ હતી. એક કલાક પછી હું સાવધાન થયો. મારી ડાબી બાજુ, દોઢસો ગજ દૂર, જાણે એક પાટિયું તરીને ઉપર આવ્યું. એના પછી તો માત્ર માથું જ ઉપર રહ્યું. બાકીનો ભાગ ડૂબી ગયો. દૂરબીન લગાવીને જોયું તો એની આંખો બકરી તરફ હતી. હો ન હો પણ એ જ ખૂની ઘાટવાસી મગર હોવો જોઇએ એ ખ્યાલથી મેં રાયફલ હાથમાં લીધી અને રાહ જોવા લાગ્યો.

ધીરે ધીરે પેલી આકૃતિ પ્રવાહમાં બકરી ભણી આગળ વધી અને થોડે દૂર જઇને રોકાઇ. દૂરબીન લગાવીને મેં એની આંખો ભણી ફરીથી જોયું. એ ખૂની આંખોમાંથી કપટ નીતરી રહ્યું હતું. આંખો બકરી તરફ જ હતી. એ રાહ જોતો હતો કે બકરી પોતાની તરસ છીપાવવા આવે તો બસ. પણ અભાગી બકરી પાણી પીવા આવતી નહોતી. એ તો પોતાનો વિરહ ગાતી હતી.

બે કલાક એણે રાહ જોઇ. બકરી હાંફી રહી હતી, પણ પાણી પીવા નહોતી આવતી; ભલે ન આવે એ પોતાના કર્તવ્યથી ભલે ભ્રષ્ટ થાય; પણ મગર શામાટે ભૂખે મરે? કદાચિત્ આવો જ કંઇ ખ્યાલ કરીને એ પુરાણો પાપી ધીરે ધીરે બહાર નીકળ્યો. અને ઝડપથી બકરી પર દોડયો. ગરોળી જેમ જંતુને પકડી લે તેમ એ ખૂની મગરે બકરીને પોતાના મોઢામાં પકડી.

જેવી એણે બકરીને પકડી એવી જ મેં તાકીને ગોળી છોડી. ગોળી બરાબર એની ગરદનમાં વાગી. ગોળી ખાઇને એ સ્તબ્ધ થઇ ગયો અને પળવારમાં જમીન પર ઢળી પડયો. બકરી એના મુખમાંથી નીકળવાનો પ્રયત્ન કરતી હતી. મેં બીજી બાજુથી લાગલાગટ ગોળીઓ તાકી. છ પૂરી કરીને રાયફલ ફરીથી ભરી અને સનનન કરતી એની પીઠ પર ગોળી ચલાવી. એ ગોળીએ એની પીઠ ઉપરાંત બકરીને પણ પૂરી કરી.

મગર મરેલો પડયો હતો. એનું પૂછડું છસાત ઇંચ પાણીમાં હતું. ગોળીઓથી એની પીઠ વીંધાઇ ગઇ હતી. એ બાર ફૂટ અને નવ ઇંચ લાંબો હતો. પેટ ફાડીને જોયું તો એમાંથી ચૂડીઓ અને કડલાં નીકળ્યાં અને તરતના ખાધેલા સ્ત્રીના શરીરના કેટલાક ભાગ. આ ચીજો યમુનામાં ફેંકી દીધી. સ્મૃતિચિહ્ન તરીકે મેં માત્ર કડલાં રાખ્યાં. તે દિવસથી ઘાટનો ઉપયોગ થવા માંડયો. લોકો નિર્ભય રીતે ન્હાવા-ધોવા લાગ્યા અને મૂગા જનાવરોને પાણી પીવાનું પણ સુખ થયું. લોકોએ મારી કીર્તિના પૂલ બાંધી દીધા.

શ્રીરામ શર્માની વાર્તા ઉપરથી અનુવાદક **કિરનસિંહ ચાવડા**

આજના પોલૅન્ડનો તારણહાર

'**અ**મે જીવીએ છીએ ત્યાં-સુધી તો પોલૅંડ પરાજિત નથી. વિદેશીઓએ આક્રમણે લીધું છે ને અમે તલવારથી પાછું લઇશું.'

રશિયા, પ્રૃશિયા ને ઑસ્ટ્રિયાએ પોલૅંડને ત્રીજી વખત (૧૭૯૫માં) વહેંચી લીધા પછી ઓગણીસમી સદીના યુરોપના નકશામાં પોલંડનું અસ્તિત્વ નથી. પરંતુ પોલંડવાસીઓ પોતાનું અસ્તિત્વ ભૂલ્યા નહોતા. બોનાપાર્ટના સૈન્યમાં યુરોપનાં અનેક યુદ્ધોમાં લડી આવેલા પોલૅંડવાસીઓનું, ઉપર જણાવ્યું તે, પ્રિય ગીત હતું.

ઈ. ૧૮૬૩ની ક્રાન્તિ નિષ્ફળ થયા પછી પોલૅંડમાં ઝારશાહીનું તંત્ર વધારે સખત થતું હતું. એ વર્ષોમાં રશિયન પોલૅંડમાં સેંકડોને ફાંસી દેવામાં આવી. હજારોને સાઇબીરિયા મોકલવામાં આવ્યા અને ઘણાઓની મિલકત જપ્ત થઇ. રાષ્ટ્રશોકનાં એ વર્ષોમાં ઈ. ૧૮૬૭ની ૫મી ડિસેમ્બરે લિથુઆનીઆમાં ઝુપુફની જાગીરમાં જોસેફ પિલસુદ્દસ્કીનો જન્મ થયો.

માદામ પિલસુદ્દસ્કી (મેરીઆ બિલે વિટસ)ને એના પિતા તરફથી વારસામાં મળેલા ગામમાં જોસેફના પિતાએ વાસ કર્યો હતો. એણે કૃષિવિદ્યાનો અભ્યાસ કર્યો હતો અને પોતાના જ્ઞાનનો ઉપ-

માર્શલ



યોગ કરવા માટે નવી યોજનાઓ ઘડતો. અવ્યવહારૂ યોજનાઓ ઘડવામાં એ દેવાદાર થયો. ૧૮૭૪માં ઝુપુફની મિલકત મોટી આગમાં નારાજ થતાં ગરીબ અને દેવાદાર થએલું પિલસુદ્સ્કી કુટુંબ વિલ્નો જઇને રહ્યું. ઝીયુક (જૉસેફ) તથા એનો મોટો ભાઈ બ્રાનીસ્લાવ ત્યાંની રશિયન શાળામાં દાખલ થયા.

ક્રાન્તિ પછીનાં વર્ષોમાં જર્મની તથા રશિયાના તાબાના વિભાગમાં પોલૅંડવાસીઓ એમનો ઉજળો ઇતિહાસ ભૂલી જાય એવા પ્રયત્ન થતા હતા. ૧૮૬૩ની ક્રાન્તિમાં પિલસુદ્સ્કાના કુટુંબીઓએ ભાગ લીધો હતો. સાઇબીરિયા, શહાદત અને જપ્તીનો અનુભવ એમને હતો. જૉસેફની વૃદ્ધ દાદીએ જેલ નિવાસ પણ ભોગવ્યો હતો. માદામ પિલસુદ્સ્કાને ક્રાન્તિની નિષ્ફળતાથી ઘણું દુ:ખ થતું. શહેરી જીવનના છુટાપણા ઉપર ઘણો અંકુશ હતો. સ્વભાષાનું શિક્ષણ આપવા માટે ભારે શિક્ષા થતી હતી. પોલૅંડના કવિઓ અને લેખકોનાં પુસ્તકો પણ ઘરમાં રાખવાની મનાઈ હતી. એ વખતે માદામ પિલસુદ્સ્કા પોતાનાં બાળકોમાં વાત્સલ્યના અમી સાથે દેશપ્રેમનું અમી સિંચતી હતી. ઘરને ખૂણે સંતાડેલાં પુસ્તકોમાંથી પોલૅંડનો ગૌરવભર્યો ભૂતકાળ, રાષ્ટ્રપ્રેમ અને વિશ્વબંધુત્વની ભાવનાથી ઊભરાતાં કાવ્યો વાંચી સંભળાવતી.

નાના જૉસેફને યુદ્ધવર્ણનનાં પુસ્તકો ગમતાં. ગ્રીક અને રોમન ઇતિહાસમાંની વીર કથાઓ અને નેપોલિયનના ભભકભર્યા વ્યક્તિત્વથી અંકાએલી નવલકથાઓ એ વાંચતો. નેપોલિયનનું જીવન એક મહાકાવ્ય જેવું એને લાગતું. 'રૂંધી નાખતી દમનનીતિ ઘંટીના પડની જેમ એનું હૈયું દબાવી રહેતી.' આખો વખત ક્રાન્તિના વિચારો જ એને આવતા. રશિયામાં ઝારશાહીની સામે 'પ્રજામત' નામે સંસ્થાની પ્રવૃત્તિઓ બધે જાણીતી હતી. વિલ્નો અને પોલૅંડનાં બીજાં શહેરોમાં એના પડઘા સંભળાતા હતા. રાષ્ટ્રભાવનાથી અંકાએલા સમાજવાદમાં એણે પોલૅંડની મુક્તિ જોઇ. શાળાનો અભ્યાસ પૂરો થતાં દાક્તરીનો અભ્યાસ કરવાનો એણે નિર્ણય કર્યો. એ વર્ષે (૧૮૮૪માં) એની માતાનું અવસાન થયું અને કુટુંબ પણ વિખેરાયું: ખારકોવના વિદ્યાપીઠમાં

પિલસુદ્સ્કી જેણે પરાધીન પોલૅંડને પુનર્જીવન આપ્યું



ડાબીબાજુ: જૉસેફ પિલ્સુદ્સ્કીની મા માદામ પિલસુદ્સ્કા (મેરીઆ બિલેવિટ્સ): જમણી બાજુ: જૉસેફના પિતા



થોડા માસના દાક્તરીનો અભ્યાસ કર્યો પરંતુ બીજે વર્ષે વિદ્યાપીઠમાં એને દાખલ કરવામા ન આવ્યો.

એ વર્ષોમાં એણે સમાજવાદી પત્રિકાઓ તથા માર્ક્સના 'કૅપીટલ'નો અભ્યાસ કરવા માંડ્યો. વળી રાષ્ટ્રીય અસ્મિતાના વિઘાતક રશિયન તંત્રમાં પ્રજા-જીવન જીવતું રહે તેવા પ્રયત્નો કરવા માટે એણે મંડળ સ્થાપ્યું. આમ વિલ્નોના કામદાર તથા મજૂર વર્ગ સાથે એનો પરિચય વધતો ગયો.

૧૮૮૭ની શરૂઆતમાં રશિયાના ઝાર ઍલેક્ઝાન્ડર ત્રીજાને મારી નાખવાના કાવત્રામાં સંબંધ હોવાના આરોપસર એના મોટા ભાઇ બ્રૉનીસ્લાવને પંદર વરસની દેશપારીની સજા થઇ. જૉસેફની પ્રવૃત્તિઓની પોલીસ ખાતાને જાણ હતી. કાવત્રાંખોરો સાથે એને સંબંધ નહોતો છતાંય એને પાંચ વર્ષની દેશનિકાલની સજા થઇ.

દેશનિકાલની સજાવાળા કેદીઓને સાઇબીરિયા મોકલાવવામાં આવતા. હજારો માઇલ દૂર આવેલા એ વિભાગમાં જવા માટે પ્રચંડ હિમવિસ્તાર ઉપરથી ઘણી વખત જવું પડતું. કેદીઓને એ લાંબી મુસાફરી પગપાળા કરવાની હતી. રસ્તામાં અમલદારો સાથે તકરારો પણ થતી. પિલસુદ્સ્કીના ટુકડીને ઈર્કુટ્સ્ક જેલમાં થોભવાનું હતું. એક વખત જેલના અમલદારો સાથે કેદીઓની તકરાર વધી પડી અને કેદીઓએ અધિકારીઓ સામે બળવો જગાડ્યો. પિલસુદ્સ્કી અને બીજા કેદીઓને બંદૂકના કુંદાનો સખત માર પડ્યો. નિઃશસ્ત્ર કેદીઓના પોલીસ રીપોર્ટમાં જણાવેલા આ 'સશસ્ત્ર બળવા' સામે કામ ચલાવી કેદીઓની સજામાં વધારો કરવામાં આવ્યો. સાઇબીરિયાના વર્ષોમાં એણે રશિયન સ્વભાવનું અવલોકન કર્યું. ત્યાં એને ૧૮૬૩ના કેદીઓ સાથે સમાગમ થયો. અને પોલૅંડની સ્વાધીનતાનું એનું ધ્યેય વધારે સ્પષ્ટ થયું.

૧૮૯૨માં સજા પૂરી થતાં વિલ્નો આવ્યો ત્યારે પિલસુદ્સ્કીની ઉમર પચાસ વર્ષની હતી. ઠરાવો પસાર કરી રશિયા સાથે સહકારના વિનિયોગથી સ્વાધીનતા મેળવવા માટે વિનીત રાજકારણીઓનો નૅશનલ ડેમોક્રેટ પક્ષ પોતાનો કાર્યક્રમ પ્રજા આગળ ધરતો હતો. પિલસુદ્સ્કીને એ કાર્યક્રમમાં શ્રદ્ધા નહોતી. જૂના સંબંધ

તાજા કરતાં તરતમાં જ સ્થપાએલી પોલીશ સોશિયાલીસ્ટ પાર્ટી (પી.પી.એસ.)નો એને પરિચય થયો પોલૅંડના ક્રાન્તિવાદી મંડળોમાં એ સંસ્થાના સૌથી વધારે સભ્યો હતા અને આખા પોલૅંડમાં એની બહોળી અસર હતી. પરંતુ સામ્રાજ્યવાદ વિરોધી એની મહત્વાકાંક્ષા સત્તાધીશોથી સાંખી જાય એમ ન હતું. થોડા જ વખતમાં બીજા સભ્યો પકડાઇ ગયા અને પ્રચાર સંચાલનની બધી જવાબદારી એને માથે આવી પડી મિત્રોમાં એ કોમરેડ વિકટરને નામે ઓળખાતો હતો. એ અરસામાં એના સાથીદારોમાંની એક મેરીઆ ઝુસ્કીએવિચ સાથે એણે લગ્ન કર્યાં. પિલસુદ્સ્કીની બધી છૂપી પ્રવૃતિઓમાં એણે ઘણી મદદ કરી છે.

સમાજવાદી પક્ષના મુખપત્ર 'મઝદૂર'ના છુપા પ્રેસનું સંચાલન એણે જ કરવાનું હતું. દરેક અંકનું લખાણ તૈયાર કરી, બીબાં ગોઠવવાથી માંડીને છાપવાનું. અને અંકો તૈયાર કરી પકડાયા વિના પ્રચારનાં બધાં મથકોએ પહોંચાડવાનું કામ પણ એણે જ કરવાનુ હતું. વાંધા ભરેલા સાહિત્યનો ફેલાવો અટકાવવા ઝારના પોલીસખાતાંએ ત્રણ ત્રણ લાઇનદોરી રાખી હતી. એ વખતના એના અનુભવો અદ્ભુત સાહસકથા જેવા લાગે છે. સમાજવાદીઓની પરિભાષામાં પત્રિકાને 'બિશુવાહ્' કહેતા. કિસાન અને કામદારોમાં પત્રિકા નિયમિત પહોંચે એ માટે પ્રચારનાં બધાં અંગો એણે જોયાં હતાં. સીગારેટના દાબડા અને વીએનાના ચોકલેટનાં ખોખાંમાં પત્રિકાઓ મોકલવામાં આવતી. એક વખતે પિલસુદ્સ્કીની પત્નીએ ઘણી પત્રિકાઓ શરીર પર વિંટાળીને દૂર સુધી પહોંચાડી હતી. અને પત્રિકાને બાંધતા તારથી એનું શરીર વિંધાઇ લોહી નિકળ્યા છતાં ઊંકાર સુદ્ધાં કર્યો નહોતો.

ઘણી વખતના નિષ્ફળ દરોડા પછી ૧૮૯૪ના ફેબ્રુઆરીમાં લૉજ (Lodz)નાએક સામાન્ય મકાનમાં પહેલે માળેથી 'મઝદૂર' પ્રેસ પોલીસે શોધી કાઢ્યું. પિલસુદ્સ્કીને બીજી વખત કેદ પકડવામાંઆવ્યો. થોડા દિવસ લૉજમાં રાખી રાજદ્વારી કેદીઓ માટે જાણીતા થએલા વૉરસૉના કિલ્લાના દશમા વિભાગ (Tenth Pavilion)માં પિલસુદ્સ્કીને રાખવામાં આવ્યો. આ વિભાગના સખત ચોકી પહેરામાંથી નાસી છૂટવાનું અશક્ય મનાતું.



રશિયાની હાઇસ્કૂલમા ભણતો તે વેળાનો જુવાન જૉસેફ

પિલસુદ્સ્કી સમાજવાદી પક્ષના (પી. પી. એસ) પ્રાણ જેવો થઇ રહ્યો હતો, એટલે એને નસાડવાના પ્રયત્નો થવા માંડ્યા. વૉરસૉના કેદખાનાનો દારોગો સિડેલનીકોફ ઉમદા સ્વભાવનો હતો, એટલે પિલસુદ્સ્કીના સાથીઓનો સંદેશો જેલમાં પહોંચાડ્યો. પિલસુદ્સ્કીએ દિવાના થયાનો ઢોંગ કરવાનો હતો. એણે એ ઢોંગ ખૂબ ઝનૂન પૂર્વક ભજવ્યો. ખાવાનું પણ એ ફેંકી દેવા લાગ્યો.

એ ઉપરથી પિલસુદ્સ્કીને સૅંટપિટર્સ બર્ગની સૅંટનિકોલસની દિવાના શાળામાં મોકલવામાં આવ્યો. જ્યાં જકાતી ખાતાંના અમલદારના કપડાં તેને માટે છૂપાવી રાખવામાં આવ્યાં હતાં. એ પહેરીને હૉસ્પીટલના રક્ષકની સલામી લેતા દરવાજા બહાર તૈયાર રાખેલી ગાડીમાંબેસી એ અને આ કાર્યવાહી સફળ રીતે પાર પાડનાર શાળાના પોલીસ હાઉસસર્જ્યન માઝૂટકિયેવિચ બંને ૧લી મે ૧૯૦૧ના રોજ નાસી છૂટયા.

પિટર્સબર્ગથી પિલસુદ્સ્કી ખીવ ગયો. થોડા કલાકના રાતવાસમાં એણે ત્યાં છપાતા 'મઝદૂર'નો



લંડનના પી. પી. એસ.ના મુખ્ય મથકમાં (૧૮૯૫). વચ્ચે બેઠો છે તે દાઢી વાળો પિલ્સુદ્સ્કી; ડાબે પડખે ઊભો છે તે ઇગ્નેસી મૉસ્કિસ્કી—પોલૅંડના આજના ગણસત્તાકનો પ્રમુખ

અંક 'તૈયાર' કરવામાં પોતાના મિત્રોને હાથ આપ્યો.

૧૯૦૪માં રૂસો–જાપાની વિગ્રહ શરૂ થતાં પિલસુદ્સ્કીએ જોયું કે ૧૮૬૩ની ક્રાન્તિની સફળ પુનરાવૃત્તિ કરવાનો આ સમય હતો, પરંતુ દેશમાં એવી તાકાત નહોતી. રશિયાએ ભરતી માટે જાહેરાત કરતાં પી. પી. એસે એનો સશસ્ત્ર દેખાવો કરી વિરોધ કર્યો.

રૂસો–જાપાની વિગ્રહથી મળતી બધી તકનો લાભ પિલસુદ્સ્કી લેતો હતો. ૧૯૦૫માં એ જાપાન ગયો અને રશિયા સામે ક્રાન્તિ જગાડવા તૈયારી કરવા એણે જાપાની સરકારની મદદ માગી. પણ વિનીત રાજકારણી ડમોવસ્કીએ જાતે ટોકિયો આવી જાપાની સરકારને આ ક્રાન્તિને મદદ ન આપવાનું સમજાવ્યું. આવા અનુભવોથી પિલસુદ્સ્કીનું રાજકારણ વધારે ઉગ્ર થતું હતું. ક્રેકોવ આવીને એણે ઉદ્દામ સશસ્ત્ર સમાજવાદને વેગ આપવા 'બોયોવકા' નામે મંડળ સ્થાપ્યું. એનો ઉદ્દેશ કામદારોનું સંગઠન કરવાનો, સશસ્ત્ર દેખાવો કરવાનો, તપાસ હેઠળના અને બીજા રાજદ્વારી કેદીઓને છોડાવવાનો અને આ પ્રવૃત્તિ ચલાવવા ઝારની સરકારની તિજોરી અને ટપાલખાતાં પર ધાડ પાડી જોઇતાં નાણાં મેળવવાનો હતો.

આ બધી યોજનાઓ પિલસુદ્સ્કી જાતે દોરવતો હતો. એવી એક મોટી ધાડમાં પિલસુદ્સ્કીએ આગેવાની લઇ (૧૯૦૮માં) બેજડાવી સ્ટેશન પર મેલ ટ્રેન અટકાવી ત્રણલાખ રૂબલ જેવડી મોટી રકમ મેળવી હતી. મોટી રકમો એના હાથમાં આવ્યા છતાં પોતા માટે એ કશું લેતો નહિ. આલ્બર્ટ લેડ્રેસ કહે છે કે 'લોહીના કરતાં એ પૈસાની બીક એને વધારે હતી.' એ દિવસોથી જ પિલસુદ્સ્કીના મિત્રો એના તરફ બહુમાનથી જોતા થયા. ડાસઝીન્સ્કીએ કહ્યું છે, 'એના સ્વભાવની બે વિશિષ્ટતાઓથી એ અમને પ્રિય હતો: એનો વિનય અને એની સ્વાર્થરહિત તટસ્થદૃષ્ટિ.'

યુરોપનું રાજકારણ ધીમેથી પરંતુ ચોક્કસ રીતે મહાયુદ્ધ તરફ ઘસડાતું હતું. પિલસુદ્સ્કી માનતો હતો કે યુરોપના રાજકારણમાં પોલૅંડને ભાગ લેવો હોય તો પોતાનું લશ્કર હોવું જોઇએ. એ માટે ૧૯૦૮માં લેમ્બર્ગની બોયોવકાની શાખાએ એના સાથીદાર સોસ્કોવસ્કીની દેખરેખ હેઠળ મંડળના સભ્યોને લશ્કરી શિક્ષણ આપવા માંડ્યું. સંસ્થાના મકાનના પાછલા ભાગમાં બાર પંદર માણસોની લશ્કરની કવાયતથી 'યુનિયન ઑફ રાયફલમેનની' શરૂઆત થઇ. મહાયુદ્ધમાં ભાગ લીધો એ પોલીશ લિજીઅન, અને ભવિષ્યના પોલીશ રિપબ્લીકની સીમાઓના રક્ષક સૈન્યની આવી





ડાબા બાજુ: બેલ્વેડાઅરથી યુદ્ધકચેરીમા જતાં સવારમાં પગે ચાલતો જતા માર્શલ પિલસુદ્સ્કી; જમણા તરફ: જનરલ રિડ્ઝ સ્માઇલી (પોલૅંડનો હાલનો માર્શલ) મહાયુદ્ધના વખતમાં માર્શલ પિલસુદ્સ્કી સાથે યુદ્ધચર્ચામાં

રીતે શરૂઆત થઇ. એ પછી પિલસુદ્સ્કીએ આ પ્રવૃત્તિને પોતાનું સર્વસ્વ આપ્યું છે.

પોલૅંડને વહેંચી લેનારાં રાજ્યોમાં ઑસ્ટ્રિયન સરકારે પોલૅંડવાસીઓની પ્રવૃત્તિઓ ઉપર બહુ ઓછો અંકુશ રાખ્યો હતો, એટલે પોલૅંડના છુટાપણાની અને સંસ્કાર સર્જનની અનેક પ્રવૃત્તિઓ એ બે ભાગમાં શરૂ થતી. મર્દાની રમતો અને અખાડાની પ્રવૃત્તિને વેગ મળે એ માટે ઑસ્ટ્રિયાની સરકારે (૧૯૧૦માં) કાયદા ઘડ્યા હતા. એવી સંસ્થાઓના જાહેર મેળાવડામાં ભાગ લઇ સંસ્થાની આ પ્રવૃત્તિઓને કાયદેસરની પ્રવૃત્તિઓમાં મુકાવી અને દર વીસ માણસે એક જૂની રાયફલ કવાયત માટે ઑસ્ટ્રિયન સરકાર પાસેથી મળે એવી ગોઠવણ થઇ. આ વર્ષોમાં પિલસુદ્સ્કીએ યુદ્ધવિદ્યાનો શાસ્ત્રીય અભ્યાસ કર્યો. નેપોલિયનનાં યુદ્ધ સંચાલન અને ઓગણીસમી સદીમાં ઊભાં થએલાં વોલંટિયર લશ્કરો વિષે એણે ઘણું સાહિત્ય વાંચ્યું.

ઈ. ૧૯૧૪ના ફેબ્રુઆરીમાં પૅરિસની જ્યોગ્રાફીકલ સોસાએટી સમક્ષ આપેલા ભાષણમાં ભવિષ્યની આગાહી સ્પષ્ટ શબ્દોમાં એણે કરેલી: ‘અમારૂં લશ્કર તૈયાર થતાં આખું જગત અમારા દેશના જીવંત પ્રશ્નો વિચારતું થશે. લડાઈની આખરે વિજેતા અને પરાજીત રાજ્યો નબળાં પડ્યા હશે એ વખતે અમારી તક આપશે. એ છેવટ માટે અમારે તૈયાર રહેવું જોઇએ. એમાં જ અમારી સલામતી છે.’

મહાયુદ્ધની શરૂઆતમાં પિલસુદ્સ્કીએ રશિયા વિરુદ્ધ ઑસ્ટ્રિઆ અને જર્મનીને સાથ આપ્યો. મધ્યસ્થ



જૉસેફ પિલસુદ્દસ્કી: બોલેસ્લોવ લેઝમિન્સ્કીએ આલેખેલા પોર્ટ્રેટ પરથી

રાજ્યો (Central Powers)ને મદદ કરવા કરતાં પોલૅંડની સ્વાધીનતા એનું ધ્યેય હતું; અને પોતાના દેશ વાસીઓને એ ધ્યેય સ્પષ્ટ કરવા માટે જ ઑસ્ટ્રિયન જનરલ સ્ટાફના હુકમ વિરુદ્ધ રશિયન પોલૅંડમાં તે દાખલ થયો.

૧૯૧૫માં રશિયા સામે પૂર્વની સરહદ પર મધ્યસ્થ સરકારે વિજય મેળવ્યો. રશિયનોએ વૉરસૉ છોડ્યું અને રશિયન પોલૅંડનો અર્ધો પ્રદેશ મધ્યસ્થ સરકારના હાથમાં આવ્યો. પોલૅંડની સ્વાધીનતા માટે કશી બાંહેધરી આપવામાં આવતી નહોતી. એમને તો મિત્ર રાજ્યો સામે લડવાને પોલૅંડમાંથી લશ્કર જોઇતું હતું. લશ્કરની ભરતી માટે યુદ્ધની શરૂઆતમાં ઊભી થએલી એન. કે. એન. સંસ્થાને ટેકો આપવાનું છોડીને સ્વતંત્ર પોલીશ લિજીઅન (Polish military organisation ટૂંકું નામ P. O. W.) ઊભી કરવાની મિત્રોને ખાનગી સૂચના એણે આપી અને પોતાના અધિકારનું રાજીનામું આપ્યું.

પોલૅંડના કારોબારી વહીવટ માટે ઑસ્ટ્રો–જર્મન સરકારે જૂલાઈ ૧૯૧૭ માં સ્થાપેલી સમિતિમા પિલસુદ્દસ્કી યુદ્ધમંત્રી હતો. પોલૅંડનો અવાજ સાંભળવાની એમને ઇચ્છા નહોતી. નવો કારોબાર શરૂ થતાં લશ્કરને ફરીથી વફાદારીના સોગંદ લેવાના હતા. એ વખતે લિજીઅનોને એ સોગંદ નહિ લેવાની સૂચના આપવામાં આવી.

લશ્કરી શિસ્તમાં વફાદારીના સોગંદ નહિ લેનારને બળવાખોર ગણવામાં આવે છે. લિજીઅનના ઘણા સૈનિકોને કેદ પકડવામાં આવ્યા. પિલસુદ્દસ્કી તથા સોસ્કોવસ્કીને કેદ પકડી જર્મની લઇ જવામાં આવ્યા; પિલસુદ્દસ્કીને માગડેબર્ગના કિલ્લામાં રાખવામાં આવ્યો.

અમેરિકા યુદ્ધમાં જોડાયું હતું. મધ્યસ્થ સરકારનો પરાજય થતો હતો. ૧૯૧૮ની ૯ મી નવેમ્બરે જર્મન અમલદારો એને બર્લિન લઇ ગયા. કૈસરે ગાદીત્યાગ કર્યો હતો. વૉરસૉમાં સ્થપાએલી કામચલાઉ સરકારે નવા સ્થપાએલા પ્રધાનમંડળમાં યુદ્ધમંત્રીની જગા એને માટે રાખી હતી. ૧૯૧૮ની ૧૧મી નવેમ્બરે પિલસુદ્દસ્કી વૉરસૉ આવ્યો એ વખતે દેશનો મોટો ભાગ જેના તરફ એક વખત શંકાશીલ દૃષ્ટિએ જોતો હતો એવા ઝીહાલ પક્ષનો નેતા એ નહોતો, પરંતુ યુરોપનાં ત્રણ મોટાં સામ્રાજ્યોના પતન પછીની અરાજકતામાંથી દેશનું ભાવિ સ્વાભાવિક રીતે જ જેને સોંપવાનું હતું એવો એક લોકમાન્ય અગ્રણી હતો. દેશમાં આંતરવિગ્રહ ક્યારે જાગે એ કહેવું મુશ્કેલ હતું. કાઉન્સીલ ઑફ રીજન્સી આ પરિસ્થિતિને પહોંચી વળે એમ નહોતું, એટલે દેશની કારોબારી અને મુલ્કી તમામ સત્તા એણે પિલસુદ્દસ્કીને આપી એને 'રાષ્ટ્રના પ્રથમ

નાગરિક' (Chief of State)ના પદે સ્થાપ્યો. એવી જ રીતે પોલૅંડવાસીઓએ ૧૭૯૪મા કોશિયુસ્કોને બધી સત્તા આપીને દેશની સ્વાધીનતાનો એક માત્ર રક્ષક ઠરાવ્યો હતો.

પિલસુદ્દસ્કીને સત્તા આપવામાં આવી ન હોત તો પોલૅંડની સ્વાધીનતા અને અસ્તિત્વ હોત કે કેમ એ શંકાભરેલું છે. એ વખતે પોલૅંડને નિર્ણીત સરહદ્દ હતી નહિ, કારોબારની નિયમિત વ્યવસ્થા નહોતી, રાજનું નાણાંખાતું નહોતું, લશ્કર નહોતું. પૂર્વ યુરોપની યુદ્ધભૂમિ એ હતું. આક્રમણ કરનારાં લસ્કરો ઘણી વખત પોલૅંડમાંથી પસાર થયાં હતાં. ગામડાં અને શહેરો, પૂલો, રેલવે, શાળાનાં અને જાહેર મકાનો, કારખાનાં બધું યે નવેસરથી ઊભું કરવાનું હતું. દેશભરનાં ખેતરો પડતર જમીન જેવાં થઇ ગયાં હતાં. અનાજ નહોતું. હજારો માણસો નિરાધાર હતાં. પહેલાંના વિભક્ત પોલૅંડમાં જુદાજુદા કાયદા હતા. દેશનું ચલણ (currency) એક નહોતું, અને એની યે કીમત ઘટી ગઇ હતી. પરંતુ કોઈ જાદુગરની જેમ એ બધું એકી સાથે થઇ શકે એમ નહોતું.

સૈનિકની અંતિમ ઇચ્છા

અમે સૈનિકોએ જનનીચરણે આ શરીરને
બલિદાને અર્પ્યું જીવનભર ઝૂમી સમરમાં.
અમીરો, ખેડુતો, જીવનધન અર્પી અહીં સુતા,
તમારી મ્હોલાતે—(અમર ઇતિહાસે કિરત જે)
—દટાઈ પોકારે—'પરવશ વહ્યાં ના નીર કદી
વહી વિસ્લા ઘેલી જનમભૂમિમાં પ્રાણ પૂરતી.'
વિદેશીઓ આવી ગરવી તુજ ગાથા ભૂલવવા
મથ્યા: અગ્નિઝાળે સતીસમ દીપે તું અપનવી
ધરી શોભા રાચે જગતભરમાં એક મૂરતી.

અને છેલ્લી મારી ઉરધબકને એક મનખો
હુંફાળા હૈયાને શિશુ સમયની હોંશ પૂરવા
તહીં દાટો મારા વતનમહીં એકાન્ત કબરે
સૂતેલી માતાના પદકમળની આરતી કરી
રમું કાલાન્તે યે ચરણરજ થૈ એ જ પદમાં.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

નોંધ

સોથી યે વધારે વર્ષોના પરચક્રમાંથી પોલૅંડને સ્વાધીનતા અપાવનાર માર્શલ પિલસુદ્દસ્કીનું ૧૯૩૫માં અવસાન થયું. એના દેશવાસીઓમાં એનું એટલું બધું માન હતું કે સ્વાભાવિક રીતે જ પોલૅંડની સંસ્કારિતાના કેન્દ્ર સમા પ્રાચીન રાજધાની જ ક્રેકોવના વાવેલના કિલ્લામાં વીર પૂર્વજોની સાથોસાથ દાટવાનું રાષ્ટ્રીય માન એને આપે. પોતાના મરણ સમયે એણે ઇચ્છા બતાવેલી કે રાષ્ટ્રીય અસ્મિતાને માટે એના શરીરને વાવેલમાં દાટવું હોય તો યે એનું હૃદય તો વિલ્નોમાં એની માતાના પગ આગળ જ દાટવું.

વિસ્લા (Vistula) ભારતની ગંગા જેવી પોલૅંડની ઇતિહાસવિખ્યાત નદી.

પિલસુદ્દસ્કીએ ૧૯૧૮ની ૧૧મી નવેમ્બરે સમાજવાદી પક્ષની બહુમતી માટેનું પ્રધાનમંડળ નીમી, પાર્લામેન્ટની ચૂંટણીના કાયદા ઘડવાનું કામ એને સોંપ્યું. નૂતન પોલૅંડની પાર્લામેન્ટમાં પ્રતિનિધિ મોકલવા માટે જાતીય ભેદ વિના સ્ત્રીપુરુષોને સમાન હક્ક મળ્યા.

૧૯૧૯ની ૧૦મી ફેબ્રુઆરીની પાર્લામેન્ટની પહેલી બેઠકમાં પિલસુદ્દસ્કીએ પોતાને સોંપાએલી બધી સત્તા પાછી સોંપી, પરંતુ પ્રજાસત્તાકનો નવો પ્રમુખ ચૂંટાય ત્યાં સુધી એ પદ સાચવવાનો એને આગ્રહ કરવામાં આવ્યો. નવા પ્રમુખની ચૂંટણી થાય એ પહેલાં રશિયા સાથે (૧૯૨૦મા) વિગ્રહ થયો અને નવા પ્રમુખની ૧૯૨૨માં ચૂંટણી થઈ ત્યાંસુધી બધી સત્તા તેના જ હાથમાં રહી.

એ પછીનાં વર્ષો નૂતન પોલૅંડના ઘડતરનાં વર્ષો છે. કેળવાએલા મધ્યમ વર્ગનો એ પ્રતિનિધિ હતો. જમીનની માલિકી બાબતમાં જમીનદારોને ભોગે ખેડૂતોને અનુકૂળ સુધારા એણે દાખલ કરાવ્યા હતા. શ્રમજીવીઓ તરફ રક્ષણની નીતિ એને પસંદ હતી. કારખાનાંના માલિકો તથા ધર્માચાર્યોનું હિત ધરાવતો 'નૅશનલ ડેમોક્રેટ' તથા 'ક્રિશ્ચિયન ડેમોક્રેટ' પક્ષ હમેશાં એનો વિરોધ કરતો. સ્વાધીન સત્તાના નાગરિકો એકતાનો પાઠ શીખ્યા નહોતા. પક્ષાપક્ષી એટલી હદ સુધી ગઇ હતી કે પ્રજાસત્તાકના નવા ચૂંટાએલા પ્રમુખ નારૂટોવીકસનું ૧૯૨૨માં ખૂન થયું. એ કરુણ ઘટનાએ લોકોની આંખો ખોલી, પરંતુ વર્ષોની પરાધીન-

તામાં શોષાઇ ગરીબ થએલા દેશને કડક શાસન અને સ્વાર્થત્યાગ તથા આપભોગની જરૂર હતી. આવી સ્થિતિને પહોંચી વળવા વાતાવરણ અનુકૂળ નહોતું. એટલે પિલસુદ્સ્કીએ ૧૯૨૩ના મેની ૨૮મીએ રાજીનામું આપ્યું અને એના સૈનિકોએ આપેલા એક નાના બંગલામાં વૉરસૉથી થોડે દૂર આવેલા સુલેયૉવેકમાં રહ્યો.

નિવૃત્તિનાં વર્ષોમાં દેશના રાજકારણીઓ સલાહ લેવા આવતા. દેશનું સુકાન એને જ સોંપવું જોઇએ એવું માનનારો વર્ગ પણ હતો. ૧૯૨૩–૨૫નાં વર્ષોમાં એક પછી એક ઘણાં પ્રધાનમંડળ સ્થપાયાં. ૧૯૨૬ની શરૂઆતમાં દેશના ચલણની કીમત અર્ધાથી યે વધુ ઓછી થઇ અને આંતરરાષ્ટ્રીય સંબંધમાં પોલૅંડની આંટ રહી નહિ. કારોબારમાં લાંચરૂશ્વત વધી પડ્યાં હતાં અને લશ્કર પણ નબળું થઇ જાય એવા અમલના ભણકારા આપતા હતા.

૧૧મી મે ૧૯૨૬ના દિવસે વૉરસૉની દિવાલો પર જાહેરનામાં ચોડી પિલસુદ્સ્કીને સત્તા આપવાની સૂચના થતી હતી. 'ઘણું જીવો પિલસુદ્સ્કી'ના અવાજો કરતાં લોકોનાં ટોળાં શહેરમાં ફરતાં હતાં. એ રાત્રે પિલસુદ્સ્કીના વફાદાર સૈનિકો એને આવીને મળ્યા. ૧૨ મી મેએ પિલસુદ્સ્કી વૉરસૉમાં દાખલ થયો. પ્રમુખ વોઇશેહોફસ્કીને નવું પ્રધાનમંડળ રચવાની એણે સૂચના કરી પરંતુ એની અવગણના થતાં લશ્કરના બળે પોતાના હાથમાં (૧૫ મે ૧૯૨૬) સત્તા લીધી. પાર્લામેન્ટે ફરીથી એને જ બહુમતીથી પ્રમુખ ચૂંટ્યો, પરંતુ પ્રમુખપદ એણે લીધું નહિ એટલે વિજ્ઞાનના ક્ષેત્રમાં સુપ્રસિદ્ધ એના મિત્ર મોસીસ્કીને પ્રમુખ ચૂંટવામાં આવ્યો. નવા પ્રધાનમંડળમાં પિલસુદ્સ્કી વડો પ્રધાન અને યુદ્ધમંત્રી હતો. નવા કાયદા અને નવી યોજનાઓનો સૂત્રધાર તો પિલસુદ્સ્કી જ હતો.

રશિયા અને જર્મની સાથે આક્રમણ નહિ કરવાના દસ વર્ષના કરારોથી દેશને બહારથી સુરક્ષિત કરી ખેતી, ઉદ્યોગ અને કારખાનાંઓને ઉત્તેજન મળે એવા પ્રયત્નો કરી દેશની સર્વદેશીય ખીલવણીનો માર્ગ એણે ખુલ્લો કર્યો. સરમુખત્યાર થવાના અનુકૂળ પ્રસંગો છતાં હિટલર અને મુસૉલિનીની જેમ એણે લોકશાસન અભડાવ્યું નથી. એના વિષે એક ઇતિહાસકારે લખ્યું છે, 'પિલસુદ્સ્કીનો ફાળો મોટા વિસ્તારનો નથી પરંતુ ચિરંજીવ છે. એણે એક રાષ્ટ્રનું સર્જન કર્યું. મહાયુદ્ધમાં વિજયી થએલા લોકશાસનના આદર્શમાં એ શ્રદ્ધામાન હતો ક્રૉમવેલની જેમ એને સત્તાનો શોખ હતો, પરંતુ લાંબા વખત માટે સરમુખત્યાર થવામાં એને સંતોષ નહોતો. લોકશાસનવાળા પોલૅંડની એણે કાળજીપૂર્વકની પરિચર્યા અને સુશ્રૂષા કરી છે.

બીજા એકે કહ્યું છે, 'પિલસુદ્સ્કી એના દેશનો શિક્ષક હતો. દેશની સ્વાધીનતાનાં સ્વપ્નાં એણે રચ્યાં અને પોતાના દેશને સ્વાધીન થએલો એણે જોયો એના જીવનમાં એનો પરાઙમુખ થઇ વિચારવાના પ્રસંગો આવ્યા છે. અને તેથી જ આત્મવિશ્વાસ એ જાણે છે. એની છબીમાં હૃદયની વ્યથા છતાં બહારની શાંતિ એના મોં ઉપર દેખાઇ આવે છે. એણે એના દેશનો નવો અવતાર જોયો છે. એના દેશે જીવતાં શીખવાનું છે અને એ તરફ એ ધ્યાન આપી રહ્યો છે.'


પિલસુદ્સ્કીની પ્રેરણાથી ઘડાએલા નવા બંધારણમાં લોકશાસનના પ્રમુખમાં કેંદ્રિત થતી સત્તાનું સ્વરૂપ ઘડેલું છે. ૧૯૩૫ની ૨૩મી એપ્રિલે પિલસુદ્સ્કીની લિજીઅનોનાં રણગીતો ગાતાંગાતાં ભારે ઉત્સાહ અને આનંદમાં પાર્લામેન્ટે એ બંધારણ પસાર કર્યું એ બંધારણના પહેલા પ્રસ્તાવની બીજી કલમ રાષ્ટ્રની ઐતિહાસિક એકતાની સૂચક છે:

'પ્રજાના ઉત્તમોત્તમ પુત્રોના યત્ન અને કુરબાનીથી પુનર્જીવિત થએલું આ રાષ્ટ્ર ઐતિહાસિક વારસારૂપે પેઢી દર પેઢી સોંપવાનું છે.'


થોડા દિવસો પછી ૧૯૩૫ના ૧૨મી મેને રવિવારે એનું અવસાન થયું. પ્રાચીન રાજધાનીના શહેરમાં આવેલા વાવેલના કિલ્લામાં વીર પૂર્વજોની સાથે દટાવાનું બહુમાન પ્રજાએ એને આપ્યું, પરંતુ એની છેવટની ઇચ્છા પ્રમાણે એના માતૃવત્સલ હૃદયને વિલ્નોમાં એની માતાના પગ આગળ દાટવામાં આવ્યું.

ગુલામીના વર્ષોમાં સ્વાધીનતાનો અગ્નિ જ્વલંત રાખનાર પોલૅંડના માતૃત્વને આથી વધારે સુભગ અંજલિ કયો પુત્ર આપે એમ હતું ? **હરિશ્ચન્દ્ર ભટ્ટ**

(તાજેતરમાં બહાર પડનાર પુસ્તક પરથી તારવીને)




દાતણની ચીરીઓ વીણનારી (સમાજના નીચલા થરનાં માનવીઓની ચિત્રમાળા—નં. ૫) આલેખક બંસીલાલ : ગૂજરાત કલાસંઘ



ડભોઇનું તળાવ

ફોટો • સૈયદ-પાલણપુર

વનવગડાનાં વાસી



'છાણના કીડા'
ડંગ બીટલ્સ

'સલામ સા'બ. તમે આ કયા કરતા હે?'

'સલામ. અમે ભેંસકા છાણ ફેંદતા હે.'

મારો જવાબ સાંભળી એ આભો જ બની ગયો. ન તો આગળ પૂછવાની એની હિંમત ચાલી કે ન એ વધુ જોવા ઊભો રહ્યો. ઊંધું માથું ઘાલીને પડ્યો રસ્તે. છતાં આમ પૂછવામાં એની અણઘટતી ઉત્કંઠાનો વાંક ન હતો. તેમ મારા ઉત્તરમાં પણ અયથાર્થના કે ઉપાલંભ ન હતો. ભર ઊનાળે, ચોરને કાંધ મારે એવે વખતે ધીખતી ધરતી પર પલાંઠો મારી, મારા જેવા મોભાદાર (?) માણસને નીરાંતે જીવે છાણના પોદળા ફીંદતો જોઈ કોઈને પણ કુતૂહલ થાય. તેમાં યે આ પૂછનાર તો—અવારનવાર ચંડોળા પર ફરવા જાઉં એટલે—પ્રાણિનિરીક્ષણના મારા શૉખથી કંઈક પરિચિત હતો. છતાં મારી જિજ્ઞાસા આમ 'છાણ ફીંદવા' સુધીની હલકી પાયરીએ ઊતરી પડશે એની તો એ બિચારાને કલ્પના જ ક્યાંથી આવે?

શહેરના સહવાસથી તો ગામડાંનાં વતની પણ છાણાં થાપવાં ભૂલ્યાં. છતાં હું શહેરમાં રહેનારો, પ્રતિષ્ઠિત મનાતો પુરુષ આવું ઘૃણોત્પાદક કાર્ય કરવા પ્રેરાયો! હદ થઈને? પણ ચાલો. અમારી અકારણ મિત્રતામાં શિથિલતા લાવનાર એ છાણ ફીંદવાનો મારો વ્યવસાય તમને નજરોનજર દેખાડું. એની સારાસારતાનો તોડ તમે જ કાઢો.

અનેક સ્થળે રખડું છું, પણ આ વિષયમાં મારા અવલોકનની પ્રધાન પ્રયોગશાળા તો ચંડોળા તળાવનો વિશાળ વિસ્તાર છે. ઊનાળો આવે અને શાહઆલમનું તથા ખજૂરીવાળું તળાવ સૂકાઈ જાય, ચંડોળાનું ગૌરવ પણ એનાં અરધાં સુકાએલાં પાણીથી ખંડિત થયું હોય, ત્યારે એની હરિયાળી ભોંય પર ભેંસનાં ધણ પર ધણ ચરવા ઊતરી પડે. છાણના એટલા તો પોદળા પડે કે પગ મૂકવાનો મારગ પણ ભાગ્યે જ મળે. એવે વખતે છાણની ગંધથી આકર્ષાઈ આવેલાં, એનાં સ્વાદલોભી વિવિધરંગી જીવડાંથી આખો વિસ્તાર ઊભરાઈ જાય. એ જીવડાં તે 'ડંગ બીટલ્સ,' ગોમયકીટ, છાણ ખાઈ જીવનારા[૧] (મામાની ગાય, ગોકળ ગાય, આગીઆ વગેરેના વર્ગ[૨]ના) ક્ષુદ્ર જંતુ. પ્રકૃતિના સબળ ભંગીગણ.

---

૧ Dung–Beetles. ૨ Coleoptera

આ પોદળો પડયો. જુઓ, હું એને હલાવું છું. અંદરથી નાની બદામ જેવડાં શ્યામરંગી અનેક નાનાં જીવડાં બહાર આવે છે. અહીં થોડીવાર બેસીએ.

આ 'બીટલ' જુઓ. છાણમાં મોં ઘાલીને, શોધી-શોધીને એ સરસ ખાદ્યભાગ જુદો કાઢે છે. સૂપડા જેવાં વિચિત્ર જડબાંની અને પાવડા જેવા દઢ પગની મદદથી એ છાણની લાડુ જેવી ગોળી બનાવે છે.

ગોળી તો બની, પણ એના ભણી તો એણે પીઠ ફેરવી. ન ગમી કે શું? ના ના; એણે તો ગોળી પર પાછલા લાંબા પગ ગોઠવ્યા. અરે, એ તો એને ધકેલવા માંડયો. પાછે પગે ચાલતો જાય અને ગોળીને આગળ ને આગળ ગબડાવતો જાય. પણ જશે કયાં? એના દરમાં સ્તો.

એની નાતનાં બીટલ બધાં યે છાણની આવી ગોળીઓ બનાવે. કોઇ નાની, કોઇ મોટી. કોઈની તો એમના દેહથી યે બમણી ભારે. બધાંનો એક જ ઉદ્દેશ: હાથમાં આવેલું છાણ વેડફાઇ જવા ન દેતાં એમાંથી બને તેટલા 'લાડુ' બનાવી, એનાથી દરની વખારો ભરી દેવી. પછી હેઠે હૈયે અકરાંતિયાપણે એ લાડુ પર હાથ મારવો. અજબ કહેવાય! હું બેઠો છું છતા એ ગભરાતો નથી. છાણમાંથી લાડુ વાળી એને દરમાં પહોંચાડવા સારૂ રગડાવવાની ક્રિયામાં જ એનું અશેષ ચિત્ત પરોવાએલું છે.

જરા ગમ્મત કરીએ. ખીસામાંથી ચપ્પુ કાઢી હું એ ગોળીની બે ફડશો કરૂં છું. ભારે થઇ. બીટલનો જીવ હાથમા નથી રહેતો. અદ્ધર જીવે, પાછલા પગે એક અને આગલા પગે બીજું એમ બંને અડધિયાં ભેગાં કરી સાધવા એ ખેંચતાણ કરે છે. એની વહારે બીજો આવ્યો. બંનેના ભેગા પરિબળથી લાડુ સંધાયો તો ખરો.

હવે જુઓ. હું એ લાડુ આખો ઉપાડી લઉં છું. અરરર! આ તો નૃશંસવૃત્તિ! બિચારા અસહાય જંતુ પર આવડો જુલમ! કેટલો ગભરાટ! શી મૂંઝવણ! અહીંતહીં, પણે બધે એ શોધતો ફરે છે; છાણના પોદળામાં પણ ઉથલપાથલ કરી મૂકે છે; તો યે એનો ખોવાએલો લાડુ જડતો નથી. ભારે આપદા. ગંગોળી શોધવામાં એટલો તો મશગૂલ છે કે છાતી આગળ પડેલા છાણમાંથી નવો લાડુ બનાવી લેવાનું પણ એને સૂઝતું નથી. દયાનો પ્રેરાયો હું એનો લાડુ પાછો આપું છું. ખુશખુશાલ!

પણ મારી કુતૂહલવૃત્તિ હજુ સંતુષ્ટ નથી થઇ; એટલે એના માર્ગની વચ્ચે મોટું રોડું જમાવી દઉં છું. લાડુની પુનઃપ્રાપ્તિથી આનંદઘેલો એ દડબડ દડબડ લાડુ દોડાવતો ત્યાં આવી પહોંચે છે. વચ્ચે ભયાનક 'ડુંગર' જોવા છતાં એને સંક્ષોભ નથી થતો. પ્રથમ તો 'પહાડ' પર થઇને લાડુ ચડાવી લઇ જવાનો પ્રયત્ન કરી જોયો, પણ નકામો. એટલે લાડુ હેઠો મૂકી એણે રોડાની પ્રદક્ષિણા કરવા માંડી. ચારે તરફ ભમી રહ્યા પછી એને ખબર પડે છે કે આ રોડાને ફરતો ચકરાવો લીધા વિના છુટકો નથી. આ નિશ્ચય થયો કે બસ. તરત દડો રેડવતો એ આ પહાડની પડકમ્મા કરી પાછો આગળ વધે છે.

હજુ એક વખત એની સત્ત્વપરીક્ષા કરી જોઇએ. હું એને ઉપાડું છું. લાડુ છીનવી નથી લેતો, પણ લાડુ સહિત જ એને, એ જતો હતો તેથી ઉલટી દિશામાં મોં કરી મૂકું છું. પરિમિત દષ્ટિવાળો એ આડે રસ્તે ચડી જશે? ના. એની સ્થૂલ દષ્ટિ ભલે સંકુચિત હોય, પણ એની આંતરદષ્ટિ અતિ વિશાળ છે. જોતજોતાંમાં એ પાછો ફરે છે. એની આંખો જોઇ શકતી નથી, છતાં એની ગૂઢ જ્ઞાનદષ્ટિથી ક્ષણમાં નિશ્ચય કરી ભૂલેલો પંથ તજીને અસલને પંથે ચડી જાય છે!

ભાંગેલો દડો સાંધવાનું, દડો શોધવા રખડવાનું, આડે આવતા નડતરની પાર જવાનું, ભૂલેલી દિશાએ ફરી ચડવાનું એને આવડે છે. આ બધી ક્રિયાઓમાં દરમાં લાડુ પહોંચતો કરવાની એની એકાન્તિક 'ધૂન' સ્પષ્ટ દેખાય છે. છતાં નવાઇની વાત તો એ છે કે લાડુ ખોવાય અને છાતી પર છાણ પડયું હોય છતાં 'નવો' લાડુ બનાવી લેવાનું એને સૂઝતું નથી ' ગએલું એ શોધી શકે છે, ભાંગેલું સાંધી શકે છે, અનુકૂળ અને પ્રતિકૂળ એ પારખી શકે છે, પણ 'શોધવાની' ધૂનમાં એ નવો લાડુ 'વાળી' શકતો નથી! અજબ છેને? એનામાં સ્વયંભૂવૃત્તિ[3] છે: વિવેકદષ્ટિ[4] નથી દેખાતી.

આ બીજો પોદળો જોઇએ. ઊંડેઊંડે તપાસતાં પણ

૩ Instinct
૪ Intelligence

એમાંથી 'લાડુ' બનાવનાર કોઇ 'બીટલ' નજરે નથી પડતો. કારણ? પેલામાં અનેક અને એની અડોઅડ પડેલા આમાં એક પણ નહિ? આ છાણ તાજું નરમ છે: પેલું જરા કહણ પણ સુંવાળું છે. નરમ છાણનો લાડુ વળે નહિ; જેમતેમ વાળે તો રેડવતાં ફાવે નહિ. એથી જ એને કહણ ઘટ્ટ છાણ ગમે છે. એટલે એને આ નરમ, આ કહણ; આ સુંવાળું, આ કઠોર; આ ઘટ્ટ, આ બરડ; આ ઢંકાએલું, આ ખુલ્લું એવા ભેદ પારખવાની પણ નૈસર્ગિક શકિત મળી છે. આને આવડત કહો, અભ્યાસ કહો, આનુવંશિક સાહજિક વૃત્તિ કહો કે બુદ્ધિ કહો; પણ એના પ્રત્યેક આચરણમાં નિયમિતતા, અનુક્રમ અને સપ્રાણતા સ્પષ્ટ દેખાય છે. એની પ્રત્યેક ક્રિયા ચેતનવંતી છે. લાડુ રેડવતાં એને જ્યારે પ્રત્યવાય નડે છે ત્યારે એ શાંતિથી સૂક્ષ્મ નજરે, ખૂબ શ્રમપૂર્વક એની વિટંબણા તપાસે છે, એની પરીક્ષા કરે છે અને એનો તોડ કાઢવાનો પ્રયત્ન કરવામાં સફળતા મેળવે છે.


સામાન્ય રીતે લાડુ વાળવાનું કાર્ય માદાનું છે, છતાં એને રેડવવામાં નર પણ સામેલ હોય છે. કદી કદી એકાદ ટીખળખોર મદદને બહાને આવીને કામે લાગે છે અને લાગ મળે કે લાડુ લઇને રવાના થઇ જાય છે અને પેલો આદિ પુરુષાર્થી રઝળતો રહી જાય છે. કદીક બે જણ એક લાડુ માટે લડતા હોય ત્યાં ત્રીજો કોઇ વચ્ચેથી તફડંચી કરી જાય પણ ખરો. એનું ચાલે ત્યાં સુધી તો એ વણઉપદ્રવે શાંતિથી એનો લાડુ લઇ જાય છે, પણ જરૂર પડે તો સામી છાતીએ લડવાને પણ તૈયાર જ હોય છે.

આ જીવડું છે પણ ભારે નીડર. એક જ દૃષ્ટાન્ત આપું. એક વખત ઊનાળામાં કાળુપુર સ્ટેશનમાં થઇને હું અસારવા તરફ જતો હતો. રેલના પાટેપાટે ચાલતાં આગળ શંટિંગ યાર્ડ આવે છે. ત્યાં લાઇનની અડોઅડ અરધું કાચું પાકું હાથભરનું અડાયું છાણું પડ્યું હતું. એમાંથી કુશળતાપૂર્વક બનાવેલો લાડવો ધકેલતાં લઇ જતાં બે બીટલ મારા જોવામાં આવ્યાં. એમનું દર બરાબર લોઢાની રેલની નીચે. એમના નસીબે આ સ્થળે મેટલ ન હતો, એટલે દર ખોદતાં તો એમને મહેનત ન પડેલી; પણ માથા પર ભાગ્યે જ વેંત ઊંચે આખો દિવસ અને રાત આવતાંજતાં ભારે એન્જિનો અને ડબાનો અવિરત ગડગડાટ ચાલુ રહેતો. છતાં આ ચપળ અને શ્રમજીવી જંતુઓની સ્થિરવૃત્તિનો ન એથી ઉચ્છેદ થતો કે ન એમની કાર્યપરાયણતામાં વિક્ષેપ આવતો. ત્યાર પછી તો જતાં આવતાં, રેલના પાટા પાસે એનાને એમના આહારોત્પાદનના ઉદ્યોગને અવલોકવાનો મારો નિયમ જ થઇ પડ્યો છે, પણ બાહ્ય ઉપદ્રવોથી ક્ષુબ્ધ થતાં અને ક્રિયાભંગ કરતાં મેં એમને કદી જોયાં નથી.

પણ આ બધી ધમાલ શા માટે? છાણ એમ ને એમ નથી ખવાતું કે આ લાડુ વાળવાની ખટપટ વહોરી લીધી? કેટલાક તદ્વિદોએ આ સમસ્યાનો ઉકેલ એવી રીતે કાઢ્યો છે કે લાડુ બનાવવાની ફરજ માદાની છે તે સકારણ છે. દરેક લાડુની વચ્ચોવચ માદા એકેક ઇંડું મૂકી દે છે. એટલે જેવો ઈંડામાંથી કીડો નીકળ્યો કે ભોજન છાતી ઉપર જ હોય! પણ અસંખ્ય લાડુ ભાંગી નીરખતાં દરેકમાં ઇંડું જોવામાં આવતું નથી. માત્ર દરમાં ખડકેલા લાડુની વચ્ચે નજરે પડતા એક ખાસ બનાવટના મોટા લાડુમાં જ એનાં ઇંડાં જોવામાં આવે છે. ખરી વાત તો એ છે કે આ જંતુના મોંની રચના જ એવી છે કે એનાથી કશું પકડી શકાતું નથી. એટલે છાણ સુકાઇને વેડફાય ત્યાર પહેલાં એનો ભંડાર ભરી લેવા લાડુ બનાવી લીધા વિના બીજો એક પણ આરો નથી.

આ તો સુકાતા છાણની વાત થઇ. પણ લીલા છાણનું શું? એના લાડુ તો વળે નહિ. ત્યારે એ સુકાય ત્યાં સુધી બેસી રહેવાનું? ના. એનો પણ તોડ કુદરતે કાઢ્યો છે. જેવા આ સુકાતા છાણને ખાનારા બીટલ છે, તેવી રીતે લીલા છાણને વગે પાડનાર બીટલનો પણ અન્ય વર્ગ છે. લીલા લચપચતા છાણમાં તો એ મોજથી મહાલે છે. એમને લાડવા બનાવવાની ખટપટ જ ગમતી નથી. જેવો તાજા નરમ છાણનો પોદળો હાથ લાગ્યો કે મારે ડૂબકી. છાણમાં થઈ એને તળિયે પહોંચી જાય અને બરોબર પોદળાની નીચે જમીનમાં ઘર કરી, લીલા છાણની વખારો ભરી નાખે. ખાતાં ખાતાં છાણ ખૂટ્યું કે તરત ઉપર ચડી આવતાં અને છાણ ખેંચી લાવતાં વાર કેટલી? પ્રકૃતિનો કેટલો અદ્‌ભુત શ્રમવિભાગ?

છાણના આવા નીકાલનો પરમ લાભ ખેડૂતને



પાછલા પગે એક અને આગલા પગે બીજું એમ બંને અડાધયાં ભેગાં કરી સાંધવા એ ખેંચતાણ કરે છે

મળે છે. વણખેડ્યે ખેતરની માટીમાં છાણના ખાતરને એકરસ કરી નાખનાર આ અવૈતનિક મદદગારનો કેટલો બધો ઉપકાર માનવો! ખાતરનું ખાતર કરે અને વાતાવરણ નિર્ગંધ શુદ્ધ રાખે તે નફામાં.

આવા પરમોપકારક જંતુઓની અપૂર્વ જીવન-પ્રણાલિકા અવલોકવા મારા જેવો કોઇ અદનો અભ્યાસક છાણ ફીંદવાની ધૃષ્ટતા કરે તો તમે એનો ઉપાલંભ તો હવે નહિ જ કરો.

આ છાણ ખાનારાં બીટલનો વર્ગ Scarabaenae નામે ઓળખાય છે.* એમની શરીરરચના એમના વ્યવસાયને પૂરેપૂરી અનુકૂળ છે.

પગ: પાછલા ખૂબ લાંબા, છાણની ગોળીઓ પકડી રેડવવાને અનુકૂળ. આગળના પગ પર કોદાળી કે તીકમ જેવા ખૂંપા: જેની મદદથી એ દર ખોદી શકે છે.

માથું: ચપટું, સપાટ, આગળના ભાગમાં દાંતાવાળું; એની નીચે મોના અવયવો બધા ઢંકાઇ જાય એટલું વિશાળ. ખોદતી વખતે માટી ઉછાળવા પાવડાની ગરજ સારે છે. છાણના લાડવા વાળવામાં પણ આ માથું જ મદદ કરે છે.

પાંખો: આગળની (બીટલના વંશની ખાસિયત પ્રમાણે) જડ—નિરુપયોગી. એની નીચે સુરક્ષિત ઢંકાએલી પાછલી બે મુલાયમ પાંખોથી એ ઊડી શકે છે.

રંગ: સામાન્ય રીતે કાળો. કોઇ કોઇ ચળકતા રંગનાં. કેટલાંકના શરીર પર ઘેરાં કાળાં ટપકાં પણ હોય છે.

શિયાળો આવે અને એમની પ્રવૃત્તિમાં રંગ જામે. ફાગણથી જેઠના વચલા ગાળામાં તો એમને ઊંઘવાની ફુરસદ પણ નથી હોતી એટલો વ્યવસાય એ કરતાં હોય છે.

ભારતવર્ષમાં પ્રત્યેક સ્થળે આ જંતુઓ વસે છે. ઉષ્ણતાપ્રધાન આપણા દેશમાં એમની ઉપયોગિતા અનિવાર્ય છે. આપણે અગુણજ્ઞ છીએ એટલે એમની મહત્તા નથી જાણતા. મારા જેવો કોઇ એમના જીવનનો પરિચય કરવાનો અવિનય કરે તો કદાચ ઉપહાસને પાત્ર પણ થાય છે. પણ દુનિયામાં બધે કંઈ થોડું જ અંધારું છે? પ્રાચીન મીસરવાસીઓને મન આ ગોમયપ્રિય જંતુઓની મહત્તા તો અપૂર્વ હતી. એના પગ અને મો પરના દાંતાઓથી રચાતા અર્ધચક્રમાં એ પ્રજાને સહસ્રરશ્મિયુક્ત ભગવાન સૂર્યનારાયણ પ્રતિબિમ્બિત થતા દેખાતા. એ અર્ધચક્રમાંથી ચંદ્ર સૂર્ય સહિત અશેષ ગ્રહો અને નક્ષત્રોની ગતિસ્થિતિનું જ્ઞાન એ મેળવતા. મીસરવાસીઓના આવા ભક્તિભાવે આ જંતુની પવિત્રતા ખૂબ વધારી દીધી. 'શાશ્વત જીવન'નો સ્થૂલ અવતાર એ જંતુ મનાવા લાગ્યો. એની સોનારૂપાની ને હીરાની અનેકવિધ પ્રતિમાઓ ઘડાવા લાગી.* એમના કૈવલ્યધામનો એ વાસી, 'sacred scarab' બન્યો.

હે મહાન જંતો! અમારી પાસે મીસરવાસીઓના જેવો ભક્તિભાવ તો નથી, પણ તારી અનિવાર્ય ઉપયોગિતા સ્વીકારવા જેટલી ગુણજ્ઞતા તો અમારામાં છે જ. અમારા તને અનેકવાર નમસ્કાર!

પનેચર

* આપણે ત્યાં ખૂબ વ્યાપકપણે પ્રત્યેક સ્થળે નજરે પડતા, લીલું છાણ ખાનાર બીટલનું નામ onthophagus capell અને લાડવા વાળનાર બીટલનું નામ gymnopleurus miliaris છે. બીજો એક વર્ગ necrophori બીટલોનો છે. એમનું પ્રધાન કર્તવ્ય મૃત જંતુ, પ્રાણીઓ વગેરેના કહોવાતા દેહનો નિકાલ કરવાનું છે. જ્યાંત્યાંથી મુડદાં શોધી લાવી, કુદરતના આ 'ઘોરખોદુઓ' એને ભોંયમાં ભંડારી દે છે. એથી એમને આહાર મળે અને વાતાવરણ અશુદ્ધ થતું પણ બચે. કેવી સેવાવૃત્તિ!

* પુરાતન મિસરનાં ખોદકામમાંથી નીકળેલાં 'મમી' જોડે આવી પ્રતિમાઓ મૂકેલી મળી આવે છે.

મારી સફર

જોશભર્યા કૌમારે પ્રેરેલી એક સંકટભરપૂર સફરનું બયાન

અનેકવિધ સંકટોથી ભરપૂર મારી ભટકતી જિંદગીનું બયાન શરૂ કરતાં પહેલાં, એનાં સંસ્મરણોમાં હમેશાં સૌ પ્રથમ નજરે તરી આવતું એક સ્મરણ-ચિત્ર આલેખું.

એ દૃશ્ય હજી યે ભૂલ્યું ભુલાતું નથી. ચિતારો હોત તો એ વૃદ્ધ નરકંકાલ પીંછીમાં સમાવી દેત.

હિમાલયનાં વિસ્તૃત ગિરિશિખરોની ચડઊતરથી થાકી ગયો હતો. આલમોડા શહેર છોડ્યે બે દિવસ જ થયા હતા; પણ હિમાળાનો વિકટ માર્ગ અજાણ્યો હોવાથી અણધારી અડચણો ઉપસ્થિત થવા લાગી. કોઇ સાથી નહિ; પૂરતાં સાધન નહિ. માર્ગ અજાણ્યો. મેં તો કલ્પેલું, એક ગામ આવશે, બીજું આવશે; તેમ નહિ તો પહાડી કે ભોટિયા લોકોના કાફલા તો અવશ્ય ભેટશે. તેમને પૃચ્છીશ ને ચાલ્યો જઇશ. નેપાળ જઇશ, ત્યાંથી તિબેટ, ત્યાંથી ચીન થઇને રૂસ, એમ સફરનો નકશો બનાવેલો. એ કલ્પનાને અનુભવના પાયા ઉપર ચણાએલા થંભનો ટેકો નહોતો. ઉત્સાહના જોશને વાસ્તવિકતાનો ધક્કો નહોતો. જીવન-પ્રવાહને એક પલમાત્રમાં સંયોગ અને પરિસ્થિતિની ફૂંક ઊલટ-પાલટ કરી નાખે છે, એવું વ્યવહારજ્ઞાન નહોતું. એક જ ધૂન હતીઃ કુદરતને ખોળે રમવાની.

અનુભવ, વ્યવહારજ્ઞાન અને પરિસ્થિતિને સમજવાની શક્તિ પ્રાપ્ત કર્યા પછી એની છાયામાં વીતાવેલા ભૂતકાળે દુઃખભર્યાં સ્મરણો જ મૂક્યાં છે. છતાં કોમળ ધૂનમાં કુદરતને ખોળે રમતાં સહેલાં વિકટ સંકટોનાં સ્મરણોમાંથી આજે હું વિરલ આનંદ મેળવું છું.

કહેવું છે આટલું જ, કે એ વખતના કૌમારના જોશ સાથે અનુભવ, વ્યાવહારિકતા અને વિવેકદૃષ્ટિ હોત તો દિલની મુરાદ બર આવી હોત.

ત્રીજા દિવસનું પ્રભાત આવી ઊતર્યું. આંખ ખુલી તો ઝાડની ઘટામાંથી ચળાઇને આવતો કોમળ પ્રકાશ કેસર વેરી રહ્યો હતો. પડખું ફર્યો તો પાંસળાંમાં કારમું દરદ થયું. પાછલા પહોરની ઠંડીએ ઠીકઠીક સતાવ્યો હતો. હિમાલયની એ શીતળ હવાનું શું કહેવું? લપડાક મારીને કોઈ મોંમાં સાકર મૂકી દે એવી એ મીઠી લાગતી. સપાટ પત્થર જોઇને સૂતેલો. મોડી રાત સુધી અનેક તર્કવિતર્ક કરતો રહેલો. ઊંઘે દબાવ્યો ત્યારે જ જંપ્યો. એક જ ઊંઘે સવાર પડી ગયું. પણ પાંસળીઓમાં દરદ પેસી ગયું.

કામળો વગેરે મૃગચર્મમાં વીંટીને પત્થરની આડમાં મૂકી દીધાં. ક્યાંક પાણી મળે તો દાતણપાણી કરીને પછી જ આગળ ચાલું એમ વિચારી પાણીની શોધમાં નીકળ્યો. હિમાલયના પ્રદેશમાં ઘણી જગ્યા એવી પણ આવે છે, જ્યાં બબ્બે ગાઉમાં ટીપું યે પાણી ન મળે. એક કલાક રખડ્યા પછી ઝરણ મળ્યું. ટાઢું હીમ જેવું પાણી. દિશાએ જઇ આવી મોં સાફ કરીને પાછો પેલા પત્થર પાસે ગયો.

માર્ગ વિકટ હતો. આગળ જવામાં મુશ્કેલી પડતી હતી. નજીકમાં ગામ કે કોઇનું ધામ હોય તો એક દિવસ રોકાઇને માહિતી મેળવી લેવા વિચાર્યું. પણ ગામધામનું યે પૂછવું કોને? બપોર સુધી એમ જ બેસી રહ્યો. પાંચેક શેર પાઉં પાસે હતા. સુકાઇને લાકડા જેવા થઇ ગએલા. પાણીમાં પલાળીને ખાધા. આજ મને વધારે સ્પષ્ટ સમજાયું કે સ્વાદ મિષ્ટાન્નમાં નથી, ભૂખમાં છે.

મૃગચર્મ ખભે ભેરવીને ચાલી નીકળ્યો. દૂરદૂર ધૂમવરણી બરફથી ઢંકાએલી અણીશુદ્ધ ગિરિમાળા સૂર્યનાં કિરણો પી જઇને રૂપેરી બની ગઇ હતી. આ તરફ ગર્ભમાં હરિત વનરાજિથી આચ્છાદિત પર્વતરાજિ આંખોને ઠારતી હતી. એ સુંદર દૃશ્ય જોતો-જોતો ચાલ્યો. એ સૌંદર્યપાને શરીરનું દરદ ભુલાવી દીધું.

ઢળતે પહોરે ત્રણ પુરુષોને એક ખીણમાં જોયા. પ્રથમ તો વાતોનો અવાજ સંભળાયો. મારો માર્ગ ઊંચી ટેકરી ઉપર હતો. કિનારે જઇને જોયું તો રાહગીર. બૂમ મારી. ત્રણેય ઊભા રહ્યા. ધીમેથી હું ટેકરીના પેટાળમાં ગયો.

'કેમ ભાઈ, નજીકમાં કોઇ ગામ છે કે?' મેં પૂછ્યું.

'તમારે ક્યાં જવું છે?' એક જણે પૂછ્યું.

'મારે કેદારનાથની જાત્રા કરવી છે. આગળ કેવી રીતે જવાશે?' મેં કંઇ પણ વિચાર્યા વિના પૂછી નાખ્યું.

'ઓહો! આ રસ્તે ક્યાં આવ્યા? કેદારજીનો રસ્તો તો પેલી તરફ રહ્યો. આ રસ્તો તમને નેપાળની સરહદે લઇ જશે; અને તે યે ભારે કઠ્ઠોગો છે. આ રસ્તે તો ભોટિયા જ આવે જાય. રાહગીર માટે આ રસ્તો બરાબર નથી.'

'ત્યારે? ગામ બતાવોને? ત્યાં જઇને સાચે રસ્તે ચડી જઇશ.'

બેએક મિનિટ પેલા ચૂપ રહ્યા. 'એમ કરો; અહીંથી સામે દેખાય તે ટેકરીની ખાણમાં એક સાધુ રહે છે. એ દર વરસે કેદારનાથની જાત્રા કરે છે તેમને બધી માહિતી છે. એ બધું બતાવશે.' તેમણે કહ્યું.

મને ગામ કરતાં આ વાત વધારે રૂચી. સાધુ વધારે ઉપયોગી સૂચના આપી શકશે. એ મારો જૂનો અનુભવ હતો કે દેશના ખરા ભોમિયા સાધુઓ જ હોય છે.

'હાશ'નો એક લાંબો શ્વાસ કાઢીને ચાલતો થયો.

ટેકરી નજીક જ દેખાતી હતી. પણ પહોંચતાં પહોંચતાં દમ નીકળી ગયો.

ટેકરીના પેટાળમાં આછી આછી ઝાડની ઘટા હતી. ચારે બાજુ નજર ફેરવી. સાધુજીની કુટિર દેખાઇ નહિ. છેક નીચે ગયો. નાના એવા વહતા ઝરણને કિનારે આવ્યો. શોધ કરી. સાધુજી મળ્યા નહિ. છેવટે સાધુના નામની બૂમ મારી. બેચાર બરાડા પાડ્યા. જવાબ મળ્યો નહિ. પીઠ પાછળ ખોંખારાનો અવાજ સંભળાયો. એ તરફ વળ્યો. થોડે જ દૂર બે મોટા પત્થર પાસે સાધુજી બેઠા હતા. પ્રણામ કરીને ઊભો રહ્યો.

'બૈઠો.' ધીમે સ્વરે સાધુજી બોલ્યા.

'ક્યોં બાબાજી! સ્વાસ્થ્ય ઠીક નહીં હૈ?' મેં પૂછ્યું.

'આજ એક મહિનેસે બીમાર હૂં. ક્યા કરેં? શરીર હી તો આત્માકા કારાગાર હૈ ન?' હું ચૂપ રહ્યો.

'કહાં સે આતે હો, ભાઇ?' સાધુજીએ પૂછ્યું.

'આલમોડાથી.'

'ક્યાં જશો?'

'નેપાળ જવું છે.'

'નેપાળ? કેમ?'

'બસ, મુસાફરી કરવા જ.'

'આ રસ્તો કોણે બતાવ્યો?'

'હું તો અઠે અડે આવું છું, મહારાજ!'

'બ્રાહ્મણ છો?'

'જી હાં.'

'વારૂ. બે ચાર દિવસ અહીં રોકાઓ. હું બધો રસ્તો બતાવીશ.'

આટલી ટૂંકી વાતમાં હું સાધુનો ભલો સ્વભાવ જોઈ શકયો.

સાધુજી બીમાર હતા. વાત વાતમાં ઉધરસના ઠસકાથી ફેફસાં ફૂલી જતાં. શરીર કૃશ થઇ ગયું હતું. આંખો ઊંડી ધસી ગએલી.

'ભૂખ લાગી છે?' સાધુજીએ પૂછ્યું.

'લાગી તો છે.' મેં કહ્યું.

'લોટ તો છે નહિ. ચલાતું નથી ને ગામમાં જવાતું નથી. બેત્રણ દિવસે કોઇ આવી જાય છે અને અનાજ-પાણી મળી જાય છે. ચોખા છે; પકાવો.'

પિત્તળનો ઘડો લઇને હું ઝરણમાંથી પાણી ભરી લાવ્યો. ઍલ્યુમીનિયમની હાંડીમાં ચોખા પકાવ્યા. સૂરજ આથમી ગયો. સાધુજી 'ભજગોવિંદમ્'ગાવા લાગ્યા. શાંત ચિત્તે હું પાસે બેસી રહ્યો. તેમના મંદ અને ધેરા અવાજનાં આંદોલનો સંધ્યાની અલૌકિક શાંતિમાં મળી જતાં હતાં. એનો ધ્વનિ ચિત્તમાં ઘેન ભરતો હતો. ભજનની ખરી મઝા મેં અહીં અનુભવી.

સંધ્યા ઓસરી ગઇ. ઝાંખું અંધારૂં ઊતરી આવ્યું.

ચોખા તૈયાર કર્યા. સાધુજીએ મને થોડો ગોળ આપ્યો. પોતે ખાલી ભાત જ લીધા. ગોળ ખૂબ મીઠો લાગ્યો. જમીને પરવારી ગયા.

મોડી રાત સુધી સાધુજી સાથે વાતો થઇ. તેમણે લાગણીપૂર્વક બળાપો કાઢયો કે લોકો જીવનની કીમત સમજતા જ નથી. હાથચાલાકીનો એકાદ ખેલ બતાવનાર જાદુગરનો તમાશો જોઇને લોકો ખુશખુશ થઇ જાય છે. એ ચાલાકીનું જાદુ કોઇ જાણી લે તો તો વળી ફુલાઇ બેસે છે. પણ આ જગતને તો કોઈ જોતું જ નથી. કેવું અથાગ જાદુ! કેવી વિચિત્ર ક્રમબદ્ધ ક્રિયા! અરે, આપણું માનવ જીવન તો જુઓ! શું હશે? શા માટે આવું હશે? આ કોઇને જાણવું તો દૂર રહ્યું, પણ વિચારવું યે સૂઝતું નથી. માણસોનો આ યુગ, કહે છે કે વિજ્ઞાનનો છે. ઉન્નતિનો છે. પણ સાચું તો કૃત્રિમ જીવનનો જમાનો છે. કુદરતની દુનિયા તો અનહદ સુખથી ભરી છે. જ્યારે આ કૃત્રિમ દુનિયામાં દુઃખ, દુઃખ ને દુઃખ જગતનાં બધાં માણસોને

પૂછી જોજો ! કોઇને યે સુખનો સંતોષ છે ? ક્યાંથી હોય ? કૃત્રિમ જીવનવ્યવહારમાં સુખ હોય જ શાનું ?

આમ ઘણું ઘણું કહ્યા બાદ સાધુજીએ કહ્યું: 'માણસ કુદરત પ્રતિ પાછો નહિ ફરે ત્યાં સુધી જગતમાં શાંતિ નથી, સુખ નથી, આનંદ ને ઉપભોગ પણ નથી.'

મને તો કંઇ બોલવા જ ન દીધો. સાધુજી કેમ જાણે પોતાના ગત જીવનને તિરસ્કારતા હોય તેમ વરાળ કાઢતા ગયા.

સૂતા અને સવાર પડ્યું. હું ઊઠીને શૌચ જઇ આવ્યો. સાધુજી સૂતા જ હતા. સૂરજ ઊગવાની તૈયારી થઇ. સાધુજીએ પથારીમાં પડ્યાપડ્યા મને બોલાવ્યો તથા પાસે બેસવા કહ્યું.

'કેમ ઠીક નથી ?' મેં પૂછ્યું.

'જરા તાવ જેવું છે.' સાધુજી બોલ્યા.

હાથ જોયો, કપાળે હાથ મૂક્યો. સાધુજીનું શરીર સારી રીતે તપતું હતું, નાડી સ્થિર હતી.

'તાવ તો સારી પેઠે છે પણ નાડી બરાબર છે.'મેં કહ્યું.

'એ જ મૃત્યુનું ચિહ્ન છે' સાધુજીએ કહ્યું.

હું સ્તબ્ધ થઇ ગયો. સાધુજી બોલ્યા: 'બેટા ! તારા મનોભાવ હું સમજી ગયો છું. પણ અફસોસ ! હું થોડા કલાકોનો જ મહેમાન છું. પ્રભુએ મારી અંત્યેષ્ટિ માટે જ તને અહીં મોકલ્યો છે' કહેતાંકહેતાં ઉધરસ ખાધી અને આંખો લાલ થઈ ગઈ.

પાંચેક પળ પછી શાંતિ વળી અને કહ્યું: 'ભાઇ, મારી સાઠ વર્ષની ઉમર છે, પણ પચાસ એળે ગયાં. દસ જ વર્ષ જીવ્યો છું. લોકોની નજરે પચાસ વર્ષનું જીવન મેં સુખે ગાળ્યું છે. સવા સો રૂપિયાનો સરકારી અમલદાર હતો. એ સત્તાનો મદ ! અરરર ! કેવું ઘોર નર્ક ! ઓહ ! એ યાદ કરૂં છું અને બળું છું. એક દિવસે રંકહાલ એક યાચક બારણે આવ્યો. તેણે 'ભજ ગોવિન્દમ્' ગાવા માંડયું. મીઠી હલક મને ગમી અને પૂરૂં સાંભળ્યું. મારા જીવનમાં એ મહામૂલી ઘડી હતી. પૂરૂં સાંભળી રહ્યો અને મીઠી હલક વિસરી ગયો. શંકર ભગવાનના એ ઉપદેશની ચોટથી ઘાયલ થઇ ગયો. પછી તો બીજી જ રાતે બધાંની રજા લીધી, કુટુંબને સડતું છોડયું અને હિમાલયનો રાહ પકડયો. છેલ્લાં દસ વરસથી આ જ કુટિરમાં વસું છું. માણસોની દુનિયા છોડી ઇશ્વરી દુનિયામાં આવી વસ્યો. અરેરે ! હવે તો છેલ્લી ઘડીઓ છે. પ્રેમ, પ્રેમ, પ્રેમ, હા પ્રેમ ! ઓહ !

સાધુજીએ આંખો મીંચી દીધી. મને તો ડર લાગ્યો કે સાધુજી ઠંડા થઇ ગયા કે શું ? નાડી જોઇ તો ધબકતી હતી.

બપોર સુધી એમ જ પડી રહ્યા. હું પણ પાસે જ બેસી રહ્યો. આંખ ખોલી ત્યારે હું પાસે જ હતો. બે પળ સામે જોઇ રહ્યા.

'બેટા ! ચાવલ પકાવ' સાધુજી બોલ્યા.

'આપને ઠીક નથી. કહો તો ગામમાં જાઉં. બીજું કંઇ મળે તો લઇ આવું. રસ્તો બતાવો' મેં કહ્યું.

'ના ભાઇ,ક્યાંયે નથી જવું.ચાવલ પકાવ.હું જમીશ.'

મેં ચોખા રાંધ્યા. બેએક રૂપિયા ભાર સાધુજીએ ખાધા.

પછી તો આખો દિવસ શાંતિથી પસાર થયો. રાત પણ સુખથી વીતી.

સવારમાં ફરી સાધુજીની એ જ સ્થિતિ હતી. શાંતિ વધી હતી. મને પાસે બોલાવીને બોલવા માંડયા:

'ભાઇ, પ્રેમની દુનિયા તો મેં અહીં જોઇ. ખરેખર ! આપણી દુષ્ટ વૃત્તિઓનો પ્રતિભાવ જ અન્ય પ્રાણીઓમાં જાગે છે. લોહચુંબક જેમ લોહકણને ખેંચે છે, તે જ રીતે આપણા ભાવો એ જ રૂપમાં જગતને ખેંચે છે. આકર્ષણનું નામ પ્રેમ. અરેરે ! દુનિયાના લોકો કોને પ્રેમ કહે છે ? લાલસાને, મોહને, ઇંદ્રિયાસક્તિને ! પ્રેમ તો મેં અનુભવ્યો કુદરતને ખોળે. ભાઇ, શિયાળાની ઠંડીમાં હું આખી રાત ધૂણી રાખતો. એક તરફ પડી રહેતો. ઘણી વખત વાઘ મારી પાસે જ પડી રહીને ધૂણીની હૂંફમાં રાત ગાળીને જતો રહેતો. ચારચાર આંખો તો સેંકડો વાર થઇ જતી.

બેટા ! તું સંપત્તિના મોહમાં ન પડીશ. પ્રકૃતિ સાથે રમતાં જીવનો મોહ ન રાખીશ. શરીર અને ચેતનનો સંબંધ એ જ જીવન નથી. જીવન તો અનંત છે. શરીર એ તો સાધન છે. એ જાય તો બીજું મળે. પણ વખત ગયો નહિ મળે. સાહસ એ મનુષ્ય જીવનને અમૂલી બક્ષિશ છે. એથી જ યુરોપીય પ્રજા કહેવાતું સ્વર્ગ ભોગવે છે. પણ એ જડ સાહસ છે. છતાં એનું ફળ કેવું સુખકર ! મને તારી ઉમરમાં સૂઝયું હોત, તો હું ઝોળી લઇને જગતને ખૂંદી વળત.

ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી વિહરત. વિવિધ દેશ, વિવિધ પ્રાણી, વિવિધ પ્રકાર ને વિવિધ જીવન! એમાંથી જ આ અનંત જીવનને જાણવાનો પ્રથમ પાઠ મળે છે. દસ જ વર્ષ જીવ્યો, ભાઇ, હું તો દસ જ વર્ષ જીવ્યો!'

સાધુજીએ ઊંડો શ્વાસ લીધો. 'હરિ ૐ' કહીને આંખો મીંચી દીધી.

મને જેટલું સ્મૃતિમાં રહ્યું છે એ જ ટૂંકમાં લખું છું. સાધુજીએ મર્મસ્પર્શી વાણીમાં ઘણું સુંદર કહ્યું હતું.

પાણી માગ્યું. આપ્યું. થોડું પીધું. સાધુજીનું મોં કંઇક ફિક્કું પડતું લાગ્યું. બેત્રણ વાર બળ કર્યા પછી બોલ્યા:

'ભાઇ, બેએક કલાકથી વધારે મારૂં જીવન નહિ લંબાય. આ ઝરણને કાંઠે જ મારી ચેહ રચજે. દિલ્હીમાં મારૂં કુટુંબ છે તેને ખબર આપજે. હવે નથી બોલી શકાતું. ઘૂમજે, ભટકજે, રખડાય એટલું રખડજે. આપોઆપ તને જ્ઞાનની દિશા મળશે. સ્વતંત્રતાની કીમત કોઇ નથી સમજતું. પોતાની જાતને પ્રત્યેક બંધનમાંથી મુક્ત કરવી એ જ સ્વતંત્રતા. ભાઇ, તું સ્વતંત્ર બનજે.'

ફરી 'હરિ ૐ' કહીને સાધુજીએ આંખો ઉપર હાથ મૂકી દીધા. મેં હાથની નાડી જોઇ. તૂટતી જણાઇ. મૃત્યુ વખતની નાડી જોવાનો મારો આ પ્રથમ પ્રસંગ હતો. એ વિષે આયુર્વેદના પુસ્તકોમાં વાંચેલું ખરૂં. બેત્રણ વખત નાડી થંભી ગઇ ને ગતિમાં આવી. સાધુજીએ ઊંડો શ્વાસ લીધો. 'ૐ' કહીને ડચકું ખાધું. બસ, એક બે ને ત્રણ ડચકાં! સાધુજીએ પ્રાણ વિસર્જન કર્યો.

સૂરજ રાશવા ઉપર ચડ્યો હતો. ચારે તરફ પ્રચંડકાય પહાડરાશિ અને વનરાજિ. બધું શૂન્ય બની ગયું. વાતાવરણ ગંભીર ભાસ્યું. સાધુજી મડદા રૂપે પડ્યા છે, એ ખ્યાલ આવતાં જ કંપારી છૂટી. તરત જ 'અરે, કંઇ નહિ' બોલીને સચેત બન્યો.

ચેતનહીન દેહ કેવો ભયંકર! કેવો કુરૂપ! બે ક્ષણ પહેલાં જે સાથી હતા, તે ચેતન જતાં ભયરૂપ થઇ પડ્યા. પ્રસંગ આવ્યા પછી જ એને સહન કરવાની શક્તિ આવે છે. પહેલેથી એ શક્તિ કેળવી શકાતી જ નથી. મડદાનું નામ સાંભળીને ડરનારો હું આજે મડદા પાસે બેઠો હતો.

લાકડાં એકઠાં કર્યાં. મૃતદેહ ગોઠવ્યો. આગ મૂકી. લાકડાં સળગ્યાં તો ખરાં પણ એક તરફથી એક પડખે બળી રહ્યાં ત્યારે બીજી તરફ શરૂઆત થઇ. ત્યાં બીજાં લાકડાં મૂકયાં. એમ સાંજ સુધી કર્યા કર્યું. કાશીમાં હતો ત્યારે એક વિદ્યાર્થીને અગ્નિદાહ દેવાનો પ્રસંગ મળેલો. તે અનુભવે ચિતારચનામાં કંઇક મદદ કરી, નહિ તો હેરાન થઇ જાત.

દેહની ભયંકરતા જોઇને હું તો કમકમી ઊઠ્યો. ઉપરની ચામડી બળી ગયા પછીનું સ્વરૂપ તો મહા ભયંકર. એ વર્ણન કરવું પણ નથી ગમતું. છતાં મને તો એ પ્રસંગે ઘણું ધૈર્ય આપ્યું.

સાંજ થતાંથતાં દેહ ભસ્મ થઇ ગયો. રાખ ઝરણમાં વહાવી દીધી.

સૂરજ આથમવાને થોડી જ વાર હતી. ભૂલ થઇ કે ગામનું કંઇ પૂછ્યું નહિ. અઠે અઠે ચાલ્યો. મહામુશ્કેલીએ પચીસેક ઘરનું ગામ શોધી કાઢ્યું. સાધુજીના મૃત્યુ સમાચાર સાંભળી ગામનાં બધાં કકળાટ કરવા લાગ્યાં.

બીજે દિવસે હું દિલ્હી પહોંચવા પાછો ફર્યો. મારે સાધુજીના કુટુંબને ખબર આપવા હતા. સાધુજીએ સરનામું લખાવી દીધું હતું.

દિલ્હી ગયો. મહામુશ્કેલીએ કુટુંબ શોધ્યું. સાધુજીના પુત્ર પોસ્ટ ઑફિસમાં નોકરી કરતા હતા. નાના પુત્ર વકીલ હતા. તેમણે મારો ખૂબ સત્કાર કર્યો.

આજ સાધુજીની એ કુટિર ભૂલાતી નથી. તેમના અલ્પ ઉપદેશે જે પરિણામ અને પ્રભાવ જન્માવ્યાં, તે હજારો ગ્રંથોના પઠનથી કે પ્રયત્નથી પ્રાપ્ત ન થઇ શકયાં હોત. એમના જ પ્રતાપથી મેં ભયંકર સાહસ ખેડ્યાં છે. મૃત્યુને હસી કાઢીને રમતો રમ્યો છું. સફરો ખેડીને આનંદ મેળવ્યો છે.

મારી એ સાહસયાત્રાનું બયાન પ્રારંભું તેનું આ મંગલાચરણ!

(ચાલુ) જીવરામ જોષી

નાણું

એની અજબ કથા

આજે આપણે કોઇ પણ જણસની કીમત બહુ જ સહેલાઇથી મૂકી શકીએ છીએ; કારણ કે આપણી પાસે તે માટે નાણાંનું ધોરણ છે. સોય અને સાવરણીથી માંડી મોટરગાડી કે મોટી મહેલાતો સુધીની વસ્તુઓ માટે પણ આપણે અંદેશા વગર કહી નાખીએ કે તેની અમુક સંખ્યાની કીમત અમુક થશે. અને નાણાંનું એ ચલણ આજની આપણી સંસ્કૃતિમાં એટલું અગત્યનું છે કે તેના વિના એનું ઘડતર લૂલું જ બની જાય.

છતાં જાણીને નવાઇ લાગશે કે દુનિયામાં એક વખત એવો હતો જ્યારે નાણાંનો કશો ઉપયોગ નહતો. માણસો પોતાને જોઇતી ચીજો જાતે જ પેદા કરી લેતા; જાતે ન બની શકે કે ન મેળવી શકાય તેવી બહુ જરૂરની ચીજો પરસ્પરના સહકારથી સાધી લેતા: અને આ સહકારને તેઓ ઈશ્વરની સેવા અને સમાજના શ્રેય તરીકે ગણતા.

પણ જેમજેમ માણસ 'સુધરતો' ગયો તેમતેમ તેને અમુક વસ્તુઓની જરૂર તો કાયમ રહેતી ગઇ ને ઘણી વખત પરસ્પર અદલોબદલો કે સહકાર કરવા ઇચ્છતા માણસને સામે એવો બીજો શોધતાં મુશ્કેલી નડતી ગઇ. જરૂરિયાતોનું ક્ષેત્ર જેમ વિસ્તર્યું તેમ એ મુશ્કેલીઓ પણ વધી. આથી અંતે માણસે વિચાર્યું કે એક એવું ધોરણ નક્કી કરવું કે જે સૌને રૂચે, જેની કીમતમાં ફેરફાર ન થાય ને જે બધા પ્રકારના માલ માટે બદલામાં આપી શકાય.


દુનિયા આખી ત્યારે પ્રાથમિક અવસ્થામાં જ જીવતી. એટલે એ વેળાના માણસે તો કોડીઓ, સૂકવેલી માછલીઓ, સોયો ને ખાલો જેવી ચીજો આ મુશ્કેલીના તોડ રૂપે શોધી કાઢી, જે હજી આજ પણ સંસ્કૃતિથી અસ્પૃષ્ટ રહેલા કેટલાક લોકોમાં ચાલુ છે.

એથી કંઇક વિકસિત બનેલી જાતોએ એ માટે ઢોર અને પાછળથી ગુલામોનો ઉપયોગ કરવા માંડ્યો; પણ છેવટે સૌથી સંસ્કૃત જાતે ધાતુનાં નાણાંની શોધ હાથ કરી. ધાતુને ચાહે તે આકારમાં કાપી શકાય છે ને તેના પર ગમે તેવી છાપ મારી શકાય છે એ તેના જાણવામાં આવ્યું ને તેણે અખતરારૂપે એ અમલમાં મૂક્યું.


કહેવાની જરૂર નથી કે પ્રાથમિક દશામાંથી બહાર આવી પોતાની સૌ પ્રથમ સંસ્કૃતિ ફેલાવનાર એ જાતિ તે આર્ય જાતિ હતી. જીવનનું વહેણ સમધારૂં રાખવા વિનિમયનો આખો પ્રકાર તેણે ઉલટાવી નાખ્યો. નવાઇ જેવું તો એ છે કે તેણે સૌ પ્રથમ જે ધાતુ વિનિમય માટે વાપરવાની શરૂઆત કરી હતી એ સોનું હતું. જુદીજુદી કીમત અંકિત કરેલા સિક્કા તેણે જ માનવઇતિહાસમાં પહેલા પાડ્યા. ઠેઠ ઋગ્વેદના સમયમાં એ સિક્કાઓ માટેના 'નિષ્ક', 'રંજત,' 'હિરણ્ય' વગેરે શબ્દો મલી આવે છે. મહાભારત અને મનુના જમાના સુધી તો ભારતવર્ષમાં એકલા સોનાના સિક્કાઓનું જ ચલણ રહેલું.

પણ બાકીનું ઘણુંખરૂં જગત ત્યારે જંગલી અવસ્થામાંથી ભાગ્યે જ ઊંચું આવેલું. જગતના ડહાપણનો ભાર આજે પોતાને માથે લઈ ફરતા યુરોપના ત્યારનાં નિવાસીઓ તો ત્યારે ગુફાઓની વચ્ચે રહી વનમાનવોની જિંદગી ગુજારતા. વિનિમયનું નિશ્ચિત ધોરણ તેમને ન સૂઝેલું ને મનુષ્યનો પણ વિનિમય તરીકે ઉપયોગ કરતાં તેમને વાર ન લાગતી. નૉર્મન ઍન્જેલના કહેવા પ્રમાણે એક બાજ કે કૂતરા કરતાંયે ત્યારે તેમને મનુષ્યની કીમત વધારે ન હતી.

વિનિમય તરીકે ધાતુના સિક્કાઓનો આટલો વિપુલ પ્રચાર ભારતવર્ષ સિવાય પાછળથી જન્મેલી બીજી એકે સંસ્કૃતિમાં નથી જોવામાં આવતો. તેનું કારણ એ નથી કે બીજે ધાતુઓની અછત હતી, પણ ચલણની સમતોલતા જાળવવાનું તેમને જ્ઞાન ન હતું. ચીનમાં તો સિક્કાઓનું ચલણ ચાલુ કર્યા પછી બબ્બે વખત તે પાછું બંધ કરવું પડ્યું હતું, ચીનાઓ મોંઘી ધાતુઓ સિક્કાઓમાં કદી ન વાપરતા; અને એટલે સોનાની ખોટ પડતાં જેમ રોમનું સામ્રાજ્ય



મોહેં-જો-ડેરોમાંથી મળી આવેલી ૫૦૦૦ વર્ષ પહેલાંની કેટલીક મુદ્રાઓ।



મોહેં-જો-ડેરોની મુદ્રાનું વાચન તથા તેનો અર્થ કરવાની પદ્ધતિ. ઉપલી મુદ્રાને પડખે પહેલી પંક્તિમાં તેનાં આલેખનો છૂટાં પાડી બતાવ્યાં છે; પછી તેને મળતી સુમેરિયન ચિત્રલિપિ મૂકી છે; ને છેલ્લી પંક્તિમાં તેનો ઉચ્ચાર દર્શાવેલો છે. એ રીતે ઉપલી મુદ્રાનું વાચન આ પ્રમાણે થાય છે: 'સવિતર-એદિન-અસ્સ.' તેનો અર્થઃ એદિન(સિંધુનદ પ્રાંત)નો સવિતા (એની આ મુદ્રા)છે.



સિકંદરનો સિક્કો : એક બાજુ : ઈરાની ટોપ પહેરી, વજ્ર ધરી ઊભેલો સિકંદર; બીજી-હાથી ઉપર હુમલો લઇ જનાર ઘોડેસવાર



તોરમાણ હૂણનો સિક્કો

ભાંગી પડયું તેમ ચીનને તેવો વારો કદી ન આવ્યો.

વળી ચીનાઓનું વલણ પણ મોંઘી ધાતુઓ પ્રત્યે આજના પાશ્ચાત્યો જેવું ભૂખાળવું ન હતું. આબાદ વર્ષોમાં ખાણો ખોદવાનું કાર્ય ત્યાં બંધ જ રાખવામાં આવતું. કેટલીક ખાનગી વ્યક્તિઓ ખાણો ખોદવાની પરવાનગી મેળવતી પણ ભારે કર આપીને જ. આમ ધાતુની કીમત ઊંચી રાખી, સિક્કાઓને ન છુટકાની જ લેવડદેવડ તરીકે સ્વીકારી, ચીને પોતાનું અસ્તિત્વ કાયમ રાખ્યું.

નાણાં વગરની બીજી મહાન સંસ્કૃતિ તે પેરૂમાંની ઇંકા સંસ્કૃતિ. મિ. રેજિનાલ્ડ ઇનૅાક પોતાના 'પેરૂનો ઇતિહાસ'માં એ વિષે લખે છે કે, 'ત્યાં કોઇ જાતનું ચલણ જ ન હતું ને સોના તથા ચાંદીનો ઉપયોગ માત્ર મંદિરોની શોભા ખાતર હોવાનું જ મનાતું. એ મેળવવા કોઇ પ્રયાસ પણ નહોતું કરતું, કારણ એમને મન એ દેખભોજ્ય ધાતુનો બીજો કશો ઉપયોગ જ ન હતો! ઈંકા લોકો રાજ્યને કર પણ ધાન્યમાં જ આપતા. ગામડે ગામડે તે માટે કોઠાર રહેતા, જે લશ્કરને તેમજ દુકાળ વખતે પાછા આમવર્ગને કામ લાગતા.

ગ્રીકોને ગે સિક્કાઓનું પહેલવહેલું જ્ઞાન તો ભારત-વર્ષ મારફત જ મળ્યું. એશિયા માઇનોરના ગ્રીકોએ ઇ.પૂ. ૬૦૦માં પહેલવહેલા સિક્કા પાડ્યા, પણ તે મિશ્ર ધાતુઓના જ. ખરેખરા સોનાના સિક્કાઓનું ચલણ તો પાછળથી ક્રોસિયસે ચાલુ કરેલું. સિકંદરના જમાના સુધીમાં હિંદમાં સોના સાથે ચાંદી અને ત્રાંબાના સિક્કા પડવા લાગ્યા હતા. ત્યારે ગ્રીકો અને રોમનો પાસેથી સિક્કા પર રાજાની મહોર પાડવાનું હિંદે અપનાવ્યું, જે કળાને ગુપ્તોએ પૂર્ણપણે વિકસાવી. હિંદના સરહદપ્રદેશમાંના ગ્રીક રાજ્યને લઇ ગ્રીક સિક્કાઓનું પણ અમુક સમય ચલણ રહેલું.

પ્રાચીન હિંદી સિક્કા ઍકિટ્રયા કે સાયરેક્યૂઝ જેવા, કારીગરીમાં આગળ પડતા ન હતા તેનું કારણ ભારતીય કારીગરો બીબાં પાડવાની કળા પ્રત્યે આકર્ષાયા ન હોવાનું હોઈ શકે. બાકી સિક્કાનું શાસ્ત્ર તો તેમણે પૂર્ણપણે વિકસાવેલું. ચંદ્રગુપ્તના પ્રધાન ચાણાક્ય કૌટિલ્યે સિક્કાનું બહુ વિસ્તૃત વર્ણન લખ્યું છે. કેવી જાતના એ બનાવવા, કયાં મિશ્રણોથી એ

બનાવવા, કઇ રીતે તેમને વિનિમયનું માધ્યમ બનાવવું એ બધી વિગત તેના અર્થશાસ્ત્રમાંથી મળી આવે છે. તેના જમાનાનાં સિક્કા આ હતા: પણ, અર્દ્ધપણ, ચતુર્થપણ, અષ્ટપણ, માશક, અર્દ્ધમાશક, કાકની અને અર્દ્ધકાકની. ગુપ્તકાલ સુધી હિંદમાં સોનાનું ચલણ સવિશેષ હતું. એ કાલના સિક્કા લખનૌ મ્યૂઝિયમમાં સચવાએલા પડ્યા છે. એમનું ચલણ ભારત ઉપરાંત ઇરાન અને કાશગર સુધી પણ હતું. કાશગરનાં ખોદાણોમાંથી મળેલા સિક્કાની એક બાજુ ભારતની પ્રાકૃત ભાષા અને બીજી બાજુ ચીની ભાષા અંકાએલી છે. પંજાબમાંથી મળી આવેલા સિક્કામાં એક બાજુ બ્રાહ્મી અને બીજી બાજુ ગ્રીક ભાષા છે.


આ પરથી જણાશે કે જુદી જુદી સંસ્કૃતિઓની અસર ભારતીય ચલણ પર થઇ હતી, પરંતુ ભારતવર્ષે તે પોતાની જ કરી લીધી હતી. ભારતમાં ચલણનો વિકાસ તદ્દન સ્વતંત્રરીતે થયો હતો એમ બ્રિટિશ મ્યુઝિયમવાળા જે. એલન પણ 'એનસાઇકલો-



(૧) ગોળ જેવા લાગતો પ્રાચીન ગ્રીક સિક્કો. (૨) વલંદા લોકોએ ઇ. સ. ૧૮૦૦માં જાવામાં ત્રાંબાની પાટીમાંથી કાપીને બનાવેલો સિક્કો. (૩) રૂપાના સળિયાને કાપી તથા વાળીને તૈયાર કરેલો સિયામનો પુરાતન સિક્કો. (૪) રૂપાના તારનો બનાવેલો હિંદુસ્તાનનો જુનો સિક્કો. (૫) ત્રાંબાના તારમાંથી બનાવેલો સિક્કો. (૬) ૧૫૭૨માં સ્પૅનિશ લોકોએ હરલેમને ઘેરો ઘાલ્યો ત્યારે છાપેલો સિક્કો. (૭) ૧૭૦૨ના લૅન્ડોના ઘેરા વખતનો સિક્કો. જે રૂપાની રકાબી કાપીને બનાવવામાં આવ્યા હતા, ને જેમાં રકાબીની કીનારી પણ દેખાય છે. (૮) શક લોકોના સમયનો પ્રાચીન હિંદનો સિક્કો. (૯) અકબરના સમયનો ચોરસ રૂપિયો. (૧૦) સ્વિટ્ઝર્લૅંડનો 'બ્રેકટ્રીએટ' નામનો પુરાણો સિક્કો. (૧૧) સોનાની ખાણોની શોધ સમયનો કૅલીફોર્નિયાનો સિક્કો. (૧૨) (૧૩) (૧૪) આજના નિકલના બ્રિટિશ સિક્કાઓ. (૧૫) સિયામની ઉત્તરે આવેલા લેઓ સ્ટેટમાંનો હોડી ઘાટનો સિક્કો. (૧૬) અકબરની 'મીહરાબી' મહોર. (૧૭) પેહાંગનો ટોપી ઘાટનો સિક્કો. (૧૮) કેડાનો લંબગોળ સિક્કો. (૧૯) કેડાનો વિચિત્ર સિક્કો. (૨૦) ઇટલીના ઇગુવિયમ પરગણાનો ત્રાંબાનો લંબગોળ સિક્કો. (૨૧) એજીનાનો એક પુરાતન કદરૂપો ગ્રીક સિક્કો. (૨૨) મધ્યકાળમાં અમેરિકામાં પાડવામાં આવતા તરેરવાર સિક્કાઓમાંનો એક. (૨૩) (૨૪) ૧૭મી સદીના બેડોળ મેક્સિકન સિક્કાઓ. (૨૫) વેસ્ટ ઇન્ડીઝના ટાપુઓમાં વપરાતું સ્પૅનીશ ડૉલરનું ચોથિયું. (૨૬) સેંટ લ્યુસિયા ટાપુનું પરચુરણ નાણું. (૨૭) (૨૮) ઇસ્વીસનની શરૂઆતમાં બનેલા ચીનાઇ સિક્કાઓ. (૨૯) 'શો' નામનો વિચિત્ર રૂપાનો સિક્કો. (૩૦) 'સીસી' નામનો ચીનાઇ સિક્કો. (૩૧) આનામનો રૂપાનો સિક્કો. (૩૨) કોમોડોર પેરી જાપાનમાં ઉતર્યો તે સમયનો જાપાનીઝ રૂપાનો સિક્કો. (૩૩) સ્પેનનો કાણાવાળો સિક્કો. એ કાણાના ગાળાના કકડાની કીમત બે સિક્કા જેટલી થાય છે! (૩૪) પ્રાચીન ચીનનો છરી ઘાટનો સિક્કો. (૩૫) 'પસ' નામનો કથે (ચીન)નો પ્રાચીન સિક્કો.



અમેરિકાના રેડ ઇંડિયનોનું નાણું: મથાળે ડાબી તરફ કોડી; ડાબી બાજુ નં.૧૫: પથ્થરો પરોવીને બનાવેલું એલ-લિ-કોચિક નાણું. જમણી બાજુ: વાંપુમ સિક્કા



ઈ.સ. ૯નું ચીનનું છરીનાણું: જેમાંથી છેવટે પાનું ઊડી જઇને ઈ.સ. ૬૨ સુધીમાં હાથો જ રહ્યો એ વિકાસ દર્શાવતું ચિત્ર

પીડિયા બ્રિટાનિકા'માં કબૂલ કરે છે. અને એ ચલણ મોટે ભાગે સોનાનું રહેલું તેનું પણ કારણ છે. ભારતમાં સોનાનો કોઇ કાળે દુકાળ નહોતો એટલે વેદના સમયથી જ સોનાનાણું કાયદેસર ગ્રાહ્ય (legal tender) નાણાં તરીકે ચાલતું આવ્યું હતું, જેનો ઠેઠ અંગ્રેજોના આગમન કાળે અંત આવ્યો.

ભારતવર્ષ અને તેની ઉપજીવી સંસ્કૃતિઓ સિવાય નાણાંનું ધોરણ જ્યાં નિશ્ચિત નહોતું થયું ત્યાં વિનિમયના સાધન તરીકે અનેક ચીજોનો ઉપયોગ કરવામાં આવતો. મિસરવાસીઓ પાછળથી એ ભૂમિકાથી ઊંચા આવ્યા ને કિનકા ને શિલુકની કોદાળી ઘાટની ધાતુઓની લગડીઓ વાપરવાનું શરૂ કર્યું. સિક્કાઓનું ચલણ તો ત્યાં મિસરી સામ્રાજ્ય ભાંગી ગયા પછી ઠેઠ સુલેમાનના વખતમાં ચાલુ થએલું.

અમેરિકાના ઇંડિયનોએ તો વિનિમયના માધ્યમ તરીકે વળી વિચિત્ર જ પ્રકાર યોજેલો. સોનું ત્યાં પુષ્કળ પ્રમાણમાં હતું, છતાં નાણાં તરીકે તો તેઓ શંખલાં ને છીપલાંનો જ ઉપયોગ કરતા જે હજુ મલૅનેશિયા ને આફ્રિકામાં સહરાથી તે બેનિનના ઉપસાગર સુધી ચાલુ છે. તેમના સિક્કામાં વાંપુમ અને અલ-લિ-કોચિક એ બે પ્રખ્યાત છે. અલ-લિ-કોચિકમાં ચકમક જેવા પથરામાત્ર ઘસીને પરોવવામાં આવતા. અમેરિકામાં ગએલા ગોરાઓએ શરૂઆતમાં એવાં અલ-લિ-કોચિકો બનાવી, ઇંડિયનોને ભેટ આપી, બદલામાં સોનાનો સારો જેવો જથ્થો મેળવેલો.

સિક્કા માટેની યુરોપની શોધ મૌલિક નથી. અરબોએ એ કલા બાયઝેન્ટિયનો પાસેથી શીખી. તેમના દીનાર, દિરહમ ને ફાલુસ એ બાયઝેન્ટાઇનના જ મૂળના છે. પોતાના વિજયકાળ દરમિયાન તેમણે સ્પેન અને સિસિલીમાં એમનું ચલણ ચાલુ કર્યું. ફ્રાન્સના પેપિન ધી શૉર્ટે તે ફ્રાન્સમાં દાખલ કર્યાં ને ઇટલિએ પણ સિસિલી મારફત તેનું અનુકરણ કર્યું. બાયઝેન્ટાઇન અસર તળે આવેલા રશિયા સિવાય પાછળથી આખા યુરોપમાં એ અનુકરણ ચાલુ થયું ને પછી જુદા જુદા દેશોએ તે પર પોતાની રાષ્ટ્રીયતા અંકિત કરી. ઇટલિમાં તો ઘણા વર્ષ સુધી સિક્કાની પીઠે અરબી લખાણ ચાલુ રહેલું.

નાણાંના ઇતિહાસમાં ચીનના પ્રસિદ્ધ કુબલાઇ-

ખાને કરેલો અખતરો નોંધવા જેવો છે. ઇ.સ.૧૨૬૦ થી'૬૩ના ગાળામાં તેણે ચીનાઇ કાગળની નોટો ચલણ તરીકે ચાલુ કરેલી જે ઇતિહાસનું પહેલું જ કાગલ-નાણું હતું. પાછળથી એ ચલણ બંધ થયું એટલે ૧૨૬૪થી '૯૦ના ગાળામાં તેણે ફરીથી એકેક ટિંગની નોટો બહાર પાડી. એક હજાર યુએનનો એક ચાંદીનો ટેલ અને દશ ચાંદીના ટેલ બરાબર એક ટિંગની કીમત થતી. પણ એ નોટો બહાર પડતી વખતે કશો અંકુશ મુકરર કરેલો નહોતો એટલે થોડા જ વખતમાં ટિંગ-ના સિક્કા કરતાં નોટની કીમત અનેકગણી ઊતરી ગઇ.

પણ છતાં ચીનમાં એ ચલણ ટકી રહ્યું. માર્કો-પોલો ને પૉથિયરે પોતાની મુસાફરીઓમાં તેમની નોંધ લીધેલી છે. વિખ્યાત મૂર જગતસફરી ઇબ્ન બતુ-તાહની ચીનની મુસાફરી વખતે પણ ચીનમાં કાગળ અને ચામડાનું ચલણ ચાલુ હતું. તેણે લખેલું છે કે, 'ચીનનો શહેનશાહ કાગળ કે ચામડા સિવાય બીજું નાણું બહાર પાડતો જ નથી;અને જયારે તે ઘસાઇ જાય છે ત્યારે લોકો રાજ્યની ત્રીજોરીમાંથી બદલાવી નવું લાવે છે.'

ચીનનું સૌ પહેલું નાણું તો જુદું જ હતું. તેનો એક સિક્કો ખમીસના આકાર જેવો હતો જે 'પુ' કહેવાતો. બીજો છરીના આકારનો હતો જે 'તાઓ' કહેવાતો. એમાં વિકાસ થતાં થતાં છેવટે છરીનું પાનું ઊડી જઇ ગોળ હાથો જ ચલણમાં વપરાવા લાગ્યો. ત્યાર પછી કલઇ, સીસું, લોઢું અને પકવેલી માટીના સિક્કા પણ ચીનમાં વપરાવા લાગ્યા હતા. ને એ પ્રકાર નવો ન હતો. હિંદમાં આંધ્ર રાજાઓએ સીસું જ સિક્કામાં વાપરેલું. ઇ.પૂ. ત્રીજી સદીમાં બૅક્ટ્રિયા-માં નીકલનો જ પ્રચાર હતો. અરે, ચાલુ જમાનામાં ગ્રે મહાયુદ્ધ પહેલાં બ્રિટને પૂર્વ આફ્રિકામાં ઍલ્યુમિનમ-ના સિક્કા ચલાવેલા ને યુદ્ધ વખતે જર્મનીએ લોઢા-ના સિક્કા પાડેલા. મલાઇ રાજ્યોમાં હજુ ગ્રે સીસા-ના જ સિક્કા વપરાય છે.

પણ ઇ. પૂ. ૨૧૯માં હન વંશના એક રાજાએ ચીનમાંથી સિક્કાના ચલણનું નામનિશાન ઉડાવી દીધું. સિક્કા પાડનારા કારીગરોને તેણે કત્લ કર્યા ને ચલણમાંના બધા સિક્કા દરિયામાં ફેંકી દેવરાવ્યા. માટીમાં ગુંદ જેવો ચીકણો પદાર્થ ઉમેરી, તે પર શાહી છાપ મારેલા સિક્કા તેણે ચાલુ કર્યા. વુ-ટી નામનો




વિક્રમાદિત્યનું બિરદ પામનાર મહા-રાજાધિરાજ ચંદ્રગુપ્ત બીજાનો સિક્કો



કુમારગુપ્ત પહેલાનો સિક્કો



ક્ષત્રપોના સિક્કા:નહપાણ, છષ્ટન અને રુદ્રસિંહ શકની છાપના



કનોજના રાજા ભોજ અથવા મિહિર ગુર્જર-પ્રતિહારનો સિક્કો

ગુજરાત ઉપર રાજ્ય કરીગએલી વિવિધ જાતિઓ અને જુદાજુદા રાજાઓના સિક્કાઓ



ઇંગ્લંડની આજની એક પૌંડની ચલણી નોટ



સમુદ્રગુપ્તનો સિક્કો



કનિષ્કનો સિક્કો

શહેનશાહ તેથી યે આગળ વધ્યો ને તેણે ઇ. પૂ. ૧૪૦માં બધા સિકકા બંધ કરાવી કાગલનાણું જ ચાલુ કરાવ્યું. હિંદ સિવાય પૂર્વ એશિયાના કોરિયા, અનામ, જાપાન વગેરે પોતાના ચલણ માટે ચીનનાં જ ઋણી છે.

હિંદ તો પાછળથી મુસ્લીમોના હાથે જઇ પડ્યું, એટલે તેમણે જૂના સિક્કાને બદલે પોતાના જ સિક્કા ચાલુ કર્યા. ઘોરી રાજાઓએ ૧૭૮ ગ્રેનના સોના ને રૂપાના, એક બાજુ કલમા ને બીજી બાજુ મહોરવાળા 'તનકા' નામના સિક્કા ચાલુ કર્યા. ઇબ્ન બતૂતાહ હિંદ આવ્યો ત્યારે દિલ્હીની ગાદીએ મહમદ તઘલખ હતો. તેણે દીનાર ને દિરહમનું ચલણ કાઢી નાખી નવા જ સિક્કા બહાર પાડ્યા હતા. તેનું કોષ્ટક આ પ્રમાણે હતું:

૪ દમડી=૧ કાની અથવા જિતલ

૨ કાની=૧ સુલતાની

૩ સુલતાની=૧ શશકાની


૬૪ કાની=૧ તનકા.

જુદાજુદા રાજતંત્ર તળે સિક્કા અનેક પરિવર્તન પામતા ગયા પણ અંધાધુંધીના એ યુગમાં જ્યારે શેરશાહ સૂરીએ દિલ્હીની ગાદી મેળવી ત્યારે તેણે મહમદ તઘલખના વખતથી બંધ પડેલું રૂપાનું ચલણ ફરી ચાલુ કર્યું. અને વિનિમયના સાધન તરીકે પહેલવહેલો જ એક સિક્કો હિંદમાં ચાલુ થયો. એ સિક્કો તે 'રૂપિયો' જે આજ સુધી એ નામે ચાલુ રહ્યો છે. પહેલવહેલો ઇ. ૧૫૪૨માં તે બહાર પડ્યો.

અને જ્યારે અકબરે રાજ-લગામ હાથમાં લીધી ત્યારે તો સિક્કા તરફ તેણે ખાસ લક્ષ આપ્યું. આગ્રા, અમદાવાદ, કરાચી અને બંગાલમાં તે માટે તેણે વ્યવસ્થિત સાધનો તરીકે સોનાની ટંકશાળો ઊભી કરી. એ સિવાય ચાંદીના સિક્કા માટે ચૌદ સ્થળે અને ત્રાંબાના સિક્કા માટે અઠ્ઠાવીશ સ્થળોએ તેણે જુદી ટંકશાળો ઊભી કરેલી. તે વખતના કેટલાક સિક્કાનાં નામ આ રહ્યાં: શહેનશાહી મહોર, રાહ, આતમાહ, બિનસાત, ચારગોશા, છુગલ, ઇલાહી, આફતાબી, લાલજલાલી, અધેલો, પૌવો, દમડી વગેરે.

આ મુગલ સામ્રાજ્યના પતનકાળે હિંદમાં ઊભાં થએલાં જુદાંજુદાં સ્વતંત્ર રાજ્યોએ પોતપોતાના સિક્કા ચાલુ કર્યા. પહેલાં તો એ ઢંગધડા વગરના હતા પણ પાછળથી મોગલ ઢબ પ્રમાણે જ એ છપાવા લાગ્યા. એ કાળે જ અમેરિકામાં યુરોપિયનોએ જમાવેલો અડ્ડો સ્થિરતા પકડતો હતો. તેમને સૌથી પહેલાં તો વિનિમયના સાધન તરીકે શું વાપરવું એ જ મુખ્ય પ્રશ્ન થઇ પડેલો, પણ આ અરસા સુધીમાં તેમણે તેનો ઉકેલ આણી મૂકેલો. દક્ષિણમાં તેમણે તે માટેના સુતરા સાધન તરીકે તમાકુનું માધ્યમ સ્વીકારી લીધેલું—આબીસીનિયાના મીઠાની લગડીઓના ચલણ માફક. કૅરોલિનામાં ફઇ નામના ગોળ પત્થરનો ઉપયોગ ચાલુ થએલો, પણ તમાકુનું વલણ સવિશેષ અને લોકપ્રિય હતું. અમેરિકામાં તમાકુની લોકપ્રિયતા એટલા પરથી જ સમજી શકાશે કે તેની પહેલવહેલી પાડેલી નોટ પર પણ તમાકુના પાંદડાની જ છાપ પાડવામાં આવેલી.

આ તમાકુનું ચલણ પણ એ વખતના કૅનેડાના



કૅનેડાના ફ્રેન્ચ પ્રૉકૉન્સલે એક વખત સિક્કાની ખોટ પડતાં પોતાની સહીવાળાં ગંજીપાનાં પાનાંનું ચલાવેલું નાણું

ચલણ કરતાં તો બેશક સારું કહી શકાય. ત્યાં તો વળી અજબ જ રીત અખત્યાર કરવામાં આવેલી. ઈ. ૧૬૮૫માં ફ્રાન્સથી આયાત કરેલા સિક્કાની ત્યાં બહુ તંગી પડી. કાગળની પુષ્કળતા ને છાપખાનાની સવડતા પણ ત્યાં ન હતી. કૅનેડાનો ત્યારનો પ્રૉકૉન્સલ બહુ વિચિત્ર ભેજાનો હતો ને તેણે તે માટે ઉપાય પણ વિચિત્ર જ શોધી કાઢ્યો. દેશમાંના બધા ગંજીપા તેણે એકઠા કરાવ્યા ને તેનાં પાનાં પર દરેક પાનાની જુદી જુદી કીમત ઠરાવતી પોતાના હાથની સહી કરી, એટલે કૅનેડાએ એ ચલણ સ્વીકારી લીધું! ને ફ્રાન્સમાંથી ધાતુનાણું ત્યાં ન જાય એટલા ખાતર ફ્રાન્સની સાંસ્થાનિક સરકારે પણ તેને ઉત્તેજન આપ્યું!!

પરંતુ, 'પૂર્વની રાણી' તરીકે ગણાતા હિંદુસ્તાનમાં તો નાણાંનો આવો દુકાળ કયારે યે નથી પડેલો. અંગ્રેજોના આગમન વખતે યે અહીં ૧૩૯ પ્રકારની સોનામહોરો, ૬૧ પ્રકારનાં સોનાનાં હોન (દક્ષિણ ભારતમાં વપરાતા સિક્કા, જે 'પેગોડા' પણ કહેવાતા), ૫૮૦ પ્રકારના ચાંદીના રૂપિયા અને ૨૧૪ પ્રકારના પરદેશી સિક્કા પ્રચલિત હતા.

ઈસ્ટ ઇંડિયા કંપનીનો કારોબાર હિંદ પર શરૂ થયો ને તેણે હિંદનું બધું પ્રચલિત નાણું બંધ કરાવ્યું. ૧૮૩૫ના ૧૭મા કાયદાથી એક તોલા (૧૮૦ ગ્રેન)ના રૂપિયાનું તેણે માધ્યમ તરીકે ચલણ ચાલુ કર્યું. હિંદી પ્રજાનું મન છતાં સોનાનાણા તરફ વધુ ઢળેલું લાગતાં ૧૮૪૧માં કંપનીએ જાહેર કરેલું કે, ચલણમાં ન હોવા છતાં પંદર રૂપિયાની કીમતે ખજાનામાંથી કોઇને પણ સોનાની મહોર આપવામાં આવશે. પરંતુ ૧૮૫૨થી તો એ યે બંધ કરી દેવામાં આવ્યું ને આથી હિંદી રૂપિયાના વિદેશી હૂંડિયામણના દર તદ્દન અનિશ્ચિત બની ગયા.

આ હૂંડિયામણની મારમાંથી બચવા પાંચ હજાર યુરોપિયનો અને સાત હજાર હિંદીઓની સહીવાળું એક અરજપત્ર વિલાયત મોકલવામાં આવતાં ઠેઠ ૧૮૯૨માં આ બાબતની તપાસ કરવા હર્શલ કમીશન નીમવામાં આવ્યું. તેના રીપૉર્ટને અનુસરી ૧૮૯૩માં હિંદની બધી ટંકશાળો બંધ કરી દેવામાં આવી, પણ એથી તો રૂપિયાની કીમત કૃત્રિમ રીતે વધી ગઇ. ઈ. ૧૮૯૮માં હેન્રી ફાઉલરના પ્રમુખપણા

નીચે ફરી એક કમીશન નીમવામાં આવ્યું. એણે તો ભારતને કપાળે સોવરિનને પ્રચલિત સિક્કા તરીકે ઠોકી બેસાડ્યો એટલે હિંદ ઓલામાંથી નીકળી ચૂલામાં પડ્યું રૂપિયા વટાવી સોવરિનમાં ભરપાઇ કરવાથી હિંદને હુંડિયામણની જતી અસહ્ય ખોટ તો કોઈ અર્થશાસ્ત્રી જ સમજાવી શકે. અને બીજી વાત. રૂપિયાના મૂલ્ય પ્રમાણે તેની અંદર ચાંદીનું પ્રમાણ ખૂબ કમી કરી નાખવામાં આવ્યું હોઇ, હિંદના ઇતિહાસમાં પહેલી જ વાર આપણો રૂપિયો એક પ્રમાણિક સિક્કો મટી ગયો છે.

એક બીજા દેશોના ચલણ વચ્ચે હુંડિયામણના આવા ગૂંચવાડા માણસે સ્વીકારેલા નાણાંના ધોરણથી જ ઊભા થાય છે એ ખરૂં છે, છતાં આજની સંસ્કૃતિમાંથી તેને પાછું ખેંચી લઈ શકાય તેમ નથી એ પણ એટલું જ ખરૂં છે. અસંસ્કૃત કે અર્ધસંસ્કૃત જાતો હજુ તેમ કરી શકે. જેમ હજુ યે ઉત્તર અમેરિકામાં તમાકુ ને બીવરનાં ચામડાં, આબીસીનિયામાં મીઠા ને ચીનમાં ચાની દબાવેલી લગડીઓ, મંગોલિયામાં સોયો વગેરે વપરાય છે તેમ. અગર તો રાષ્ટ્રે રાષ્ટ્ર તેમ કરી શકે જેમ જર્મનીએ બ્રાઝીલને પોણો લાખ ટન કોલસા આપી બદલામાં કૉફી લીધી હતી તેમ.

નાણાંના માધ્યમ તરીકે ધાતુ સિવાય તો કંઇ ન ફાવે એ દેખીતું છે, કારણકે તેને ગમે તેમ ઢાળી શકાય છે ને ચાહે તેવી છાપ તે પર ઉઠાડી શકાય છે. પણ એ ધાતુઓ પણ અખતરાથી પર નથી રહી. સ્કૉટલૅંડે કલઇ ને લોઢું સુદ્ધાં અજમાવી જોયું હતું ને રશિયાએ તો પ્લૅટિનમ પર પણ નજર દોડાવી હતી. પરંતુ એની મોંઘારત ને મેળવવાની દુષ્કરતા તથા પીગાળવાની મુશ્કેલીને લીધે આખરે ૧૮૪૫માં એ પડતું મૂકેલું.

અત્યારે સિકકા માટેની મુખ્ય ધાતુઓ રૂપું ને તાંબું જ લેખાય. સોનું મુખ્ય ન લેખી શકાય. સોનાના સિકકામાં ૨૨ ભાગ સોનું, રૂપાના સિકકામાં અરધું રૂપું, ને તાંબાના સિકકામાં ૯૫ ભાગ તાંબુ અને બાકી મિશ્ર ધાતુઓ મેળવવામાં આવે છે. અને હવેના સિકકામાં તો પહેલાં જેવી અનાકર્ષકતા યે નથી રહી. તેનાં સુશોભન અને છાપ ઉપર અત્યારે ખાસ ધ્યાન આપવામાં આપવામાં આવે છે. વળી પહેલાં જેમ વેપારીઓ સિકકા પાડી શકતા હતા તેને બદલે આજે બધા સિકકા રાજ્ય તરફથી જ બહાર પાડવામાં આવે છે.

નાણાંની અગત્ય ખરેખરી તો ગઇ કેટલીક સદીઓથી વધી છે. તેનું કારણ આંતરરાષ્ટ્રીય વેપારમાં થએલો વધારો છે ને એટલે જ સોનાનાણાંનું મહત્ત્વ છે. જુદા જુદા રાષ્ટ્રો પોતપોતા વચ્ચે વ્યવહાર કરે ત્યારે બંનેનું જે સામાન્ય માધ્યમ રહેવું જોઇએ તે એકલું સોનું જ પૂરૂં પાડી શકે છે.

પરંતુ મહાયુદ્ધ પછી જગતના આગળ પડતા ઘણા રાષ્ટ્રોએ સોનાની બાબતમાં દીવાળું કાઢ્યું છે, ને પોતાનાં સોનાનાં ચલણ છોડી દીધાં છે. નાણાંના આપણે સ્વીકારેલા ધોરણે એની ગમે તે અસર થાય, પણ એટલું તો ચોકકસ થાય છે કે નાણાંને એની પોતાની કશી કીમત નથી. માત્ર આપણે સ્વીકારેલી કીમતનું જુદે જુદે રૂપે એ પ્રતીક જ રહે છે. **અશોક હર્ષ**



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.

સંયોગો માણસને દુ:ખ નથી બનાવતા. સંયોગો માટે તેણે બાંધી લીધેલો અભિપ્રાય જ તેને દુ:ખી બનાવે છે.

આપણને જે ગમતું હોય તે કરવા કરતાં જે જરૂરી હોય એ કરવા લાગતાં આપણે ઓછું દુ:ખ આમંત્રીએ છીએ.

વધુમાં વધુ વાતો કરતો રહેનાર થોડામાં થોડું વિચારનાર બને છે.

પારકા મ્હોંએ પોતાની થતી નિંદા અને ભૂલો વાસ્તે ઠપકો સાંભળવાની તૈયારી એમાં જ માનવતાની સાચી કસોટી રહેલી છે. ઠપકો સાંભળી, ભૂલ સુધારી ઠપકો ભૂલી જવો એ જ ખરી મર્દાનગી.



સાબરના પૂરમાં


તારંગાનો એક વર્ષાપ્રવાસ

સંવત ૧૯૮૯ના શ્રાવણ માસની આ વાત છે. જન્માષ્ટમીની રજાઓ ઉપર ઇડરથી તારંગા પગપાળા જવાનો નિશ્ચય કરી રાંધણછઠને દિવસે સાંજના અમે ઊપડ્યા. અમારી મૂળ યોજના તો રાત્રે વેરાબર રોકાઈ બીજે દિવસે વહેલી સવારે રવાના થઇ બપોર થતાં સુધીમાં તારંગા પહોંચી જવાની હતી. પણ અમે નીકળ્યા ત્યારે જ દિશાઓ ગોરંભાએલી હતી અને જાણે આકાશી ગોધલાઓ પત્થર સાથે ઘસાઇ ઘસાઇને પીઠની ચળ શમાવતા હોય એમ જળભરિત મેઘમાળ ડુંગરાઓને અથડાઇને દોડી રહી હતી. એકાદ કલાક ચાલી ડુંગરી વટાવી અમે મેદાનમાં ઊતર્યા એટલામાં રૂમઝુમ કરતું એક ઝાપટું અમને ઘેરી વળ્યું. અરધોએક કલાક પછી જ્યારે વરસાદ વળી ગયો ત્યારે પ્રકાશની આભા જળભર વાદળના કાંગરે કાંગરે પ્રસરી રહી હતી. બેતરોમાં ખીલેલી વનસ્પતિનો પોપટિયો પથરાટ, હમણાં જ પડીને હસી રહેલાં તાજાં જળકણો, અને ધોવાએલી ચકચકિત ડુંગરમાળ એ ત્રિવિધ શોભાને હૃદયમાં ભરતા અમે ઉતાવળે ડગ ભરવા લાગ્યા. ખૂબ અંધારૂં થઈ ગયા પછી આશરે એક કલાક ચાલીને અમે કાવા ગામ પહોંચ્યા ત્યારે વેરાબરનો વિચાર છોડી દઇ રાતની રાત ત્યાં જ પડી રહેવાનો નિરધાર કરી અમે પટેલના ઘર તરફ ગયા.

સવારે વહેલા ઊઠી અમે ચાલવા માંડ્યું. ગામ બહાર જતાં જ વરસાદથી ધોવાએલી સ્વચ્છ રેતીમાં બેઠેલું એક ઊંટનું ટોળું જોયું. એના રખેવાળ પણ ત્યાં જ હતા. એમાં એક જ માણસ જાગતો હતો; બાકીના બીજા પછેડીઓ ઓઢીને પડેલા હતા. ઊંટની જાત સ્વભાવે ઘણી અજડ હોવા છતાં શરીરે સુંવાળી હોય છે. શિયાળોઊનાળો તો એ વૈતરૂં કર્યા જ કરે, પણ ચોમાસામાં એને આરામ જોઇએ. વરસાદ પડ્યા પછી તો એની માવજત મુરબ્બીની માફક રાખવી પડે. દિવસે એ જંગલમાં ઝાડપાન ચર્યા કરે અને રાત્રે ગામ બહાર સ્વચ્છ ખુલ્લી જગ્યામાં એને બેસાડવા પડે. ચોમાસામાં તો ઊંટ લગભગ ગામમાં પેસે જ નહિ. કારણ ગામમાં પુષ્કળ કાદવ અને માખીઓ હોય છે; એથી જો જરાક સંભાળ ન રહે તો ઊંટની સુંવાળી ચામડી કોહી જઇ તેમાં જીવાત પડે છે અને એ ચેપ ફેલાઇ કવચિત પ્રાણઘાતક પણ નીવડે છે.

ત્રણેક માઇલ ચાલી બોરોનું જંગલ વટાવી અમે વેરાબરની ધાંટીમાં પેઠા ત્યારે વાદળ જરા હટી ગયું હતું અને વરસી રહેલી વાદળીઓ નિશાળમાંથી છૂટેલાં બાળકોની માફક ચોમેર નાસભાગ કરી રહી હતી. દૂરના ડુંગરાઓ આકાશમાં ચડઊતર ચિત્રામણ કરેલું હોય એવા લાગતા હતા અને એક ચકચકિત રેખા જેવું સાબરનું વહેન આઘેથી ઝગી રહ્યું હતું. નાસ્તો કરી અમે નવેક વાગતાં વેરાબરથી નીકળવાની તૈયારી કરી, એટલામાં તો સમાચાર મળ્યા કે ત્રણ દિવસથી સાબરનાં પૂર ઊતર્યાં ન હતાં અને સામે પાર જવું એ લગભગ અશક્ય હતું. અમે જરા ખમચાયા તો ખરા, પણ છેવટ સામે પાર ન જ જઇ શકાય તો સાબરનાં પૂર જોઇને પાછા ફરવાનો નિરધાર કરી આગળ વધ્યા.

અમે નીકળ્યા એ જ વખતે ફરીથી આકાશ



ઇડરથી નીકળી વેરાબરને માર્ગે થઇ કુદેડા આગળ સાબરમતી ઓળંગીને તારંગા અને ત્યાંથી ઊડણીને રસ્તે પાછા વળતાં સાબરમતી ઓળંગી કાવા થઇને પાછા ઈડર––એ માર્ગ બતાવતો નકશો

મેઘમાળાથી છવાઇ ગયું અને જાણે હમણાં જ જોતજોતામાં ત્રમઝટ વરસાદ તૂટી પડશે એમ લાગ્યું. ખેતરોની કેડીમાં કાદવ ખૂંદતા કલાકેક ચાલી અમે એક વહેળા ઉપર આવી પહોંચ્યા. ત્યાં એક ખેડૂત બળદ ચારતો હતો તેને બોલાવીને અમે રસ્તો પૂછ્યો. અમારે તારંગા જવું છે. એ સાંભળીને એ ક્ષણભર ડઘાઇને અમારી સામે જોઇ રહ્યો અને પછી બોલી ઊઠ્યો: 'પણ સાબર તો ગાંડી છે.' આખરે એણે અમને થોડે દૂર ચાંડપ ગામના કિનારે જઇ ખાત્રી કરી જોવા સૂચવ્યું.

ત્યાંથી આગળ વધી અમે થોડુંક ચાલ્યા હોઇશું એટલામાં તો એક ડુંગરના ગોદમાં કેટલાંક પડી ગએલાં ઘરનાં ખંડિયેર અને એમની વચમાં ક્યાંકક્યાંક પડુંપડું હાલતમાં ટકી રહેલાં પંદરેક ઝૂંપડાં સરખાં ઘર જોયાં. એક ઝૂંપડામાં ગાભા જેવાં લુગડાં પહેરેલી એક આધેડ બાઇને પૂછતાં માલૂમ પડ્યું કે આ ખંડિયેરો એ જૂનું ચાંડપ ગામ હતું. આ ગામ ભાંગીને સાબરની નજદીક એક નવું ગામ વસ્યું હતું. અને તે અહીંથી અરધોએક માઇલ દૂર હતું. ઘણાખરા પહોંચતાપામતા લોકો તો નવા ગામમાં વસવાટ કરવા ચાલી ગએલા, પણ જેઓ અત્યંત ગરીબ હાલતમાં હતા તેઓ આ સ્થળ છોડી નવા વસવાટનું ખચ વહોરી શકે તેમ ન હોઇ અહીં જ પડી રહેલા.

આવાં દસબાર ઠાકરડા કુટુંબો અહીં રહેતાં હતાં. અત્યારે પુરુષો ખેતરમાં કામે ગએલા હોઇ આ આધેડ ઉમરની બાઇ બીજી ઝૂંપડીઓમાંનાં બેચાર ડોસીડગરાં અને થોડાં અર્ધનગ્ન ગંદાં બાળકો સિવાય આ નિર્જન ગામ સૂમસામ જેવું જોનારને ખાવા ધાતું હોય એવું બિહામણું લાગતું હતું. ભાંગેલું ગામ, તૂટેલાં ખંડિયેરો, ખળભળી ઊઠેલી ઝૂંપડીઓ, લૂંટાયા સરખી બેત્રણ નારીઓ, એ સર્વને આવરી લેતો સૂનકાર અને પ્રલયના પૂરમાં રહ્યુંસહ્યું ડૂબાવી દેશે એવી ડરામણી મેઘમાળ આખું દશ્ય કોઇ છાતીધડા માણસને પણ ક્ષણભર ફડક પેસાડી દે તેવું હતું.

ત્યાંથી ચાલીને અમે નવી ચાંડપના આરા તરફ જતા હતા એટલામાં અમને એક માણસ સામો મળ્યો. તેણે કહ્યું કે ચાંડપના આરે તો ગોળી ફરતી નથી. એટલે ત્યાં જવામાં સાર ન હતો. એણે રામપુર–કુદેડા અને ઊડણી એમ બે સ્થળો નદી પાર કરવા માટે બતાવ્યાં; કારણ આ બંને આરે તારાઓ સામાન્ય રીતે ગોળીઓ ફેરવતા હોય છે. ઊડણીને આરે તો કદાચ તરાપો પણ મળી જાય અને ત્યાં પટ સપાટ અને પહોળો હોવાથી ઊતરવાનું પણ વધારે સહેલ પડે. આમ તેણે વિગતવાર ફોડ પાડીને હકીકત કહી. પણ ઊડણી અહીંથી ઘણું દૂર હતું, જ્યારે રામપુર–કુદેડા માત્ર કલાકનો જ રસ્તો હતો; એટલે આખરે અમે કુદેડા જવાનું નક્કી કરી એ તરફ વળ્યા. થોડે દૂર ગયા એટલામાં ચારપાંચ બાઇઓ અમને સામી મળી.

તેઓ સામે પારના જ એક નજીકના ગામની હતી અને સામાન્ય રીતે ફુદેડાની બાજુમાં એમનો રસ્તો હતો; પણ આજે નદી પાર કરવા ઊડણી જેટલે દૂર જઇ સોદીભાઇના ડાબા કાનની પેઠે મોટો ચકાવો ખાવાને તેઓ તત્પર થઇ હતી. અમે આ સાંભળી ખરેખર વિમાસણમાં જ પડી ગયા. શહીદ થવાનાં સ્વપ્નાં તો સેવેલાં હતાં જ નહિ, એટલે ક્ષણભર તો એમ થયું કે કે ચાલો આપણે પણ ઊડણી તરફ જઇએ. ઘડીભર એમ પણ થયું કે પ્રથમથી જ સમજીને ઊડણી ગયા હોત તો ઠીક થાત. પણ કાદવ ખૂંદી ખૂંદી પગ થાકી ગયા હતા અને ઊડણી એટલું બધું દૂર હતું કે આ વિચાર કર્યો પાલવે એમ ન હતું. વળી ઊડણીથી તારંગાનું અંતર પણ સીધા રસ્તા કરતાં ઘણું વધારે થાય; એટલે આટલું આવ્યા પછી આ અવળી ખેપનો વિચાર આખરે પડતો જ મૂક્યો અને ફુદેડાના આરે જઇ નસીબ અજમાવી જોવાનું જ નક્કી કર્યું. સાથે સાથે એ પણ ચોક્કસ કરી લીધું કે પાણી વધારે હોય તો પૂર જોઇને પાછા ફરવું.

થોડે દૂર પહોંચ્યા નહિ હોઇએ એટલામાં તો ચોમેર અંધકાર ફેલાવતી ઘનઘટામાંથી ત્રમઝટ વરસાદ તૂટી પડ્યો અને નદી પાર કરવાની અમારી આશા ઉપર પાણી ફરી વળ્યું. આમ પોણોએક કલાક જોસબંધ પાણી પડ્યું અને સાબરની શાખારૂપ વેકરી નદી અમે ઓળંગી ત્યારે તેમાં પૂર નહિ હોવા છતાં તાજા વરસાદથી એનું વહેન વધ્યું હતું. પણ અમે જેમ તેમ કરીને ફુદેડાની નજદીક તો પહોંચ્યા. એટલામાં દિશાઓ ઊઘડવા લાગી અને વરસી રહેલાં વાદળાં ફરીથી એકવાર નાસભાગ કરવા લાગ્યાં. ગામમાં પેસતાં જ અમે પૂછપરછ શરૂ કરી. એક માણસને ખભાપર માટીની મોટી કાળી ગોળી લઇને ઠાકરડાના વાસમાંથી નીકળતો અમે જોયો. એણે કહ્યું કે પોતે હડોલ ગામનો તારો હતો અને સવારે દસ વાગ્યે સાબર પાર કરીને તે આવેલો હતો. અત્યારે સામે પાર જવા માટે જ એ નદી તરફ જઇ રહ્યો હતો અને અમારી ઇચ્છા હોય તો પોતાની જ ગોળી ઉપર અમને નદીપાર કરી આપવાની એણે દરખાસ્ત કરી.

હું તો એકદમ આશાવંત થઇ ગયો, પણ મારા સાથી (અમે બે જ જણ પ્રવાસમાં હતા) વેરાબરના રહીશ હોઇ અહીંની પરિસ્થિતિઓથી વિશેષ પરિચિત હતા. એમણે મને અંગ્રેજીમાં જણાવ્યું કે આ તારો માત્ર પૈસા લેવા માટે નદીપાર કરવામાં મુસ્કેલી ન હોવાનું જણાવતો ન હોય તેની શી ખાત્રી? મને, એ વખતે, અત્યારે છે તેટલો ગામડાંઓનો નિકટ પરિચય ન હતો એટલે ગામડાંનાં માણસો નિર્ભેળ સત્યવક્તા અને નિર્દોષતાની પ્રતિમૂર્તિઓ જ હોઇ શકે એવી કવિકલ્પનામાં (કે ભ્રમમાં) જ હું હરદમ રહેતો, એથી મારા સાથી આવી અનુચિત શંકા કેમ લાવે છે એનું મને સહેજ આશ્ચર્ય પણ લાગેલું. પણ નદી સુધી તો અમારે જવું જ હતું એટલે નદીપાર કરવા સંબંધી આખરી નિર્ણય તારાને જણાવ્યા વિના અમે તેની સાથે વાતો કરતા ચાલ્યા. ગામ બહાર ગયા એટલામાં તો વાદળ અરધાંપરધાં વિખરાઇ ગયાં હતાં અને સૂરજ પણ હળવેથી ડોકિયાં કરી વાદળિયો તડકોછાંયડો કરી રહ્યો હતો. આમ લગભગ પોણો માઇલ ચાલીને અમે કિનારે પહોંચ્યા ત્યારે સૂરજ ઠીકઠીક પ્રકાશ ફેંકી રહ્યો હતો અને અરધો કલાક પહેલાં જે ત્રમઝટ ઝડીઓ પડી રહી હતી તથા સૂરજનું નામનિશાન પણ નહોતું જણાતું એવું ક્યાંય લાગતું ન હતું. જાણે ખાસ વરસાદ પડ્યો જ ન હોય—માત્ર એક રસની છાંટ ઝરમર ઝરીને સૃષ્ટિને હસાવી રમાડી રૂમઝુમ કરતી ચાલી ગઇ હોય—એમ ચોમેર હળવું હળવું લાગતું હતું. ગમે તેવી અતિવૃષ્ટિને અંતે પણ જ્યારે સૂરજ એકવાર ફરીથી પૂર બહારમાં પ્રકાશી ઊઠે છે ત્યારે સૃષ્ટિ હતી તેથીયે વધુ હળવી લાગે છે અને જાણે કોઇ અસાધારણ બનાવ કદી બન્યો જ નથી એમ મન માનવા મંડી પડે છે. એ તો વૃષ્ટિએ કરેલી વેરણછેરણની પૂર્ણ વિગતો આપણે પ્રત્યક્ષ જોઇએ અથવા પરોક્ષ સાંભળીએ ત્યારે જ માલૂમ પડે કે મામલો જુદી જ જાતનો છે—ત્યારે જ ભાન આવે કે પ્રકૃતિનો પછડાટ એ હરદમ કોમળ કવિકલ્પના જ નથી, ક્વચિત્ કંપાવી નાખે એવી કારમી ઘટના પણ છે.

આજે તો વરસાદ પણ એટલો બધો ન હતો, અને વળી સૂરજ પ્રકાશી રહ્યો હતો, એટલે ભરપૂર હોવા છતાં સાબર જાણે ધીરગંભીર હસી રહી હતી. મેવાડમાં થએલી મોટી વૃષ્ટિને કારણે એના બેય કાંઠે

પાણીની ખૂબ હલચલ મચી રહી હશે એમ કિનારા પર પડેલા એવાળની લાંબી લીટીથી જણાતું હતું. એવાળની લીટીથી પાણી અત્યારે ઠીકઠીક હટી ગએલાં હતાં. એટલે પૂર ઉતાર ઉપર હતાં એમ ચોખ્ખું જણાઇ આવતું હતું. પણ સાબરનાં પૂર ઊતરવા માંડ્યા પછી પણ ગોળી ફરે એટલાં ઓછાં તો કદિક કદિક બેત્રણ દહાડે થાય છે એટલે એવાળની લીટીથી પાણી પાછાં હઠે કે તરતજ એમાં પડી શકાતું નથી. ત્રણચાર દિવસથી પૂર ઊતરતાં હતાં એટલે દેખાવ છેક જ રૌદ્રરૂપ પણ ન હતો. પૂરની શરૂઆત હોય છે ત્યારે તો પ્રલયકાળના તાણ્ડવ જેવો ચોમેર દેખાવ થઇ જાય છે. પ્રવાહની છોળોના પછડાટમાં ઝાડોનાં ઝાડ ડબકડબક કરતા ઊંચાંનીચાં થતાં હોય, મોટા કાંટાના થર તરાપાની માફક પાણી ઉપર ડોલતા હોય અને ચોમેર જ્યાં જુઓ ત્યાં કચરાના કાળા કાળા ફેગા પાણી ઉપર ફરી વળતા હોય. પણ પૂર શાન્ત ધરવા માંડે છે એટલે ઝાડઝાંખરાં ઓછાં થઇ ફક્ત પાણીના લોઢ જ ઉછળી રહે છે. આજે તો સાબરનાં પૂર કાંઇક સૌમ્ય થયાં હતાં અને સૂર્યનો પ્રકાશ એની સૌમ્યતામાં વધારો કરતો હતો.

સાબરનાં પૂર પ્રચંડવેગી અને મહાઉછાળ હોવા છતાં એક રીતે તો નાની નદીઓને મુકાબલે એ સૌમ્ય રૂપ જ ગણાય. હાથમતી અને હરણાવમાં પાણીનો પ્રવાહ જો કે સાબરને મુકાબલે કાંઇ વિસાતમાં નહિ, છતાં એનો ઘુઘવાટ એટલો ઘેરો હોય છે કે દૂરથી આપણને ચોક્કસ ખબર પડે કે નદીમાં આજે પૂર છે અને કાંઠે જઇને ઊભા રહીએ ત્યાં તો પાણીના પ્રચંડ પછડાટથી કાન બહેર મારી જાય. સાબરમાં ઘોડાપુર હોય ત્યારે પણ દૂરથી તો નદીમાં પૂર હશે કે કેમ તેની શંકા જ રહે. માત્ર કિનારે જઇએ ત્યારે ખ્યાલ આવે કે હાથીનાં ટોળેટોળાં મદમસ્ત બનીને સામસામાં ઊછળી રહ્યાં હોય એવા લોઢ પછાડતી રેલ સહસ્ર ફણા ફેલાવી ધસમસી રહી છે. સાબરના પૂરનો અવાજ નહિ જેવો જ. એ ગાજતી નથી, પણ ઊંડાણમાંથી એક હુંકાર કરતી હોય એમ એનાં પાણી હમહમી રહે છે. જેમ કોઇ મહાકવિની વાણી એની ટોચે ઝડઝમક કે પ્રાસાનુપ્રાસના શબ્દઘોષમાં પડતી નથી, પણ ગર્ભિત અર્થસૂચનદ્વારા વિશાળ વ્યંજના પ્રકટીને ભાવની ભરતી કરી દે છે, એમ સાબરનાં પૂર નિર્ઘોષ ભવ્યતાથી વહે છે. મૌનમાં જ સાચી મહત્તા છે એવો જાણે નિરધાર જ કરી લીધો હોય એમ એ ભાગ્યે જ મૌનભંગ કરે છે.

આથી યે વધુ જાણવા જેવી હકીકત એ છે કે સાબરના પટમાં ગોળી ફેરવવી એ મુકાબલે બીનજોખમી અને સરળ હોય છે. હાથમતી કે હરણાવમાં ગોળી ફેરવવી એ ઘણું અઘરૂં કામ, કારણ ગોળી ગમે તે સ્થળે પત્થર સાથે અથડાઇ પડવાની પૂરી બીક; એટલે ખૂબ સાચવીસાચવીને તારાઓને કામ લેવું પડે અને એમ સાચવતાં યે સો ટકાનું જોખમ. ઉપરાંત પાણીની ભમરીઓમાં ઠેરઠેર ફસાઇ પડવાનો અને ઉનારૂને એકાદ ભેખડ કે પત્થર ઉપર હાથપગ કે માથું ભાંગી બેસવાનો પણ પૂરતો સંભવ. સાબરના પૂરમાં તો પત્થર સાથે અથડાઇ પડવાની ક્યાંયે બીક નહિ, એટલે એમાં તો હળવે રહીને ગોળી મૂકી દેવાની અને સડસડાટ ત્રાંસમાં તરી નદી ખેંચી જાય તેટલે દૂર સામે કિનારે નીકળી જવાનું. ક્વચિત અરધોપોણો માઇલ દૂર નદી ખેંચી જાય તો પણ ડરવાનું નહિ. માત્ર ક્યાંક ભમરી આવે તો સંભાળી લેવાનું અને એ વખતે તરવાની ક્રિયા કરવાનું છોડી દઇ, ગોળીને સ્થિર કરી પાણી એકાદ બે ચક્રાવા લેવડાવે તે લઇ, ફરીથી એકવાર ભમરીની બહાર આપમેળે જ જઇ પડયે પાછા ત્રાંસમાં ગોળીના આધારે તરવા માંડવાનું. આમ સાબરને ખાસ ઘોડાપૂર ન હોય એવાં બધાં જ પૂરોમાં ગોળી મારફત ઘણુંખરૂં સહેલાઇથી પાર કરી શકાય. વળી સાબરને આરે ગોળીઓ ઠેરઠેર ફરી શકે છે, કારણ કે એનું વહેણ પૂરમાં પણ સમધારણ હોવાથી થોડાં અપવાદનાં સ્થળો સિવાય લગભગ બધે જ સ્થળેથી એ પાર કરી શકાય છે. હાથમતી અને હરણાવમાં અમુક ચોક્કસ સ્થળોએ જ ગોળી ફરી શકે અને ત્યાં પણ જરાક આઘાપાછા થઇ ગયા કે ગોળી અકસ્માતથી ફૂટી ગઇ તો તારા અને ઉતારૂ બંનેના ઘણુંખરૂં તો બાર વાગી જવાના! પણ સાબરમાં ગોળી ફૂટવાનો સંભવ નેવું ટકા ઓછો, અને કદાચ અસાધારણ સંજોગોમાં એવું બની બેસે તોપણ તારાઓ લગભગ બચી જ જાય અને ઉનારૂની કેડે તુંબડાં બાંધેલાં હોય તો એ પણ બેત્રણ માઇલ દૂર ખેંચાઇ જઇને કે એકબે

ઘડા પાણી પી જઇને કદાચ કિનારા પર બેભાન હાલતમાં યે બહાર નીકળી આવે ખરો. અને બેભાન હાલતમાં જો કોઇ ઉતારૂ બચી જાય તો એને સાજા થવામાં એટલી તકલિફ નહિ, કારણ વરામનું તો ભાગ્યે જ વાગેલું હોય.

આમ, સાબર પૂરમાં પણ માતા જેવો એનો સરલ સ્વભાવ છોડી દેતી નથી. માત્ર ઘોડાપૂર હોય ત્યારે, ક્વચિત મા પણ માઝા મૂકે એવું એનું થઇ જાય છે, એટલે એ વખતે એનો વિશ્વાસ નહિ. બાકી તો પૂરમાં યે એની સાથે સામાન્ય રીતે સ્નેહ કરી શકાય;—અલબત્ત, એ બાબતમાં ઉચ્છૃંખલ થવાનું તો નહિ જ. જેમ કોઇ માતા કારણવશાત્ ગંભીર બની જાય ત્યારે બાળક એને કુપિત થએલી માનીને કાંપતુંકાંપતું એની પાસે જતું નથી, છતાં જો જઇ ચડે તો મા છાતી સાથે ચાંપીને એને અભય બનાવી મૂકે છે, એવું સાબરનું યે છે. સાબરનાં પૂર જોઇને એક વખત ખમચી જનારને પણ બેત્રણ વખત હિંમત રાખી ગોળી ઊતર્યા પછી એમ થાય કે 'અહો! આમાં તે શું? આ તો બહુ સહેલ છે.' પણ આ સહેલું કામ આપણી પોતાની તાકાતના પરિણામરૂપ છે એમ ગણવાની ઉતાવળ કરવી એ ભૂલ છે. એની પાછળ તો સાબરના સ્વભાવની સહજ સરળતા છે.

એક આ વાત પણ અહીં જ કરી લઇએ. સાબરનો પટ સામાન્ય રીતે એટલો વિશાળ છે કે આડે દિવસે પટના પ્રમાણમાં એમાં વહેતો પાણીનો પ્રવાહ છેક પાતળો જ લાગે. પટની આ વિશાળતાને લીધે પૂરમાં યે એનાં પાણી પટ કરતાં સહેજ ઓછાં જ હોય છે. માત્ર ઘોડાપૂર આવે ત્યારે જ સાબર છલોછલ થતી હોય એમ લાગે છે, અને આવા પ્રસંગે પણ ઘણુંખરૂં એ માઝા તો મૂકતી નથી જ; એટલે એ છલકાઈ જઈ નુકસાન પહોંચાડવાના કિસ્સાઓ બહુ ઓછા જ બને છે. મહી કે વિશ્વામિત્રી રેલાઇને કાંઠાનાં ગામોને નુકસાન પહોંચાડ્યાની આપણે વારંવાર વિગતો સાંભળીએ છીએ, જ્યારે સાબરને વિષે એવા સમાચાર ભાગ્યે જ સાંપડે છે. એનું કારણ એ નથી કે તે નાની નદી છે તેથી ઓછી તોફાની છે. એનું કારણ તો જે આવે તેને સમાવી દે અને ઘોડાપૂરને પણ પૂરી મૂકે એવું એનું વિશાળ પેટાળ છે. પેટ નાનું હોય અને પાણી વધારે ભરાતાં હોય તો ગમે તે નદીને છલકાવું જ પડે; પણ સાબરને સુભાગ્યે સરળતાની સમૃદ્ધિ સાથે પટની વિશાળતા પણ વરેલી છે.

આજે સાબરને પાર કરવી કે કેમ એ અમારે વિચારવા જેવું તો હતું જ; હજી તો ગઇ કાલ રાતથી જ પૂર મોળાં પડવા માંડ્યાં હતાં, જે પછી હડોલ ગામનો અમારી સાથેનો તારો પોતાના અંગત કામે પ્રુદેડા આવેલો તે હવે પાછો જતો હતો. રીતસર ગોળી તો ફરતી ન હતી અને અમારા સિવાય બીજા કોઇ ઉતારૂ પણ ન હતા. વળી આ આરો ઊતરવા માટે એટલો સલામત નથી એવું અમને સૂચન પણ મળેલું, એટલે તારાએ આપેલી ખાતરી છતાં અમારૂં મન ઢચુપચુ હતું. પણ સામે નજર કરી તો ડુંગરમાળ ઝઝૂમી રહી હતી અને એની વચ્ચે અમારી બરાબર સામે જ તારંગાનો ડુંગર, એક મોટો સાંઢ ખૂંધ કાઢીને ત્રાંસો બેઠેલો હોય એવો શોભતો હતો. તારંગાની ઉપલી ટોચ અહીંથી બરાબર સાંઢની ખૂંધ જેવી જ લાગે છે; એટલે જાણે નન્દી કૈલાસને છોડીને સાબરનાં પાણી પી અહીં નિરાંતે બેઠો હોય એમ ઘડીભર કલ્પનાવિહાર કરવાનું મન થઇ જાય છે. એ જોઇને મારૂં ડહાપણ ચળી ગયું અને સામે પાર જવાનું નિશ્ચયબળ મેળવવાની પ્રબળ ઇચ્છા થઈ આવી. મેં મારા સાથીનો દાણો દબાવી જોયો, પણ એ ઉમરમાં અને અનુભવમાં મારા કરતાં ખૂબ મોટા હતા એટલે એમ ભોળવાઇ જાય એવા ન હતા. આખરે મેં સાહસવાણી શરૂ કરી, એટલે એ પણ સ્વભાવે ગાઢ પ્રકૃતિપ્રેમી હોવાથી ઉત્સાહમાં આવીને બોલ્યા 'ચાલો ત્યારે, જે થાય તે ખરી!'

પણ એમણે તારાને પોતાના અનુભવ અને ડહાપણની કસોટી ઉપર કસી જોવાનું કર્યું. એમણે પૂછ્યું કે તેની પાસે તુંબડાં હતાં કે કેમ? પેલાએ કહ્યું કે તુંબડાની કાંઇ જરૂર જ નથી; એ તો સામે પાર છે. મારા સાથીએ તો તુંબડાં વિના પૂરમાં પડવાની સાફ ના પાડી દીધી એટલે પેલો સામે પાર જઇ તુંબડાં લાવવાને તૈયાર થયો અને ગોળી માંડીને પૂરમાં પડ્યો. ગોળી પર બે હાથ માંડીને છાતીથી તેને ધક્કેલતો ધક્કેલતો એ સડસડાટ ત્રાંસમાં વહી થોડીવારમાં તો

સામે પાર પહોંચી ગયો. અમે તો ઝીણી નજરે જોઇ જ રહેલા, એટલે એને સહીસલામત પહોંચેલો દેખી અમારા દિલમાં પણ વધારે હિંમત આવી. થોડીવાર પછી એ એક બીજા તારાને સાથે લાવી, આઘેથી પડીને ગોળીપર તરતો તરતો ત્રાંસમાં અમારી પાસે આવ્યો બંને તારાઓ સીંદરીથી વિંટાળેલું એકએક તુંબડું ગોળીમાંથી કાઢી ઊભા રહ્યા.

આટલી મહેનત કરાવ્યા પછી તો હવે સામે પાર જવું જ જોઇએ, એટલે અમે તૈયાર થયા અને થોડી વાતચીતને અંતે નક્કી કર્યું કે નવા આવનાર તારા સાથે મારે પ્રથમ નદી પાર કરવી. દરમિયાન મારા સાથી અને અમારી સંગાથે આવેલો તારો વિશ્રાન્તિ લે, અને અમે સહીસલામત ઊતરી જઇએ પછી તેઓએ પડવું. મેં કછોટો ભીડ્યો અને તુંબડું ક્યાં બાંધવું એમ તારાને પૂછ્યું. અમદાવાદમાં હું રહેતો ત્યારે વિદ્યાપીઠ, મીઠાખળી–નવરંગપુર કે એલિસબ્રિજની બાજુમાં, પૂર ઊતર્યાં પછીના ઠીક ઠીક પ્રવાહમાં અનેક વખત પડેલો; પણ એ વખતે તો કોઇ જોડીદાર સાથે તરતા તરતા જઇએ, અને એમાં અસાધારણ જોખમ જેવું તો હોયજ નહિ. એટલે પૂરમાં પડતાં તુંબડું બાંધવું પડે એનો તો મને ખ્યાલ સરખો યે ન હતો; પણ આજનો ઢંગ તો કાંઇક જુદો જ હતો, એટલે તારાએ બતાવ્યા પ્રમાણે મેં કસકસાવીને કમર પર તુંબડું બાંધ્યું અને પ્રવાહમાં પગ મૂકીને ઊભો રહ્યો.

તારાએ ગોળી માંડી અને કેડ જેટલાં પાણીમાં અમે ચાલીને ઊતર્યા. એટલામાં એના પગ સાથે કાંઇક અથડાયું, એટલે એણે એકદમ કૂદીને ડાબા હાથથી ગોળી ઝાલી જમણા હાથથી મારો ડાબો હાથ પકડી ત્વરાથી પાણીમાં ઝંપલાવ્યું. મેં બંને હાથ ગોળી ઉપર રાખેલા હતા, એટલે મારી પીઠનો ભાગ ઠીક ઠીક અદ્ધર રહેલો હતો. તેમાં તુંબડું પણ મને પાણીથી ઊંચે ને ઊંચે રાખવાનો પ્રયત્ન કરતું હતું, એથી હું લગભગ અરધો બહાર હોઉં એમ મને લાગતું, અને પાણીનું તાણ તથા વજન માત્ર પગ ઉપર જ જણાતું હતું. મને ત્યારે જ સમજાયું કે તારાઓ તરવા માટે ગોળી શા માટે વાપરે છે. ગોળી ખૂબ મોટી અને ઊંચી હોય છે અને એનું તળિયું જ પાણીને અડી રહે છે; એટલે એના ટેકાથી ખૂબ અદ્ધર રહી શકાય અને આમ ઉપલા શરીર ઉપર વજન ન આવે એટલે હાથ છુટા રહેવાના કારણે તરવાનું ફાવે.

તારો જે રીતે ગોળીની સાથે છાતી અડકાડી એને આગળ ધક્કેલવાનું કરતો હતો એ રીતે મેં પણ કરી જોયું; પણ એમાં હું કાંઇ ફાવ્યો નહિ અને ઉલટું મને અતડું અતડું લાગવા માંડ્યું. એટલે મેં તારાને પૂછી જમણો હાથ ગોળીથી છૂટો કરી ડાબા હાથે ગોળીને જોરથી કસકસાવી રાખી અને છુટા થએલા હાથથી પાણી કાપવાનું શરૂ કર્યું.

આમ અરધેક અમે આવ્યા હોઇશું, એટલામાં એક મોટું મોજું ગોળી સાથે અથડાયું અને ગોળી ફરી જતી હોય એમ ડોલી ગઇ. તારાએ આ વખતે સાવધાનીથી ગોળી થંભાવી દીધી, કારણકે જો ગોળી ચક્કર ખાઇ જાય તો એ કાં તો આધે સુધ: તણાઇ જાય, અથવા ઉતારૂના હાથમાંથી ગભરાટમાં છુટી જાય અને વિષમ પરિણામ આવે. હવે પાણીનું તાણ પણ ખૂબ લાગવા માંડ્યું હતું, અને અમે ઝપાટાબંધ પ્રવાહમાં ખેંચાઇ જતા હતા. પાણીનું મૂળ વલણ હડોલઆરા તરફ હતું, એટલે અમે જેમ ત્રાંસમાં આગળ વધતા હતા તેમ તાણનું જોર વધારે દબાણ કરતું હતું. આખરે અમે વેગના મધ્યબિંદુએ આવી પહોંચ્યા એટલે તાણ એટલું બધું જોરદાર બની ગયું કે ત્રાંસમાં વહેવાને બદલે અમે સીધા પ્રવાહની અંદર જ લાંબે સુધી ઘસડાઇ ગયા, અને સામો કિનારો જાણે જરા પણ નજીક ન આવતો હોય એમ લાગવા માંડ્યું! તારાએ એની પ્રચંડ તાકાતથી ગોળીને પકડી રાખી હતી અને ત્રાંસની દિશા એ અચૂક રીતે સાધી રહ્યો હતો. આમ થોડીવાર તણાયા બાદ તાણનું જોર કાંઇક નરમ પડ્યું, અને અમે વધુ ત્વરાથી કિનારા તરફ ધસી રહ્યા હોઇએ એમ લાગવા માંડ્યું. તારો એક જ મિસાલ તરી રહ્યો હતો અને અમારી ગોળી વેગથી છરછર કરતી પાણીને કાપી રહી હતી. આખરે કિનારો હાથવેંતમાં આવી ગયો અને અમારા પગ ફરીથી એકવાર ધરતીને અડી રહ્યા. પેટ જેટલે પાણી આવ્યાં એટલે ઊભા થઇને માર્ગ કાપતા અમે આરા ઉપર આવી ગયા અને તારાએ હળવેથી ગોળીને પાણીમાંથી ઉઠાવી લઇ કિનારાપર મૂકી.

મેં ગોળીમાં ઘાલેલાં મારાં કપડાં કાઢી ધોતિયું

બદલવાની શરૂઆત કરી. એટલામાં એણે ભીને ધોતિયે જ બેસી જઇ ભૂંગળી કાઢીને એમાં તમાકુ ભરી અને પાંચ સાત લાંબી સૂટ્ટો ખેંચી લીધા. ભૂંગળી હલવીને એ પાછો ઊભો થયો અને પ્રવાહને દૃષ્ટિથી માપી લેતો હોય એવી એક તીણી નજર એણે પાણી ઉપર ફેરવી. હું એના લોહદંડ જેવા બાહુઓ, ખડક જેવી છાતી અને સાંઢની ખૂંધ જેવા ખભા સાદર નિરખી રહ્યો હતો. પાટડા જેવી એની છાતી તાજા વ્યાયામથી વધારે ફૂલી હોય અને એના ઉપર રતાશ આવી હોય એવી લાગતી હતી અને એને તોડીને તાકાત બહાર નીકળવા માગતી હોય એમ એ આગળ ધસી પડતી હતી. વજ્રના નાના મોટા કટકાઓ કાપી કાપી જાણે મૂકી દીધા હોય એવું એનું સ્નાયુબદ્ધ શરીર હું નખશીખ જોઇ રહ્યો. મને થયું કે શરીરબંધારણમાં હિંદુસ્તાનની પ્રજા નબળી છે એમ કોણ કહી શકે? વ્યવસ્થિત લશ્કરી કે શારીરિક તાલીમ ન હોય એટલે તાકાતનું સંગઠિત આવિષ્કરણ ઓછું જ થઇ શકે. અને પેટ પૂરું ખાવા ન મળતું હોય ત્યાં તાકાત પણ ક્યાંથી ઊગી નીકળે? ગામડામાં ગરીબલોકને ઘી–દૂધ રોકડ પૈસાની તાણને લીધે કે દેવું અથવા વિઘોટી ભરવા દોર વેચવાં પડતાં હોઇ ઓછાં જ મળે છે. અને જેને ત્યાં હોય તેને પણ જે દિવસે છાશની ગોળી ફરે તે દિવસે એકાદ આંગળી માખણ કે રોટલાચોપડ જેટલું ઘી મળી જાય એ જ. આ સ્થિતિમાં પ્રજામાં શા રીતે બલ પ્રગટે? દૂધ તો વેચવા માટે કે દહીં કરવા માટે જ હોય એવો જ્યાં શિરસ્તો પડી ગયો છે એ દેશનાં બાળક લોહીઆળ અને દૂધમલ કેમ કરીને થાય? એમ છતાં ભૂખે મરતા ગરીબોમાં પણ ઘણીવાર પ્રચંડ, સ્નાયુબદ્ધ, ખડતલ શરીરો જોવા મળી જાય છે ત્યારે એમ જરૂર લાગે છે કે જો આ ગરીબ દેશમાં લોકની ગરીબી મિટાવી દઇએ તો અમાપ તાજગી, અથાગ બળ અને પારાવાર શક્તિની પ્રચંડ હલચલ મચી જાય.

બે ત્રણ મિનિટ પછી તારાએ મારી સામે જોઇને વાતચીત શરૂ કરી, એટલે મેં એને પૂછ્યું કે સામે કિનારેથી પડતી વખતે એ એકદમ કેમ કૂદ્યો હતો, અને ઉતાવળથી કેમ ઝંપલાવ્યું હતું. તેણે કહ્યું કે પહેલાં તો તેનો વિચાર રિવાજ મુજબ છાતી સુધી પાણીમાં ઊભા ઊભા જઇ પછી તરવાનો હતો, એટલામાં એના પગ સાથે મગર અથડાયો એથી એણે પડવાની ઉતાવળ કરી અને ઝંપલાવ્યું. હું તો એ સાંભળીને સડક જ થઇ ગયો અને લગભગ ડરી જ ગયો! કારણ મેં તો એના પગ સાથે એકાદ સાપ જેવું કંઇક અથડાયું હશે એમ ધારી લીધેલું પણ અહીં તો મગરનો મામલો નીકળ્યો. મેં શંકા કરી કે છેક કિનારા ઉપર એટલા પાણીમાં તો મગર ક્યાંથી હોય? એણે સમજ પાડી કે નદીના પૂરમાં સામાન્ય રીતે પોતાનું પૂછડું જમીનને અડી શકે એટલા પાણીમાં જ બંને બાજુ કિનારા ઉપર મગર હરેફરે છે. એ પ્રવાહની વચમાં કદી જાય નહિ, નહિતર એ પણ ક્યાંનો ક્યાં ઘસડાઇ જાય. એટલે નદીપાર કરનારે બંને કાંઠા ઉપર ખૂબ સાવચેતી રાખવાની; બાકી પૂરની વચમાં તો આ બાબતમાં લગભગ નિર્ભયતા જ ધરી શકાય. મગરના આ શાસ્ત્રમાં મને રસ તો પડ્યો, પણ સાથે સાથે એમ પણ થયું કે જો નદીમાં ઝંપલાવતાં પહેલાં સાપને બદલે મગર છે એમ ખબર પડી હોત તો તારો કૂદ્યો એ વખતે આગળ વધવાને બદલે તેને પાછા ફરવાનું જ મેં કદાચ કહી દીધું હોત અને પરભાર્યા પૈસા ચૂકવીને તેને વિદાય જ કરી દીધો હોત.! પણ હવે તો અમે નદીનાં પૂર સહીસલામત પાર કર્યાં હતાં એટલે મને મગરના ખ્યાલથી સહેજ આનંદ થયો—હું સહેજ ફૂલાયો પણ ખરો, કારણ એથી અમારી પ્રવાસકથામાં લગભગ અદ્ભૂત રસના સાહસરંગો ભળવા લાગ્યા હતા.

અમે ત્યાં ઊભા હતા એટલામાં જ મારા સાથીને લઇને સામે કિનારેથી અમારી સાથે કુદેડા આવેલો તારો પડ્યો, અને જોતજોતાંમાં તેઓ આઘેથી ત્રાંસમાં અમારી તરફ સપાટાબંધ આવવા લાગ્યા. હડોલનો કિનારો માટી જેવી ઊંચી દિવાલોથી બંધાએલો છે અને અમે ઊભા હતા તે એક જ જગ્યાએ આરો છે ને ત્યાંથા ઊંચે ચડીને ગામ તરફ જવાનો ઢોળાવ છે. તારાએ સામે પારથી પડીને તરતા તરતા આ આરે અચૂક નીકળવું જ જોઇએ, નહિતર ઉપાધિ થઇ પડે, કારણ આરા ઉપર થોડીક જ ખાલી જગ્યા છે; એ સિવાય બંને બાજુ બાંધેલા જેવો કાંઠો છે. એને છેક ઘસીને પાણી જાય છે, પણ ત્યાં લાંબે સુધી

બહાર નીકળવા જેટલી ખાલી જગ્યા નથી. અને બહાર નીકળવા માટે તો જગ્યા જોઇએને? જે એક આરો છે તેનો ઉપયોગ ન કરી શકાય એવી રીતે જો આગળ વધી જવાય, તો પૂરતું જોખમ. કારણ ઊંચા કાંઠાને છેક ઘસાઇને લાંબે સુધી તણાયા કરીએ તો પણ નીકળી શકાય નહિ અને સ્થિર પણ રહી શકાય નહિ. વળી લાંબે સુધી ખેંચાઇ જતાં ભમરી-ઓમાં ફસી જવાય અને કાંઠેકાંઠે મગરનો પણ ભય. આમ હડોલનો આરો એ બીનસલામત અને જોખમ-કારક ગણાય. ઊડણીનો આરો તો બંને બાજુએ મોકળો અને પટ વિશાળ એટલે કદાચ આઘે અચાનક ખેંચાઇ જવાય તો પણ હરકત નહિ.

આ બાબતનું ભાન મને પાછળથી જ થયું અને તે નીચેના પ્રસંગને લીધે જ. મારા મિત્રને લઇને પૂર-માં પડેલો તારો અમારી તરફ આવતાં વેગમાં એટલો ખેંચાઇ ગયો કે અમારા ધારવા મુજબ અમે ઊભા હતા તે સ્થળે એ ન નીકળતાં થોડો આગળ વધી ગયો; છતાં એ કિનારાથી એક દોરડીવા દૂર હતો. એટલું અંતર એ કાપે એટલામાં તો તાણમાં આરો વટી જવાય, અને પછી છેક કિનારાને એ અડે તો પણ બહાર શી રીતે નીકળાય? આ બાબત મને તો એ વખતે પૂરી સમજમાં નહિ આવેલી, પણ અમે ઊભેલા ત્યાંથી આગળ તણાતા એ બંને જણને જોઇ મારી પાસે ઊભેલો તારો એકદમ ગોળી લઇને આગળ દોડચો અને જાણે મદદ આપવા તૈયારી કરવા લાગ્યો. એટલામાં તો પેલા તારાએ એક જોરદાર હલેસું માર્યું અને મારા મિત્ર સાથે તેની ગોળી આરાના પેલા ખૂણે છેક છેવટના ભાગમાં બહાર નીકળી ગઇ.

આમ, અમે નદી સહીસલામત પાર કરી કિનારે થોડી વાર બેસી ઢોળાવ ઉપર ચડીને ધીમેધીમે ગામ-ભણી ચાલતા થયા. એટલામાં આરા ઉપરથી એક માણસ અમારી સાથે થઈ ગયો અને અમે ક્યાંના છીએ અને ક્યાં જવાના છીએ વગેરે પ્રસ્તાવ કરીને એણે કહ્યું કે અમે આ હડોલના આરે નદી પાર કરવા-માં વધુ સાહસ ખેડ્યું હતું, કારણ કે નદીનું પેટ અહીં ઢોળાવ તરફ ઢળે છે એટલે તાણ વધારે છે; અને જો કદાચ આગળ તણાઇ ગયા તો ત્યાં ખૂબ ભમરીઓ આવે છે જેમાં અચૂક ફસી પડાય એવું હતું. વિશેષ-માં આગળ મગરીઓ ધરો છે એટલે એ પણ જોખમ-કારક છે. મને નદી પાર કરાવનાર તારો અમારી સાથે જ ગામ ભણી આવતો હતો. તેણે તો ભાર દઈને કહ્યું કે 'એમ કદી તણાઇ જવાય નહિ. અને કદાચ તણાઇએ તો યે પાછા ફરીને સામે આરે નીકળી જવાય, અથવા એમને એમ લાંબે સુધી જઇ કાંઠો જ્યાં નીકળવા જેવો ખુલ્લો જણાય ત્યાં નીકળાય. પણ પેલા માણસે એને મહારીને કહ્યું કે આ તો આરાની સલામતીની વાત છે અને ઉડણીનો આરો એ રીતે સારો ગણાય. એટલે તારાએ જરા દા ભણીને પાછું ઉમેર્યું કે એ તો બધા આરા સરખા, બધે ઉ-તરાય. પણ અમને પેલા આગંતુકની વાત વજૂદ વાળી લાગી એટલે અમે મનમાં ને મનમાં ગાંઠ વાળી કે પાછા ફરતી વખતે આ બાજુ નહિ આવતાં ચોક્કસ ઉડણી તરફ જવું અને એ આરે જ નદી પાર કરવી. પેલો તારો ભલે ઉસ્તાદ તરનારની દૃષ્ટિએ સલામતીનો સવાલ વિચારતો હોય અને એની પ્રચંડ તાકાતની પાસે સાબર એને રમકડું લાગે, પણ અમારે તો એ બાબતની બારાખડી શીખનારની દૃષ્ટિએ જ સલા-મતીનો વિચાર કરવાનો ને? પણ અમારા તારાને ન્યાય આપવા ખાતર મારે કહેવું જોઇએ કે પાછા ફરતી વખત ઉડણીમાં અમે બીજા ત્રણ ચાર તારા જોયા અને એમાંથી એની સાથે નદી પાર પણ કરી, છતાં પેલા હડોલના તારાની તરવાની રીત, તરતી વખતનો એનો સીનો, ગોળી ઉપરનો એનો કાબૂ એ બધું મારા મનમાં વસી ગયું અને ઉડણીના તારાઓ ચોમેર પ્રખ્યાત હોવા છતાં હડોલનો તારો અંગત રીતે તો મને ચડિયાતો જણાયો. એના પગને મગર અડચો ત્યારે જે રીતે એણે કૂદીને ઝંપલાવ્યું હતું અને મારાં બાવડાંને એના પ્રચંડ પંજાથી પકડી રાખી સડ-સડાટ પૂરનાં પાણી કાપી રહ્યો હતો તેમજ શરૂ-આતમાં અમે પૂરમાં પડતાં ખચકાતા હતા એ વખતે એણે સ્થિર અવાજે જે કહેલું કે 'શેઠ, ગોળી તો રહી પણ આમ બાવડાંથી પકડીને સામે પાર ઉતારી દઉં,'—એ બધું મારા મગજમાં એવી રીતે વણાઇ ગયું છે કે 'તારો' શબ્દના પ્રતીક રૂપે એ હડોલનો તારો જ મને યાદ આવે છે.

(ચાલુ)

રામપ્રસાદ શુકલ

પૌષ્ટિક ખોરાકો

આ બેમાંથી સાચા પૌષ્ટિક ખોરાકો કયા ?

બદામપિસ્તાં, પલાળેલી દાળ,
કોપરૂં ને ગોળ, સાકર ને માખણ,
મૂસળીપાક, સોનાચાંદીના વરખ



દૂધ, છાશ, મધ, તાજાં લીલોતરી
શાકભાજી, સંત્રાં મોસંબી ને દ્રાક્ષ
જેવાં મધુર ફળો, પ્રાણદાયક હવા

આ ?——— કે ———આ ?

શિયાળો એટલે શક્તિનો સંગ્રહ કરવાની ઋતુ; અને શક્તિનો સંગ્રહ તો પૌષ્ટિક ખોરાકો ખાવાથી જ થઇ શકે. આ બે બાબતો ઉપર મોટા ભાગના લોકો એકમત હોય છે. પણ એથી એક ડગલું આગળ ચાલીએ, એટલે કે પૌષ્ટિક ખોરાક કોને કહેવો એ સબંધી તપાસ કરીએ, તો પછી જોઇ લો મઝા! બદામપિસ્તાં, ચણાની દાળ, પલાળેલી બાજરી, ઝાકળનાં રીંગણાં, કોપરૂં ને ગોળ, સાકર ને માખણ અને સોનાચાંદીના વરખ,—એવી કંઇ અનેકવિધ ચીજોના પ્રશંસકોનાં અલગ અલગ ટોળાં હોય છે. ભાગ્યે જ કોઇ એવો ખાવા યોગ્ય ખોરાક બાકી રહી જતો હશે કે એ પૌષ્ટિક છે, એવું કોઇને કોઇ માણસ તરફથી એને પ્રમાણપત્ર મળ્યું ન હોય!

આ ઉપરાંત મૂસળીપાકથી માંડીને મોતીપાક સુધીના પાકોની જબ્બર યાદી તો જુદી! કેટલાક લોકો વળી કૉડલીવર ઑઇલ કે બીફ એકસ્ટ્રૅક્ટના બાટલાઓમાં પૂરી મુકેલી તાકાત ખેંચી લેવાનો પ્રયત્ન કરે છે!

આ બધા પ્રયત્નો પ્રેરનાર બે વિચારો છેઃ એક તો એ કે ખોરાક જેમ પચવામાં ભારે એમ વધુ પૌષ્ટિક; બીજો એ કે વસ્તુ જેમ મોંઘી એમ વધુ ગુણકારી!

મને લાગે છે કે આ વિષયને લગતા આપણા બધા લોકપ્રિય અભિપ્રાયો માત્ર ખોટા વિચારોનો એક ખીચડો જ છે.

પણ જો આધુનિક આહારશાસ્ત્રની દૃષ્ટિએ આ વિષયને તપાસીએ તો ઘણી જૂની અને રૂઢ માન્યતાઓને નિરૂપયોગી ગણીને ફેંકી દેવી પડે. કેમ તે આપણે જોઇએ.

શિયાળો એ શક્તિનો સંગ્રહ કરવાની ઋતુ છે એ માન્યતા સર્વાંશે સાચી નથી. યોગ્ય રીતે જીવી જાણીએ તો ગમે તે ઋતુમાં શક્તિનો સંગ્રહ કરી શકીએ. જ્યારે અયોગ્ય રહેણી કરણીથી શરીરમાં કચરાનો પણ સંચય થાય. દમ અને સંધાવાના દર્દીઓ શિયાળામાં તો ખૂબ પીડાય છે. ઇન્ફ્લ્યુએનઝા અને ન્યૂમોનીઆને વધુમાં વધુ શિકારો શિયાળામાં જ મળે છે ને?

વળી, શિયાળામાં નૈસર્ગિક રહેણીકરણીથી મેળવેલું આરોગ્ય બાકીના આઠ મહિના બેદરકાર રહેવા છતાં જળવાઇ રહેશે એમ માનવું પણ ભૂલભરેલું છે. તંદુરસ્તી કંઇ અથાણાની પેઠે એકસામટી આથી શકાતી નથી! પૌષ્ટિક ખોરાકો એ એકલો જ કાંઇ શક્તિ મેળવવાનો માર્ગ નથી. હા; એ અનેક માર્ગોમાંનો એક માર્ગ છે ખરો.

કોઇ પણ ખોરાક જો બરાબર પચે તો જ શરીર એનો ઉપયોગ કરી શકે. ન પચેલા ખોરાકમાંથી અનેક પ્રકારનાં ઝેરો ઉત્પન્ન થઇ લોહીને દૂષિત કરી, જુદીજુદી ફરિયાદોને જન્મ આપે છે. 'પૌષ્ટિક' છાપના ઘણા ખોરાકો શક્તિ કે વજન વધારવાને બદલે ગડગુમડ અને કબજિયાત વધારે છે. બદામપિસ્તાંને આટલું બધું મહત્ત્વ કદાચ એમને પચાવવામાં પડતી ભારે મુશ્કેલીને લઇને જ મળ્યું હશે!

સમાજમાં દ્રવ્યની અણસરખી વહેંચણીને લઇને અનેક કરુણ પરિણામો આવ્યાં હશે, પણ સાથેસાથે આ જ કારણને લઇને અનેક હાસ્યાસ્પદ વિચારો પણ ફેલાયા છે. 'ખોરાક જેમ વધુ મોંઘો એમ વધુ ગુણકારી' એ એવો એક હાસ્યાસ્પદ ખ્યાલ જ છે; અને તે મોટા ભાગના ગરીબ લોકોના લઘુભાવ (Inferiority Complex)માંથી જ ઉદ્‌ભવ્યો છે. સાચા પૌષ્ટિક ખોરાકો ભલે કદાચ બહુ સોંઘા નહિ હોય, તોપણ આપણે ધારીએ છીએ એટલા મોંઘા તો નથી જ.

આજના આહારશાસ્ત્રીની નજરે જે સર્વોત્તમ ખોરાકો છે એ તો આપણે ઘણા લાંબા વખતથી

નિર્માલ્ય માનીને અવગણ્યા કર્યાં છે.

દૂધ, છાશ, મધ, તાજાં શાકભાજી અને સંત્રાં-મોસંબી જેવાં મધુર ફળો એ જ સાચા પૌષ્ટિક ખોરાકો છે. પથારીવશ માંદા માણસથી માંડીને સખ્ત-માં સખ્ત પરિશ્રમ ઉઠાવતા પહેલવાન સુધી સૌકોઇ એને સહેલાઇથી પચાવી શકે છે. એ ક્ષારો અને પ્રજીવકોથી ભરપૂર છે. પાચક અવયવો ઉપર એ ઓછામાં ઓછો કર નાખી બદલામાં વધુમાં વધુ શક્તિ આપે છે.

અને શિયાળામાં મફત મળતા એક અતિશય પૌષ્ટિક ખોરાક તરફ બહુ ઓછા માણસોનું ધ્યાન ખેંચાયું હોય છે. એ ખોરાક તે શિયાળાની નવા જીવનથી ભરપૂર પ્રાણદાયક હવા! એ શાકભાજી અને દૂધઘીની પેઠે ખોરાક જ છે, એટલું જ નહિ, પણ એમના કરતાં યે વધુ જરૂરી એવો એ ખોરાક છે.

વહેલી સવારે ફરવા નીકળી પડી ઊંડા શ્વાસ લો: જો અગાઉની ટેવ નહિ હોય તો આ હવા શરૂ-શરૂમાં સળેખમ પણ કરશે. પણ એનાથી મૂંઝાવાની કે ડરવાની જરૂર નથી, એ તો સારામાં સારો પુરાવો છે કે સજીવ હવાના સંસર્ગથી ઉત્તેજાએલું શરીર અંદર જામેલો નીરૂપયોગી કચરો બહાર ફેંકી રહ્યું છે. વધુ ઊંડા શ્વાસ લઇને આ શરીર સફાઇની ક્રિયાને મદદ કરો. ત્રણચાર દિવસમાં સળેખમ એની મેળે અદ્રશ્ય થઇ જશે.

ત્યારે પૌષ્ટિક ખોરાકો કોને કહેવા? નીચે આપેલી બાર કસોટીમાંથી ઓછામાં ઓછી આઠમાંથી જે ખોરાક પસાર થાય એને પૌષ્ટિકમાનવામાંવાંધોનથી.

(૧) એ સહેલાઇથી પચે એવો હોવો જોઇએ.

(૨) એ કબજિયાત ઘટાડવામાં અને મટાડવામાં મદદ કરે એવો હોવો જોઇએ, કારણકે કબજિયાત એ દુનિયાના અરધો અરધ રોગોનું મૂળ છે.

(૩) એમાં ક્ષારો પૂરતા પ્રમાણમાં હોવા જોઇએ.

(૪) એમાં પ્રજીવકો છૂટથી હોવા જોઇએ.

(૫) એમાં ચૂનો બરાબર હોય એ આવશ્યક છે. દુનિયાના લગભગ બધા જ આહારશાસ્ત્રીઓ એ બાબત ઉપર એકમત છે કે, આજનો સુધરેલો માનવી ચૂનાની તૂટથી પીડાઇ રહ્યો છે. દાંત અને હાડકાંના રોગો થવામાં ચૂનાની અછત એ એક અગત્યનું કારણ છે.

(૬) એ જ મુજબ સુધરેલા ખોરાકમાં, લગભગ દરેક ખોરાકને રાંધવાની આપણી ટેવથી અને રૂઢીબદ્ધ રસોઇથી પ્રજીવક 'ક' ની હરહમેશ ઓછીવત્તી તાણ રહે છે. આદર્શ ખોરાકમાં આ ખોટ બરાબર રીતે પૂરવા માટે પ્રયત્ન થવો જોઇએ.

(૭) નત્રિલ (protein)નું પ્રમાણ શરીરની જરૂરિયાત કરતાં વધારે ન હોવુ જોઇએ. પુખ્ત ઉમરના માણસ માટે રોજનું ૬૦ ગ્રામ નત્રિલ આદર્શ મનાય છે.

(૮) નત્રિલની ગુણવત્તાનો પ્રશ્ન પણ જરૂરી છે. દૂધ અને ઇંડાનું સર્વોત્તમ, માંસ અને કોચલીયાં ફળો (nuts)નું મધ્યમ, અને કઠોળનું નત્રિલ કનિષ્ટ લેખાય છે.

(૯) ખોરાકમાં વપરાતી ખાંડ કુપાચ્ય ન હોવી જોઇએ.

(૧૦) ક્ષારો પ્રજીવકો અને કૂચો પૂરો પાડનારાં છોડાં, અનાજ કઠોળ અને શાકભાજીમાં બની શકે એટલાં વાપરવા જોઇએ.

(૧૧) રસોઇ શાસ્ત્રીય હોવી જોઇએ.

(૧૨) વાનીઓ ઓછી હોવી જોઇએ.

આજકાલ જુદીજુદી જાતના પાકોને સામાન્ય રીતે પૌષ્ટિક ખોરાકો માનવામાં આવે છે, પણ પકવેલા ખોરાકો કરતાં કાચા ખોરાકમાં ઘણું વધારે પોષક તત્ત્વ હોય છે. શિયાળામાં મૂળા, મોગરી, ગાજર, ડુંગળી, સુવા, કોબીજ અને કૉલીફ્લાવર જેવા, કાચા ખાઇ શકાય એવા અનેક પદાર્થો સોંઘા મળતા હોવા છતાં, અતિ રાંધવાથી નિસત્વ થએલા મોંઘા પાકો પાછળ પૈસા બગાડવાની આપણને ઘેલછા લાગી છે.

છેવટે એ પણ જોવા જેવું છે કે પોષણ એ ખોરાકનું સૌથી વધારે જરૂરી અંગ છે, છતાં યે શુદ્ધિ, સુરૂચી, કરકસર, માનવતા, જીવદયા, દેશપ્રેમ અને કાર્યક્ષમતાની કપરી કસોટીઓમાંથી પસાર કર્યાં વિના આપણે કોઇ પણ ખોરાકને આદર્શ ખોરાક કહી શકીએ નહિ. કૉડલીવર ઑઇલ જેવા કેટલાક ખોરાકો પોષણની કસોટીમાંથી સહેલાઇથી પસાર થશે, પણ બીજો દરેક દરવાજો એમને માટે બંધ રહેશે.

શિયાળામાં આરોગ્ય મેળવવા શરૂઆત કરવા ઇચ્છનારાઓને આગળ દર્શાવેલા ખોરાક સંબંધી વિચારો ઉપરાંત, નીચેની બાબતો પણ લાભદાયક નીવડશે.

(૧) હલકી કરવા માગતા હો તો દરરોજ અને ભારે કરવા માગતા હોતો એકાંતરે નિયમિત કસરત કરો.

(૨) શરીરને સતેજ રાખો, પણ તે ખૂબ કપડાં પહેરીને કે અંગારે તાપીને નહિ; કસરત, સૂર્યસ્નાન અને જોઇતાં કપડાંથી એ સારામાં સારી રીતે થઇ શકશે.

(૩) સૂતી વખતે બારીઓ ઉઘાડી રાખો. સખત ઠંડી હોય ત્યારે ઓછામાં ઓછી એક બારી તો ઉઘાડી રહેવી જ જોઇએ. ટાઢ વાતી હોય તો બે વધારે ગોદડાં ઓઢવાં બહેતર છે, પણ ચહેરો બીલકુલ ઢંકાવો ન જોઇએ.

(૪) સવારે, સાંજે અને નવરાશે ઊંડા શ્વાસ લઇ હવાને દવા બનાવો.

(૫) શિયાળામાં ત્વચા એદી થઇ જાય એ તરફ બરાબર ધ્યાન અપાવું જોઇએ. શરીરે તેલ ચોળવાની આપણી જમાનાજૂની પ્રથાને આજનું વિજ્ઞાન સંપૂર્ણ ટેકો આપે છે.

આરોગ્યશાસ્ત્રીના આ આદેશો તરફ જો પૂરતું ધ્યાન આપવામાં આવે તો શિયાળો રોગની ઋતુ મટી જઈ આરોગ્યની ઋતુ નિઃશંક થાય.

રમણલાલ એન્જિનીઅર

ગુજરાતી લઘુલિપિ

(ગયા અંકને અનુસંધાને)


ઉદાહરણો

(૧) **[નિ. ૭૭: આદ્ય 'ક', 'ગ', 'પ', 'બ'નો લોપ]** કથા, કબજો, કબ્રસ્તાન, કર, કરાર, કલા, ગતિ, પગલું, પદવી, પદાર્થ, પદ્ધતિ, પસંદ, પહાડ, બગીચો, બનાવટ, બહાનું.

(૨) **[નિ. ૭૮: આદ્યક્ષરના લોપ પછીના સ્વર કે વ્યંજન]** કરોડો, કલમ, કલાકાર, કલામય, કલ્પના, કલ્યાણ, કંટાળો, કાગળ, કાચ, કામદાર, કાયદો, કાર્ય, કાવ્ય, કિનારો, કિરણ, કિલ્લો, કિસ્સો, કુમાર, કુરાન, કુરબાન,—— કૃતિ, કૃત્ય, કૃત્રિમ, કેળવણી, કોયડો, ગંભીર, ગુજરાતી, ગુનો, ગુલામ, ગોરા, પવિત્ર, પાઇલટ, પાઠ, પાત્ર, પારકું, પાર્ટી, પાલન, પિતા, પીંછી——પુરાણ, પુરાવો, પુરુષાર્થ, પુના, પેઢી, પૈસા, પોષણ, બાગ.

(૩) **[નિ. ૭૯: ઉપસર્ગ પછીના 'ક', 'ગ', 'પ', 'બ'નો લોપ]** અનુકરણ, અનુકંપ, અનુકૂળ, અવકાશ, ઉત્પન્ન, ખુરાબો, દુર્બળ, દુષ્કર્મ, નિર્બળ, પરિપૂર્ણ, પ્રકરણ, પ્રકાશ, પ્રતિપાદન, પ્રપંચ' મહાપુરુષ——મહાત્મા ગાંધી, સદ્ગુણ, સદ્ગૃહસ્થ, સંકલ્પ, સંબંધ, સુગંધ.

ઉદાહરણોનું લઘુલેખન





સામે કાંઠે

• મંદાક્રાન્તા •

દેશે દેશે વિચરી વિચરી આવતી સિન્ધુ-ઊર્મિ!
કહેશો કેવી વનલલિત કંઠાર દેશાવરોની?
કેવાં ત્યાંનાં પ્રબળ ગરવાં શૂર સ્વાધીન રાષ્ટ્રો?
એ કાંઠે છે અમ સરીખડી કો ગુલામી પ્રજાઓ?

સન્ધ્યા-ઉષા! જગત ભ્રમણે ઊડતી નિત્ય જોડી!
આ ભૂમિમાં ઉગી ઉતરતી એવી બીજે ઉગો છો?
તો શાને આ ધરતી અમ નિસ્તેજ નિષ્પ્રાણ સૂની
ને સામે ત્યાં સ્મિત સુખભર્યાં ફોરતાં મુક્તિગીતો?

રોમે રોમે સળગી ઉઠતી અગ્નિતીખી યુવાની!
ઓ કાંઠેથી મુજ વતનમાં એકદા આવજે ને
આઝાદીના વીજળી સરખા આંચકાથી જગાડી
કાળી રાતે અમ કદમને દોરજે મૃત્યુકૂચે.

ચુનીલાલ પાટડીઆ

સ્થાનાંતરીને

ઘર બદલી જનાર પ્રતિ ઘરની ઉક્તિ

• શિખરિણી •

મને વાળીઝાડી સુઘડ કરવા તેં શ્રમ ઘણો
લહ્યો ભોં લીંપીને; મજ હૃદયનો ભાર કમી તો
થયો જ્યારે આવી તવ ગૃહિણિ ત્યાં મોદ વદને
ધરીને માંગલ્યે શુભ કલશ ને પાસ દીપિકા.

હું યે આનંદ્યો કે તુજ સુભગ સહ્‌વાસ ગમશે
અને સંસ્કારિતા મજ સરૂપને ઑર દીપવે.
પરંતુ એ શૂન્યેઃ પરિચય વધ્યે કલેશ વધતો
નિહાળીને તારી મલિન રહણી ને કરણી સૌ.

ખમી એ યે લીધું પણ કુટિલતા તેં નવ ત્યજી,
વદે પાછો લોકેઃ 'નવ સુખ લહ્યું આ ઘર વિષે;'
સમેટી સૌ લેતો ઇતર વસવા તું મજ થકી,
અને ખાખી બાવા સમ સ્વરૂપ મારૂં બનવતો.

• ઝૂલણા •

જે મહાપંચભૂતે કરણ તવ ઘડ્યું
તે સહુએ રચ્યું માળખું આ,
તુજ ગયે જે દશા પ્રાણહીન માહરી
તે સ્થિતિ કાં ન સ્મરતો બડેખાં?

ડાકોર ચોકશી

મોંઘા મારે ગામડે આવો

(મારે ઘેર આવજો માવા . . . . એ ઢાળ)

મોંઘા મારે ગામડે આવો,
લેવાને લાખેણો લ્હાવો.

મોટે પ્હરોડે વાગે વલોણાં, ગાજે ઘંટીના ઘોર;
દહીં ને દૂધની વ્હેતી સરિતા, છાશની છાકમછોળઃ
અવનીનાં એ અમૃત મીઠાં,
દેવોએ સ્વર્ગે ન દીઠાં.

સરખી સાહેલીની સંગે સંચરતી, જાણે હળકની હેલ;
સુખદુઃખની નિજ ગોઠડી કરતી, માથે મૂકી જળહેલઃ
માનુનીનો મદિયર મેળો,
કુવા કેરો કાંઠડો પ્હેલો.

ખરજટ બોલી ને કાળજાં કૂણાં, ભોળો મારો ભડવીર;
ભૂખ્યા તરસ્યાંનો માળવો એ તો દુઃખીનો ધીંગો ધીરઃ
નિહાળી લ્યો નાડે નરવો,
ખેડુ શેઢે ગાજતો ગરવો.

કીચુડ કીચુડ કોસ કરંતો, કોશીઓ ગાતો ગાન;
કૂડકપટ એ કાંઇ ન જાણે, તનમાં એક જ તાનઃ
વાંકી કેડે પાણીડાં વાળે,
ખૂડે ભાણ આંખડી ઢાળે.

મ્હેમાન દેખીને મુખડું મલકે, અડધો ઉરે એ થાય;
સ્વાગત માટે સર્વ મૂકીને, પાધર સુધી પળાયઃ
ચરણ ધરે સંપત્તિ સારી,
અમરાપુરી નાખે ઓવારી.

વનવનનાં વનપંખી બોલે, મોર કોયલ ટહુકાર;
સાયંકાળે આરતીટાણે, ઝાલરના ઝણકારઃ
ડંકે ડંકે ડુંગરા ડોલે,
અભિમાની આંખડી ખોલે.

અમાસ એકાદશીના અણુજા, વાયક સઘળે જાય;
ઝાંઝ પખાજ ને વાગે મંજીરાં, ભગત ભેળા થાયઃ
તંબુરાના તારને છેડે,
અબોલે આતમા રેડે.

ગરવાં મારાં ગામડાં જોવા, આવજો માવા! આજ;
કોડીલી કુદરત આપે આમંત્રણ ખોળાને ખૂંદવા કાજઃ
શીળાગીઠા વાયરા વાયે,
તાપો તનમનના જાયે.

નાનાલાલ દલપતરામ પટેલ

આ અંકનું મુખચિત્ર અને એના કલાકાર



આ અંકના મુખચિત્ર તરીકે રજુ થતા 'રંકની કલા' નામક ચિત્રના આલેખક શ્રી છગનલાલ જાદવને, આ વર્ષના બૉમ્બે આર્ટ સોસાયટીના પ્રદર્શનમાં શ્રેષ્ઠ વૉટરકલર માટેનું પહેલું ઇનામ અરધે ભાગે મળ્યું છે ઇ. ૧૯૦૩માં જન્મેલા આ હરિજન યુવાને આજે ગાંધીયુગના પ્રભાવે પોતાની જાતિ તેમજ શિક્ષણને અમર ગૌરવ અપાવ્યું છે. એક વખત અમદાવાદની મ્યુ. શાળામાં પ્રવેશનો અધિકાર નહિ મળવાથી નિરાશ થએલા આ યુવાને સાધનો, ખર્ચ, સહાય તેમજ સત્કારનો અભાવ ખૂબ વેઠ્યો છે. 'કુમાર' માસિક અને કનુ દેસાઇના સહવાસે તેમનો જીવનમાર્ગ પલટ્યો અને ચિત્રકામમાં પ્રવીણતા મેળવવા તેમણે રવિશંકર રાવળના કલાગૃહમાં સ્થાન મેળવ્યું. ત્યાર પછી ઉત્તરોત્તર સુંદર વિકાસ સાધ્યો ગૂજરાત હરિજન સમિતિ તેમજ અખિલ ભારત હરિજન સંઘ તરફથી મદદ મળતાં લખનૌની કળાશાળામાં એક વર્ષ વિશેષ અભ્યાસ કરી આવી નવા સંસ્કાર મેળવ્યા આજે તે અમદાવાદના જ્યોતિ સંઘના ચિત્રના અધ્યાપક તરીકે સરસ સેવા આપી રહ્યા છે. તેમનાં ચિત્રો અભ્યાસ, મહેનત અને સુવાચ્યતાના નમૂના છે. સ્વભાવે તથા વર્તને એ શીલવંતા સુજન છે.

એમની કૃતિ 'રંકની કલા' પ્રબોધે છે કે કલામાત્રનું ઉદ્‌ભવસ્થાન હૃદય છે. હૃદયના સંસ્પર્શ વગરની કોઇ પણ કૃતિ કલાશ્રેણીમાં આવી શકે નહિ પોતાનાં પ્રિયજનોના સંતોષ અથવા આનંદ ખાતર કે તેમનાં સુશોભનો ખાતર, જગતમાં કેટલા યે અનામી કલાકારોએ કલાસમૃદ્ધિ કેવી રીતે સરજી હશે તે સમજવું હોય તો ખોળે રમતા બાળક તરફ નજર નાખી હાથની આંગળીઓ પરની તેનાં લાડ પૂરનારી આભલાંભરી રંગીન ટોપીનો વિચાર કરો. બાળક કદાચ એ નહિ સમજે, પણ પોતાનો લાડીલો એ ટોપીથી શોભશે એ વિચારે માતાના મનમાં કેવી હેતભરી ઊર્મિઓ આ પળે જગાડી મૂકી હશે! કલાકારે રંક ઘરમાં પણ કલાની ગંગાનું પુનિત વાતાવરણ વહેતું દર્શાવી શ્રીમંતાઇની શોભાસમૃદ્ધિ પર અજબ કટાક્ષ કર્યો છે કે લી શ્રીમંત માતાઓ, આ મહેનતમજૂરી પર રખડી ખાતી માતાની બરોબર પોતાનાં બાળકો માટે કલાપ્રસાદી તૈયાર કરી આપતી હશે? કામ–મજૂરી પૂરાં કર્યા પછી જે સ્વસ્થતાથી ગરીબ જનો પોતાનાં ઝૂંપડાંને આગણે પોતાની શબની મિઠાશ માણતાં નજરે પડે છે તેનું આબેહૂબ પ્રતિબિંબ ભાઇ જાદવે આ ચિત્રમાં ઉતાર્યું છે. એક જ પાત્ર દોર્યું હોવા છતાં આખી જનતાનો ચિતાર એમણે એમાં રજુ કર્યો છે. ('ગૂજરાત કલાકલાપ'માંથી)

સંસારના આપણી નજરે સમાચાર

◖. ડિરેક્ટર જનરલ ઑવ આર્કીઓલૉજી તરીકે પહેલી જ વાર એક હિંદી તરીકે સુપ્રસિદ્ધ પુરાવસ્તુ સંશોધક શ્રી કાશીનાથ દીક્ષિતની વરણી થઈ છે. ૧૯૧૨ની સાલમાં એ ખાતામાં દાખલ થઇ એમણે પૂના, મુંબાઈ, કલકત્તા, પટણા, સીમલા વગેરે ખાતે અનેક ઓહ્વાઓ સંભાળી વિવિધ કામ કર્યું છે. વિખ્યાત મોહેં જો ડેરોનું યે ઘણું ખોદકામ તેમની દેખરેખ નીચે થએલું. પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિ ઉપર એમણે અનેક લેખો ને ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે,એટલે એ વરણીથી એમનું સુયોગ્ય સંમાન જ થયું છે.

◖. હિંદના એક અગ્રગણ્ય રાજસેવક સર ભૂપેન્દ્રનાથ મિત્રનું તા. ૨૫મીના રોજ હૃદય બંધ પડતા ૬૨ વર્ષની વયે અવસાન થયું છે. ૧૮૯૬માં સરકારી નોકરીમાં દાખલ થયા પછી નાણાખાતાના મદદનીશ મંત્રી, યુદ્ધના હિસાબકિતાબના કૉન્ટ્રોલર, લશ્કરના હિસાબનીશ વગેરે જુદા જુદા સરકારી ખાતામાં કામ કરતાં કરતાં ચડીને ૧૯૩૧થી ૧૯૩૬ સુધી તેઓ યુનાઇટેડ કિંગડમમાં હિંદના હાઇ કમિશ્નરના હોદ્દે રહ્યા હતા. એ ઉપરાંત આર્થિક અને વહાણવટાને લગતી શાહી સમિતિઓ તથા જુદી જુદી આંતરરાષ્ટ્રીય સમિતિઓમાં પણ તેમણે સરકારની સારી સેવા બજાવી સી.બી.ઇ., અને કે.સી.આઇ.ઇ નાં ખિતાબો અને પ્રતિષ્ઠા મેળવ્યા હતા.

◖. ૧૯૪૧ની સાલમાં ત્રીસ માઇલનો પટ રોકતું એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન રોમ ખાતે ભરવાનું મુસૉલિનીના કૅબીનેટે નક્કી કર્યું છે. એ 'રોમનું વિશ્વપ્રદર્શન' કહેવાશે અને ફાશીસ્ટ સત્તા હેઠળ ઇટલિએ સાધેલો વિકાસ પ્રદર્શિત કરશે.

આ મહિનો (ફેબ્રુઆરી) . . . અને એની પ્રતિભા

તા. ૧૯મીએ સ્વ. ગોપાળ કૃષ્ણ ગોખલેની અવસાનતિથિ. ગાંધીજીના એ ગુરુના જાહેરજીવનનો ક્રમવિકાસ આ નીચેના અનુક્રમમાં આપ્યો છે

તા. ૧ શ્રી અબ્બાસ તૈયબજીનો જન્મ—ઇ. ૧૮૫૪.

તા. ૩ અંગ્રેજો પહેલવહેલા હિંદુસ્તાનમાં આવ્યા.—ઈ ૧૬૧૩.

તા. ૪ પં૦ મદનમોહન માલવીય અને સ્વ. ઍની બીસાંટના પ્રયાસના ફળરૂપે બનારસ હિંદુ વિદ્યાપીઠની સ્થાપના—ઈ. ૧૯૧૫.

તા. ૭ જેના પરિણામે જાપાન જગતની નજરે ચડયું અને જેમાં વિજય મેળવી હિંદી સ્વાતંત્ર્યવીરોને એણે પ્રેરણા પાઇ એ રૂસો-જાપાનીઝ યુદ્ધની શરૂઆત—ઈ. ૧૯૦૪.

તા. ૮ ભારતમાર્તંડ પંડિત ગટુલાલજીનો જન્મ. સં. ૧૯૦૧.

તા. ૧૨ દીનબંધુ સી. એફ. ઍન્ડ્રુઝનો જન્મ—ઇ. ૧૮૭૧.

તા. ૧૩ હિંદના બુલબુલ શ્રી સરોજિની નાયડુનો જન્મ—ઇ. ૧૮૯૭. * * હિંદના ગવર્નર જનરલના પદેથી ગેરવર્તણુક ચલાવવા માટે વેસ્ટ મિન્સ્ટરમાં વૉરન હેસ્ટિંગ્સની તપાસ શરૂ થઇ—ઈ. ૧૭૮૮.

તા. ૧૪ જગતસફરી કૅપ્ટન કૂકનું હવાઇ બેટના વતનીઓ સાથેની ઝપાઝપીમાં મૃત્યુ—ઈ. ૧૭૭૯. * * બાબરનો જન્મ ઇ. ૧૪૮૩ * * અકબર તખ્તનશીન થયો. ઇ. ૧૫૫૬.

તા. ૧૫ રાજા રાજેન્દ્રલાલ મિત્રનો જન્મ—ઇ. ૧૮૨૪.

તા. ૧૬ મહારાણી વિક્ટોરિયાની જ્યૂબિલી હિંદભરમાં ઉજવાઇ—ઈ. ૧૮૮૭.

તા. ૧૯ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેનું અવસાન—ઇ. ૧૯૧૫.

તા. ૨૧ હિંદુસ્તાનનો ઇતિહાસપુરાણો પ્રખ્યાત હીરો 'કોહીનૂર' અંગ્રેજોને હાથ ગયો.—ઈ. ૧૮૪૯. * * ઔરંગઝેબનું અવસાન ઇ. ૧૭૦૭. * * પંડિત મોતીલાલજીનું અવસાન.

તા. ૨૨ અમેરિકાને ઇંગ્લંડની ઝૂંસરીમાંથી છોડાવનાર પ્રખ્યાત કર્તવ્યપુરુષ જ્યૉર્જ વૉશિંગ્ટનનો જન્મ—ઈ. ૧૭૩૨

તા. ૨૫ સ્વામી વિવેકાનંદના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસની જયંતી * * કવિ નર્મદાશંકરનું અવસાન—ઇ. ૧૮૮૫.

તા. ૨૬ ગુજરાતી સાહિત્યમાં 'કેકારવ' કરી, ઊગીને જ આથમી જનાર કલાપી (લાઠીના ઠાકોર શ્રી સૂરસિંહ)નો જન્મ—ઇ. ૧૮૭૪. * * ૧૮૫૭ના બળવાનું મંગલાચરણ.

તા. ૨૮ કલકત્તા, મદ્રાસ તથા મુંબાઇમાં ટેલીફોન દાખલ થયા ઈ. ૧૮૮૨. * * શિવાજી મહારાજના પ્રેરણાદાતા ગુરુદેવ શ્રી સમર્થ રામદાસની પુણ્યતિથિ.



આ માસની વિભૂતિ
શ્રી ગોપાળ કૃષ્ણ ગોખલે

ઇ. ૧૮૬૬ કોલ્હાપુર મુકામે જન્મ. તા. ૯મી મે.

ઇ. ૧૮૭૯ પિતાનું મૃત્યુ.

ઇ. ૧૮૮૪ બી. એ. પસાર થયા. અને સ્વેચ્છાએ સેવાસન્યાસનો આદર્શ સ્વીકાર્યો.

ઇ. ૧૮૮૫ ડેક્કન એજ્યુકેશન સોસાએટીમાં અધ્યાપક રહ્યા.

ઈ. ૧૮૮૮ મહર્ષિ રાનડેનું શિષ્યત્વ સ્વીકાર્યું ને એમનું 'ક્વાર્ટર્લી જર્નલ' ચલાવવા લાગ્યા.

ઇ. ૧૮૮૯ મુંબાઇની કૉંગ્રેસમાં સક્રિય ફાળો આપ્યો.

ઈ. ૧૮૯૫ કૉંગ્રેસના મંત્રી અને 'રાષ્ટ્રસભા સમાચાર'ના તંત્રી થયા.

ઈ. ૧૮૯૬ પુનામાં ડેક્કન સભાની સ્થાપના કરી.

ઇ. ૧૮૯૬ પૂ. ગાંધીજી સાથે પ્રથમ મીલન

ઇ. ૧૮૯૭ સર વેડર્બર્ન અને શ્રી રાનડેએ પ્રવાસખર્ચ ભોગવી એમને વેલબી કમીશનમાં જુબાની આપવા વિલાયત મોકલ્યા. ત્યાં દાદાભાઇ સાથે રહી તેમણે પ્રશસ્ય કાર્ય બજાવ્યું એ જ સાલમાં પુનામાં ફાટેલા પ્લેગ સામે તેમણે લડત ઉપાડી જેના પરિણામે અનેક અપમાનો, અને આક્ષેપો મૂગે મોઢે સહન કર્યાં.

ઈ. ૧૮૯૯ મુંબાઇની ધારાસભામાં લોકનિયુક્ત સભ્ય તરીકે પ્રવેશ કર્યો.

ઇ. ૧૯૦૧ ધારાસભામાંથી 'Walk-out'—અસહકાર જાહેર થયો.

ઇ. ૧૯૦૨ સર ફિરોજશાહ મહેતાએ પોતે મુક્ત થઇ, તેમને વડી ધારાસભામાં જગ્યા કરી આપી; ડેક્કન એજ્યુકેશન સોસાએટીમાંથી રૂા. ૨૫)નું પેન્શન લઇ નિવૃત્ત થયા.

ઈ. ૧૯૦૪ હેન્રી કૉટનના પ્રમુખપણા નીચેની મુંબાઈની કૉંગ્રેસના મંત્રી નીમાયા.

ઇ. ૧૯૦૫ પૂનામાં 'હિંદ સેવક સંઘ'ની સ્થાપના કરી.

ઇ. ૧૯૧૨ હિંદીઓને થતો અન્યાય દૂર કરાવવા દક્ષિણ આફ્રિકા ગયા. પૂ ગાંધીજી તેમના મંત્રી બન્યા. અન્યાય દૂર થવાનું વચન મેળવ્યું પણ વચન ન પળાયું એટલે ગાંધીજીએ સત્યાગ્રહ જંગ આદર્યો અને જીત મેળવી.

ઇ. ૧૯૧૫ ગાંધીજી જેવી પ્રતિભાશાળી વ્યક્તિની અસાધારણ શકિત આફ્રિકામાં વસતા થોડા હજાર હિંદીઓ પાછળ ખર્ચાય તેના કરતાં હિંદની સેવામાં જ સમર્પિત થાય એમ ગોખલેજી ઈચ્છતા. જાણે એ પાછળ કોઇ દૈવી સંકેત રહેલો હોય તે પ્રમાણે ગાંધીજીને હિંદ બોલાવી પોતાનું બધું કાર્ય તેમને ભળાવી ૧૯મી ફેબ્રુઆરીને રોજ તેઓ વિદેહ થયા.

મારી નજરે

(અનુસંધાન પૃ. ૫૯થી)




પ્રો. ત્સુબોશી

થાય છે. તેમના ૭૦મા વર્ષે તેમના સ્મરણ રૂપે ત્સુબોશી મેમોરીઅલ નાટ્યશાળા થઇ તેનું સ્વરૂપ એલિઝાબેથ ના સમયના ફૉર્ચ્યુના થિ-એટરના ઘાટનું છે અને અંદરબહાર લગભગ તેનું જ અનુસરણ છે. પરસાળ નાટ્યમંચ જેવી છે. પ્રવેશદ્વારે Totus Mundusagit Historionen ('આખુ જગત એક નાટકશાળા છે.') એમ લૅટિન ભાષામાં લખ્યું છે.

આ મકાનના ત્રણે માળમાં જાપાનનાં એક હજાર વર્ષ પૂર્વેનાં નાટ્યગૃહો, પાત્રો, પોશાકો, સાધનો વગેરેનો અજબ સંગ્રહ છે. તે ઉપરાંત યુરોપનાં નાટ્યગૃહો, જુદાજુદા યુગના પ્રસિદ્ધ નાટ્યલેખકોની છબીઓ, ચિત્રો, હસ્તલેખો વગેરેનો બેમૂલો સંચય છે. માત્ર હિંદ, બ્રહ્મદેશ, જાવા એ જ દેશોના પ્રતિનિધિરૂપ મેં કાંઇ ન જોયું. બાકી યુરોપનું બધું સાહિત્ય ત્યાં હતું. ત્યાં એકલાં નાટકો પરનાં ૧૫૦૦૦ પુસ્તકો ચીની--જાપાની ભાષાનાં, ૫૦૦૦ ગ્રંથો યુરોપિયન દેશોનાં, ૧૦૦૦ યુરોપિયન ગ્રંથો માત્ર શેક્સ્પીઅર ઉપર પ્રો. ત્સુબોશીએ જ ભેગાં કરેલાં સંગ્રહાએલાં હતાં. ૩૦,૦૦૦ રંગીન ચિત્રો ઉપરાંત મ્હોરાં, વેશપલટાના સાધનો, નાટ્યગૃહોના નાના નમૂના-પાત્રો સહિતના--આ બધું જોતાંજોતાં અમે થાક્યા હતા. ઉતાવળમાં હતા છતાં યે એક કલાક લાગ્યો.

ટોકિયો આટલું જ જોવા આવ્યા હોત તો યે આંટો સફળ ગણાત. બહાર નીકળ્યા પછી, હિંદુસ્તાનની ભવાઇઓ, રાસલીલાઓ, કથકલીઓ વગેરેમાં હજુ પણ જીવતું પ્રાચીન તત્ત્વ સંઘરનારા મ્યૂઝિયમની કલ્પના કોણ ઝીલશે તેના ઉભરા સમાવતા યુનિવર્સિટીના હૉલમાં આવ્યા. એ વખતે અંધારૂં થઈ ગયું હતું ને દીવા પ્રગટી ગયા હતા; પણ જોયું તો યુનિવર્સિટીના બધા ખંડે રોશની થઇ રહી હતી. પ્રો. નીગોઇને



ત્સુબોશી મેમોરિયલ નાટ્યશાળા



જાપાનના વિદ્યાર્થીઓ

પૂછતાં તેમણે જણાવ્યું કે હવે યુનિવર્સિટીના રાતના વર્ગો શરૂ થયા છે અને રાતના અધ્યાપકોનો સ્ટાફ દિવસના વપરાતા ખંડોમાં જ વર્ગો ચલાવશે. આવી રીતે અખંડ વિદ્યોપાસના ચાલતી રાખતી જોવાની તક અમને અમૂલી લાગી તેથી તે વર્ગોમાં જઇ કામ ચાલતું નિરખવાની ઇચ્છા પ્રો. નીગોઇને જણાવી. તેમને તો અમે તેમના રોજના નિયમ કરતાં બે કલાક વધુ રોક્યા હતા, એટલે રાતના કોઇ અધ્યાપક જોડે ઓળખાણ કરાવી આપી જાય એવી વિનંતિ કરી. જાપાનની સામાન્ય સભ્યતામાં પણ કોઇવાર ક્ષતિ કે થાક અમે જોયો નહોતો તો પછી અહીં વિદ્વાનો પાસે તો પૂછવું જ શું? તેમણે તરત રાતની શાળાના પ્રિન્સિપાલ પાસે અમને પહોંચાડ્યા અને તેમને અમારો પરિચય આપી પોતે ઘેર સીધાવ્યા. રાતના પ્રિન્સિપાલ સાહેબ પ્રથમ તો અમને તેમના રૂમમાં લઈ ગયા અને અમે કશું ખાધું નહિ હોય એમ ધારી લઇને ચાનાસ્તો મંગાવ્યો. ખરૂં પૂછો તો અમને ખાવાનું સાંભરતું નહોતું, પણ એટલો ટેકો જરૂરનો ધારી એ આતિથ્ય વધાવી લીધું.

પ્રિન્સિપાલ સાહેબને પૂછ્યું કે તેઓ કયો વિષય શીખવે છે, તો કહે Ethics! એન્જિનીઅરિંગ ઇલેક્ટ્રિસિટી વગેરે ભણનારાને પણ ઉચ્ચ ચારિત્ર્ય, જાતિ વ્યવહાર અને વર્તનથી વધારે ઉચ્ચતર માનવતાનો પરિચય આપવા મથતું જાપાન કેટલી ઉગ્ર પ્રવૃત્તિ રાખે છે તે બરાબર જોયું. રાતની નિશાળના

ખંડેખંડ ઉત્સાહી, ઉદ્યોગી, ચમકતા ૧૪થી ૧૮ વર્ષના જાપાની છોકરાઓથી ઉભરાઇ રહ્યા હતા, પણ ક્યાંયે બૂમાબૂમ કે ધમાધમનું નામ નહિં. પ્રિન્સિપાલ સાથે અમે ચાલીમાં જતાં કોઇ સામા મળતા તો નમ્યા વિના રહેતા નહિ.

જાપાની વિદ્યાર્થી બાળવર્ગનો હોય કે યુનિવર્સિટીનો ગ્રૅજ્યુએટ હોય, પણ તેના દેખાવમાં જરાયે દાંડાઈ કે તુમાખીપણું દેખાયજ નહિ. દરેક જણ પોતાની શાળાનો મુકરર થએલો—યુનીફૉર્મ જેવો—પોશાક જ પહેરે. તે પણ બહુ જ જાડા સાદા કાપડનો હાફકોટ અને પાટલૂન. કોટનાં બટન ગળાથી જ બંધ એટલે નેકટાઇનું નામ જ નહિ; અને માથે પણ સંચાથી કાપેલું એકસરખું મેદાન. એટલે દાંતિયા બ્રશની ટાપટીપ જ નહિ. આંખો અને હોઠ મૃદુ હસતા, પણ તેમાં મશ્કરી કે ઉછાંછળાપણું નહિ. કોઇ ઠેકાણે ટોળે મળેલા કે એકબીજાની છેડ મસ્તી કરતા કદી તેઓ દેખાતા નહિ. પચાચ પચાસ વિદ્યાર્થીઓનો એક એક વર્ગ હતો. છાયછત્રવાળા લટકતા વીજળિક દીવા નીચે બબ્બેનાં ટેબલો હતાં. દરેક વર્ગમાં બે શિક્ષક રહેતા, પણ કોઈમાં અવાજ કે અવ્યવસ્થાનો ઇશારો પણ ન હોય. ડ્રૉઇંગ, રસાયણ, વીજળી કે ભાષા—કોઇપણ વર્ગમાં સંપૂર્ણ શાંતિ. અમે ઘણા ખંડ જોયા. અમને દુઃખ માત્ર એ થતું કે અમે તેમની ભાષામાં કશું કહી કે સમજી શકતા નહિ. છતાં પ્રિન્સિપાલ અમારા દર્શક (ભોમિયા) મારફત દરેક બાબતનો ફોડ પાડવા બહુ તત્પરતા બતાવતા. આવા પ્રિસિન્પાલો કે દર્શકો પણ હિંદમાં તો શોધવા પડે એમ છે.

જાપાનની શિક્ષણતપસ્યા અપૂર્વ છે. વાસેદા યુનિવર્સિટીએ અમને તેનો પહેલો પણ એક સંપૂર્ણ નમૂનો બતાવ્યો, અને પછી જોએલી સંસ્થાઓમાં એને લીધે જ અમે ઘણીવાર વખત બચાવવા નજર કરીને જ સંતોષ લેવાનો ક્રમ રાખ્યો હતો.

(હવે આપણે કલાકાર કાત્સુતાને ઘેર જવાનું છે. કવયિત્રી મૅડમ યોશીમુરા મળવા આવવાના છે એવો પત્ર છે. ટોકિયોનાં એક પ્રખ્યાત કટાક્ષ ચિત્રકાર યાકુતેનને મળવાનું છે તેમજ ઇમ્પીરીઅલ આર્ટ ઍકૅડેમી પણ જોવાની છે. તે આવતા અંકે.)

(ચાલુ) ર. મ. રા.

સાતમો વિશ્વશિક્ષણ સમારંભ જાપાનમાં

એ સંસ્થાનું મુદ્રાચિહ્ન

જગતભરની શિક્ષણસંસ્થાઓના પ્રતિનિધિઓને નોતરતો સાતમો વિશ્વશિક્ષણ સમારંભ જાપાનના પાટનગર ટોકિયોમાં આ સાલ ભરાશે. તેની કાર્યવાહી ઉઠાવવાને જાપાન એજ્યુકેશન એસોસીએશને ૧૯૩૫ના ડિસેંબરની ૨૫મીએ તેનું ખાસ મથક ઊભું કરી દીધું છે ડૉ. માસાનોરી ઓશીમા તેના સેક્રેટરી જનરલ નીમાયા છે અને તા. ૨ જી થી ૭મી ઑગસ્ટ ૧૯૩૭ સમારંભ માટે નક્કી થઇ છે. સમારંભનાં માહિતીપત્રો તો ગયા જૂનની પહેલીથી છૂટવાં શરૂ થઇ ગયાં છે.

એ મહાન પરિષદમાં નીચે મુજબ વિભાગો ગોઠવવામાં આવ્યા છે: ૧ પ્રૌઢ શિક્ષણ, ૨ પ્રચારકાર્ય, ૩ કૉલેજો અને યુનિવર્સિટીઓ, ૪ શિક્ષણાત્મક કળાઓ, ૫ ભૂગોળ, ૬ આરોગ્ય, ૭ ઘર અને શાળા, ૮ શિક્ષકોની તાલીમ, ૯ ઘર અને કિન્ડરગાર્ટન, ૧૦ માધ્યમિક કેળવણી, ૧૧ પ્રત્યક્ષ પ્રાયોગિક શિક્ષણ

ભૂગોળના વિભાગમાં એક સર્વસાધારણ વિચારસરણી નિર્ણીત થઇ ગઇ છે કે એના શિક્ષણ દ્વારા પ્રજાપ્રજાના સંબંધોમાં સુવાસ ઉત્પન્ન કરવી. જાપાનના ભૂગોળજ્ઞાતાઓ નીચેના વિષયો ચર્ચશે: ૧. ભૂગોળ શીખવવાનાં સાધનોનો પ્રજા પ્રજા વચ્ચે વિનિમય શી રીતે સાધવો, ૨. જાપાનમાં ભૌગોલિક શિક્ષણનો તાજેતરમાં થએલો વિકાસ, ૩. ૧૮૭૦થી જાપાનની પ્રજા કેવી રીતે વહેંચાતી આવી છે.

જાપાનની કેળવણી સંસદના પ્રમુખ મિ. હીદેજીરો નાગાતા, હીરોટાના પ્રધાનમંડળમાં પરદેશમંત્રી નીમાયા છે છતાં તે જાપાનીઝ કેળવણી મંડળના પ્રમુખ અને સાતમા વિશ્વશિક્ષણ સમારંભના ઉપપ્રમુખ તરીકે ચાલુ રહેશે. આ સમારંભના પ્રસંગે રેલવે કંપનીઓ પોતાના દરમાં પચાસ ટકા ઘટાડો કરશે હવાઇ વ્યવહાર કરનારી કંપનીઓ ત્રીસ ટકા અને સ્ટીમર કંપનીઓ વીસ ટકા ઓછા લેશે.

સમારંભનો કાર્યક્રમ હમેશાં બપોર પહેલાં ઉકલી જશે. એ પછીનો સમય, પ્રતિનિધિઓ વિવિધ પ્રવૃત્તિઓનો લાભ લઇ શકે તે માટે છૂટો રહેશે. પ્રતિનિધિઓને રાહત, આરામ અને સગવડો આપવા સ્વાગત મંડળ સંસ્થાઓની મુલાકાતો, નાટકો, નૃત્યો, ફૂલસજાવટ, ચામંડળી વગેરેનાં કાર્યક્રમો યોજી રહ્યું છે. વળી એ પ્રસંગ માટે જ જાપાનની સંસ્કૃતિ અને જાપાનના પ્રવાસ વિષે બે માહિતીપૂર્ણ ગ્રંથો બહાર પાડવાની યોજના પણ હાથ લેવામાં આવી છે. જાપાનનું દરેક મોટું શહેર આવનારા પ્રતિનિધિઓ માટે જાતજાતનાં આકર્ષણો અને આદર આપવાની ગોઠવણો વિચારી રહ્યું છે. તે સિવાય, આવનારાઓને જાપાન વિષે અનેક જાતની માહિતી આપનારાં ભાષણો પણ યોજવામાં આવશે. પ્રતિનિધિઓની તહેનાત કેમ સાચવવી તેની ૨૦૦ યુવાનો તો ખાસ વર્ગો અને ભાષણોથી તાલીમ લઈ રહ્યા છે. ૧૯૩૭ના જુલાઇ સુધી આ વર્ગો ચાલુ રહેશે. બધી પ્રવાસયોજનાનો કાર્યભાર જાપાન ટૂરિસ્ટ બ્યૂરોએ લીધો છે.

ગુજરાતમાંથી થોડાક વિદ્વાનો ને શિક્ષકો આ પ્રસંગનો લાભ લે એવી આશાથી આ માહિતી આપવામાં આવી છે.—તંત્રી

કાયદાનું રાજ

હઝરત અલી સરીનના જંગમાં હતા, ત્યા ઘામ થયો, એટલે બખ્તર ઊતારીને નીચે મૂકયું ને પોતે પાછા ઝૂઝતા જ રહ્યા.

લડાઇ બંધ થયા પછી બખ્તર ગોતવા માણસોને મોકલ્યા, પણ જડયું નહિ.

એક દિવસ હઝરત અલી શહેરમાં ચાલ્યા જાતા હતા, ત્યાં જોયું તો એક માણસ એમનું જ બખ્તર પહેરીને ફરતો હતો. એટલે અલી એને કાજી આગળ તેડી ગયા, અને કહ્યું, 'મેં બખ્તર વેચ્યું કે આપ્યું નથી. આ ભાઈ કહે છે કે એ એનું છે. પણ હું એને ઓળખું છું ને એ મારું છે એમ કહું છું. તો અમારો ન્યાય કરો.

'આ કોનું છે?' કાજીએ માણસને પૂછ્યું, 'ને તમે તે કયાંથી લીધું?'

'એ મારુ છે,' માણસે ઉત્તર આપ્યું, 'અને મેં એ પહેર્યું છે તથા એ મારા કબ્જામાં છે, એટલે ભોગવટાના અધિકારથી તે મારું છે. બીજા કોનું હોઇ શકે? આ એનું છે એમ આ માણસ સાબિત કરી આપે તો ભલે એ લઇ લ્યે.'

કાજીએ અમીરૂલ્ ઇસ્લામને કહ્યું, 'જનાબ, આ બખ્તર આપનું છે એવો આપનો દાવો છે, એટલે આપનું છે એમ સિદ્ધ કરવા સાક્ષીઓ આણો. એ સાક્ષીઓએ કુરાને મજીદ ઉપર સમ ખાઇને કહેવું જોઇએ કે તેઓ આ બખ્તરને ઓળખે છે, અને



શાકવાળીનો ભેરુ

હાથમાં મારી દાઢી મૂકી, એટલે બેસી જોઉં છું રોજ,
ટોપલાવાળી જાય છે ચાલી, ટહેલ નાખીને બોલતી રોજ.

ગુવાર વેચે, દૂધી વેચે, વેચે તાજી ભાજી પ્યાજ,
તરબૂચ ટેટી વેચતી જાયે, ગલકાં ભીંડા સવાર સાંજ.

રાંધતી રાંધતી બા આવેને, છેડો ખોસતી પૂછે ભાવ.
ટોપલો ઉઘડે જાદુઈ જાણે, શાક તો ત્યાં ના માયાં જાય.

બા છે મારી એવી કની તે, ટોપલો આખો ફેંદી જાય,
પાશેર લૈને ઘરમાં જાય ને પેલી ડોળા કાઢતી જાય.

થાય મને, શાક ખૂબ ન લીધું તેથી બાપડી રડશે ખૂબ,
લાવ હું એનું વેચવા લાગું શાક, પાડીને મોટી બૂમ.

'ટોપલાવાળી.શાકવાળી ઓ! આયરે અહીં, અહીં રે આય.'
સાદ સુણી મુજ, ડોળા કાઢી, ગાળ દઇ એ ચાલી જાય.

હું તો એને કહેવા માગું: તારો થાઉં હું મદદનીશ,
શાક તારૂં સૌ વેચી આપું, મારા પર ના કરીશ રીસ.

ટોપલે તારે બેસાડી મને મૂંગીમૂંગી ફરજે માત્ર,
એવો કની હું સાદ પાડીશ કે શાક ખરીદશે માણસ માત્ર.

પણ જો હું ખાઉં કાકડી ટેટી, તારે તો ના વઢવું બાઈ,
પૂરા દામ ના ઉપજે તો છે મારી પાસે એક ઉપાય.

સાંજરે મારે ઘેર જઇશું, ગોતતી હશે માત મને,
ટોપલામાં મને ઢાંકી રાખી ધારેક જજે એટલા કને.



ને હું બોલીશ: 'શાક લો કોઇ, નાનકો બચુ વેચે શાક.'
નવાઇ પામી આવશે બા, ત્યાં ટોપલેથી મોં કાઢું જરાક.

'ઓ રે લુચ્ચા ફીતર હેઠો.' બોલશે ડોળા કાઢી બા,
શાકવાળી ઓ તનેય ભાંડશે, પણ ના બીશ, ન મારશે બા.

કહીશ, 'હું છું વાડીનો મૂળો. કીંમત મારી રૂપિયા તેર,
જોઇતો હોય તો ખરીદ લે માઇ, નહિ તો આપણે ટોપલે લહેર.

માનું છું કે મને તેરમાં લેશે ખરીદ કરી મારી બા,
નહિ તો તારા ટોપલે બેસી વેચવા લાગીશ શાક સદા.

હાથમાં મારી દાઢી મૂકી એટલે બેસી જોઉં છું રોજ,
શાકવાળીના નાકની ચૂની કેવી રૂપાળી લાગે રોજ!

—સુન્દરમ્

એ આપનું છે; તેઓએ એમ પણ કહેવું જોઇએ કે આપે એનું દાન નથી કર્યું. અને સરીનના રણાંગણ ઉપર આપે એ ખોયું એમ તેઓ જાણે છે.'

પણ સોગંદ ઉપર આમ કહી શકે એવો એકે સાક્ષી અલી આણી શકયા નહિ.

હવે ફેંસલો કેવો આપવો એ કાજીને સૂઝે નહિ. હઝરત અલી તો ખલીફા હતા. એમની વાત માન્યા વિના કેમ ચાલે? અમીરૂલ્ મોમીનીન ખોટું કેમ બોલે?

કાજીના મનમાં ઘડભાંગ ચાલતી હતી એ અલી કળી ગયા, એટલે એમણે કહ્યું, 'કાજીસાહેબ આપે કાયદાને અનુસરીને ફેંસલો આપવો. કાયદા આગળ રંક ને રાજા બધાય સમાન છે. હું મુસલમાનોનો મુખી છું એ આપ ભૂલી જ જાઓ.'

તોપણ કાજીના મનનું સમાધાન ન થયું. અલીની વાતમાં શંકા કેમ કરાય? પણ એ એકે સાક્ષી રજૂ નહોતા કરતા. અને પ્રતિવાદીની વાતમાં પણ કેમ શંકા કરાય? બખ્તર એનું છે એવો એનો દાવો હતો. વળી એ એના કબ્જામાં હતુ, અને ઊલટું સાબિત ન થાય ત્યા લગી કબ્જો એટલે માલનું ધણીપણું, ચુકાદો શો આપવો, ને બખ્તર કોને સોંપવું?

અલીએ જોયું કે કાજી હજી અચકાય છે, એટલે કહ્યું, 'કાજી સાહેબ, આવી વાતમાં કાયદા વિરુદ્ધ જઇને ખલીફા કે રાજાને લાભ આપવો એ પાપ છે; એ તો ગેરઇન્સાફ અને જુલમ કહેવાય.'

એટલે કાજીએ પ્રતિવાદીના લાભમાં દાવો ચૂકવ્યો ને અલી તથા પ્રતિવાદી કચેરીમાંથી ભેળા ચાલતા થયા.

થોડાક દિવસ બાદ એ માણસ હઝરત અલી આગળ ગયો, અને કહ્યું, 'સાહેબ, લ્યો આ આપનું બખ્તર. સાચે જ એ આપનું છે. મને એ સરીનમાં જડયું ને મેં લઇ લીધું. ચૌટામાં વેચાશે તો એના ઠીક પૈસા ઊપજશે એમ જાણીને મેં મારૂં છે એમ કહ્યું. આપ તો બાદશાહ છો, એટલે ખુશીથી મારી પાસેથી એ લઇ શકત. પણ હું આપની ન્યાયપ્રિયતા ઉપર મુગ્ધ છું અને બખ્તર સંઘરવાને અશક્ત છું. આ વિના મારી એક અરજ છે. મારે આપ આગળ રહેવું છે, ને આપની સેવા કરવી છે.'

હઝરત અલી નહરવાનની લડાઈમાં શહીદ થયા અને આ માણસ એમને પડખે જ મરાયો.

દેસાઈ વાલજી ગોવિન્દજી

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'રોજિંદા શ્રમજીવીઓ', ભાઇ નવનીત શાહ (વડોદરા): બીજું ઇનામ: 'બાની મદદે', ભાઇ રસિકલાલ ગામી (કડી): ત્રીજું ઇનામ: 'આરામ', ભાઈ કસ્તુર શાહ (અમદાવાદ).

ચિત્રનું નામાભિધાન યથોચિત હોવું જોઇએ. વિષયને અનુરૂપ ગુજરાતી ભાષાનું નામ શોધવાની દરેક ઉમેદવારે કાળજી રાખવી ઘટે. તે તરફ અગાઉ અનેકવાર ટીકા અને સૂચના કરેલા છે છતાં ઘણા જણ ચિત્રનું નામ પાડવામાં પૂરતી સંભાળ રાખતા નથી. 'કુમાર' ગુજરાતી ભાષાનું માસિક છે. તેની ફોટોગ્રાફી હરીફાઇમાં મોકલાતાં ફોટો-ચિત્રોના નામ અને રજૂ કરનારનાં નામ અંગ્રેજી ભાષામાં ન આવવાં જોઇએ. હરીફાઇના નિયમોમાં એ પણ અગત્યનું ગણાશે. હવે પછી એ પ્રમાણે નહિ હોય તેમનાં ચિત્રોનો આંક તે રીતે થશે. આ વખતના હપતામાં આવેલાં ચિત્રો ચાલુ ધોરણથી ઘણા નીચા દરજ્જાનાં છે.

ઇનામો નહિ મેળવનારાં કેટલાંક નોંધપાત્ર ચિત્રો સારી તકનો બરાબર ઉપયોગ નહિ કરતાં આવડયાના નમૂના છે. ભાઇ એન. સી. ગજ્જરે પોતાનું 'ખબાવાડ'નું ચિત્ર એકએ પાત્ર ઉપર ધ્યાન રાખી અગત્ય પૂરતો ભાગ પાડયો હોત તો આગળપડતું ચિત્ર થાત. તેમની નેગેટીવ સરસ હોય એમ લાગે છે. સૂપડું પકડી કામ કરતા ડોસા એકલાનું જ ચિત્ર બહુ આકર્ષક છે. પ્રિયકાન્ત નાનાલાલ મહેતાનું 'પહાડના ટોચે' આકર્ષક કુદરતચિત્ર છે પણ ફોટોગ્રાફીમાં દૂર-પાસેના વર્ણનો ઉઠાવદાર ભેદ તેઓ લાવી શકયા નથી તેથી ચિત્ર ઠંડું બન્યું છે.

ભાઇ કસ્તુર શાહના 'પાનાંનો બંગલો'માં ચિત્રપ્રસંગ તથા ગોઠવણ સારાં હોવા છતાં ચિત્રમાં છાયા–પ્રકાશના નરમ ભેદો અને વિગતોની સ્પષ્ટતાને અભાવે સરસ તક નકામી ગઇ છે. અંધારાવાળા ભાગમાં ચિત્રને વધુ પ્રકાશમાન કરવાને ઊજળાં કપડાં કે આરસાની ગોઠવણનો ઉપયોગ કરવો જોઈએ.

શિશિર (પાનખર) ઋતુ પૂરી થઇને વસંત બેસે છે. આ સંયોગકાળમાં કુદરત રોજ નવાં રૂપો ધરે છે. તેનું નિરીક્ષણ કરતા રહો અને સુંદર ચિત્રો શોધી કાઢો. સવારે કે સાંજે કૅમેરાને તમારી સંગાથી રાખજો. ચિત્રો લેતાં પહેલાં સમય, વેગ અને તમારા કૅમેરાની શક્તિનાં માપો પૂરાં સમજી લેજો, જેથી ખર્ચ નકામો જાય નહિ અને પરિણામ સંતોષદાયક બને.

ચિત્ર એવું લેજો કે બીજાને તે જોતાં કંઇ આનંદ, માહિતી કે સૂચક દર્શન થાય. કયો ભાગ તમને આકર્ષી રહ્યો છે તેનો વિચાર કરજો અને તમારા ચિત્રના ચોરસામાં તેને ઉઠાવદાર લાગે એમ ગોઠવીને ચાંપ દાબજો. નકામી કે ચિત્રની અસર ઉડાવી દેનારી વસ્તુઓ, છાયાઓ અને પાત્રો દૂર રાખજો મન શાંત રાખી સ્થિરતાપૂર્વક તમારૂં ચિત્ર આંખે જુઓ છો તેવી જ પ્રતિમા આપે એવો પ્રયત્ન કરજો.

બળવન્ત ભટ્ટ



(કૌમુદી)

મધુકરી

આત્મીય ભાન તણી વૃદ્ધિ વિશુદ્ધિ થાતાં
સુકું લીલું કવિપણું વિલસે કદાચિત્
સાચો પરંતુ કવિ તે કરુણાર્દ્ર શાન્ત;
જે લાગણી અગણ્ બંધુ તણી લહે છે
તેને ક્ષણેક ગગનાભિમુખી કરે છે —બ. ક. ઠાકોર

યુજીન ઓ'નીલ

***આપણાં ચોપાનિયાં તો, આજે એની કીર્તિને કળશ ચડયો છે ત્યારે આટલો ઉહાપોહ કરવા મંડયાં છે, પણ જગતના સાહિત્યમાં યુજીન ઓ'નીલે પોતાનો મોખરો વહેલો જ સર કરી લીધેલો. અને અમેરિકાનું તો હૈયેહૈયું એના ઓ'નીલ પર આફરીન છે. એ નાટકનવેશે એવાં પાત્રો સર્જ્યાં છે જે જ્ઞાનના ભાર નીચે દંભને સંતાડતા બુદ્ધિધનોની નજરે પણ નથી પડયાં. છતાં એ પાત્રો માનવતા વચ્ચે જ જીવનારાં છે. ઓ'નીલે એવાં પાત્રો વચ્ચે રહીને જ જિંદગીની તડકી છાંયડી અનુભવી છે. એ કારણે એનાં પાત્રો સર્વદેશી બને છે. ખલાસીજીવને એની રંગદૃષ્ટિને વિશેષ આકર્ષ્યું છે. એ આકર્ષણ આપણામાંના મોટા વર્ગ જેમ એના દર્શનમાત્રથી નથી જન્મ્યું, પણ એની સરળતા અને કરાળતા બંનેનો તાગ પામ્યા પછી નિષ્પન્ન થયું છે.

જગતના સર્વશ્રેષ્ઠ સાહિત્યસ્વામીને મળતું 'નોબેલ પ્રાઇઝ' સને ૧૯૩૬ની સાલ માટે પ્રખ્યાત અમેરિકન નાટ્યકાર યુજીન ઓ'નીલને મળેલ છે. રૂઢ પ્રણાલિકાવાદના તોડનાર તરીકે તે અમેરિકામાં જાણીતો છે. તેના જીવનમાં તેમજ તેની સાહિત્યકૃતિઓમાં સર્વત્ર બંડ દેખાય છે. જૂનવાણી ચીલે ચાલતા રમશીઆ સમાજના કાનમાં નવા મંત્ર ફુંકી તેને નવે માર્ગે દોરવાના સ્વપ્નાં તે સેવે છે. તેના આ સંકલ્પબળને આડે આવનારને તેની તેજીલી કલમ મહાત કરે છે. જૂની પ્રણાલિકાઓ અને રૂઢ મતો તોડી પોતાની અનોખી પ્રતિભાથી સ્વતંત્ર બંડખોર માનસની છાપ પોતાની નાટ્યકૃતિઓમાં તે ઉતારે છે. અસંતોષની આગથી પ્રજ્વળતા આ સાહિત્યકારે તેના ટૂંક જીવનમાં ઘણી લીલીસુકી જોઇ છે એટલે જ એની સાહિત્યકૃતિઓમાં અજબ વાસ્તવિકતા જોઇ શકાય છે.

તેના વડીલોએ તેને પ્રિન્સટન યુનિવર્સિટીમાં ભણવા મોકલ્યો. પણ ત્યાં ભાગ્યે જ એક વર્ષ પૂરૂં કર્યું. શાળાના શિસ્તપાલન અને પાઠ્યપુસ્તકોના કંટાળાભરેલા વાચન તરફ તેને તિરસ્કાર છૂટયો અને સ્વૈરવિહાર કરવા શાળાજીવનને તિલાંજલિ આપી. પછી તેને દરિયાપારના મુલકો જોવાની હોંસ જાગી એટલે તે ખલાસી થયો. જુદાજુદા દેશોના દરિયાનાં પાણી તેણે ડહોળ્યાં. વહાણ પર સઢ અને દોરડાં ખેંચીખેંચી પોતાનાં બાવડાં મજબૂત બનાવ્યાં અને સાગર-સાવજ ખલાસીઓના સાથી બની ઘણાં સાહસ ખેડયાં. અહીં પણ એ જંપ વાળી બેઠો નહિ. ત્યાંથી ન્યૂ યૉર્કની શેરબજારમાં ઉછળતા ડૉલરના ઢગલાઓ તરફ એનું મન ખેંચાયું. પણ શેરબજારની સટાબાજીમાં લાંબા સમય સુધી તે ટકી શક્યો નહિ ને મુફલિસી વહોરવી પડી. એ પછી વીમા કંપનીના એજન્ટ બની એ ચોતરફ રખડ્યો પણ તેની મુફલિસી મટી નહિ. એનાં ખીસાં હમેશાં ખાલી રહેવા લાગ્યાં. વળી કોઇ નવો ધંધો ખોળવાનું તેને દિલ થયું. એક હૉટેલમાં ચાકર તરીકે રહ્યો. પછી એ છોડી રંગભૂમિમાં કામ કરવા લાગ્યો અને છેવટે એક દૈનિકપત્રમાં જોડાયો. ખબરપત્રી તરીકે એ સારૂં વેતન મેળવવા લાગ્યો. તેની કલમ દૈનિકપત્રની કટારોમાં તમતમાટ ભરેલાં જોરદાર લખાણો લખી બહુ પાવરધી થઇ. યુરોપમાં મહાયુદ્ધ સળગ્યું ત્યારે સૈનિકદળમાં જોડાવાની તેની ઇચ્છા હતી પણ એ અરસામાં જ ક્ષયની બિમારીએ એને ઘેરી લીધો અને તે પથારીવશ થયો. આ સમય એને માટે

આપત્તિનો હતો પણ હૉસ્પિટલની એ ખાટલાવશ અવસ્થામાં જ એના કંટાળાભરેલા જીવનને બહેલાવવા પોતાના જીવનની રમ્ય સ્મૃતિઓ અને અનુભવો એ કાગળ પર ટપકાવવા લાગ્યો. આ મંથનકાળમાં એના હૃદયનો સાચો નિચોડ એની કલમમાંથી ઝરવા લાગ્યો; અને પરિણામે તેણે સંખ્યાબંધ એકાંકી નાટકો લખી નાખ્યાં.

શરૂઆતમાં તો રૂઢ પ્રણાલિકાઓ તોડતાં તેનાં લખાણો તરફ ખૂબ વિરોધ જન્મ્યો. જૂની ઘરેડના સાહિત્યકારોએ તેને પીખી નાખવામાં પણ બાકી રાખ્યું નહિ અને તેની સાહિત્યકૃતિઓને ઉતારી પાડવા જોશભેર લખવા માંડ્યા. આધુનિક સંસ્કૃતિના ઓઠા હેઠળ ચાલતી શોષણનીતિ અને દાંભિકતાને ખુલ્લી પાડનાર યુજીન, યુવાનોને ખૂબ ગમી ગયો. તેના બંડખોર માનસને તેઓ વધાવી લેવા લાગ્યા અને તેનાં એકાંકી નાટકો અમેરિકામાં ઘેરઘેર વંચાવા લાગ્યાં. અમેરિકાના લબ્ધપ્રતિષ્ઠ લેખકને મળતું 'પ્યુલિટ્ઝર પ્રાઇઝ' જ્યારે તેને ૧૯૨૦માં તેના 'ક્ષિતિજપાર' નામના નાટક માટે મળ્યું ત્યારે રૂઢ મતવાદી લેખકો પણ શાંત પડ્યા અને તેના તરફનો વિરોધ કંઇક ઘટ્યો. સને ૧૯૨૮ સુધીમાં તેની ઉત્તમોત્તમ નાટ્યકૃતિઓ માટે ફરી બે વખત તે જ ઇનામ મેળવવા તે ભાગ્યશાળી થયો.

કુદરતની ભવ્યતા પાસે તેનું માથું ઢળે છે. જીવન જેવું છે તેવું તેના નગ્ન સ્વરૂપમાં આલેખનાર તે અજબ કીમિયાગર છે. માનવ પ્રકૃતિના ગૂઢ કોયડાઓ ઉકેલી તેનું રહસ્ય તાદૃશતાથી પોતાની નાટ્ય કલાકૃતિઓમાં તે ઉતારે છે. શહેરના કૃત્રિમ જીવન કરતાં કુદરતને ખોળે ઉછરતા અમેરિકાના હબસીઓના જીવન તેને વધારે સ્વાભાવિક અને સરળ લાગે છે. પીડિત જનોની લાગણીઓ અને ભાવોને વ્યક્ત કરતું તેનું નાટક 'શહેનશાહ જોન્સ' અમેરિકામાં બહુ લોકપ્રિય થયું છે અને એ જ નાટકની ઉતારેલ સીનેમા-ફિલ્મે અમેરિકાની પ્રજાને મંત્રમુગ્ધ કરી દીધી છે.

આ નાટકો પોતે લખ્યાં છે એટલું જ નહિ પણ તેમાં નટ તરીકે ઊતરી ઉચ્ચ પ્રકારની અભિનય કલા માટે પણ તેણે ખૂબ કીર્તિ મેળવી છે. ન્યૂ યૉર્કના 'ગ્રીનિચ વીલેજ થીએટર' સાથેનો તેનો સંબંધ ૧૯૨૫થી આજસુધી ચાલુ છે. આ નાટ્યકારની ઉંમર હજુ અડતાલીસ વર્ષ જેટલી માંડ છે; એટલે અમેરિકાને તો તેના પર હજુ ઘણી આશાઓ છે.

—રાયસિંહજી કાનજી રાઠોડ

શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી

* * * તરુણ વર્ગને કદાચ એમની ઓછી ઓળખ હશે, પણ આપણા પહેલાંની પેઢી પર જેની બહુ ઊંડી અસર રહેલી છે, એ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ વડોદરામાં સ્થાપેલા શ્રી શ્રેયઃસાધક અધિકારીવર્ગે ગુજરાતના જાહેર જીવનમાં એક વખતે ખૂબ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. 'પ્રાતઃકાલ', 'મહાકાલ', 'ધર્મધ્વજ', 'યમદંડ' આદિ માસિકો તથા એ વર્ગની બહાર પડેલી પુસ્તિકાઓએ ગુજરાતની આધ્યાત્મિક બાજુને સફળ બનાવવામાં ઘણો હિસ્સો આપ્યો હતો. શ્રીમન્નૃસિંહાચાર્યજી પછી એમના પુત્ર શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ આ વર્ગનું આચાર્યપદ સ્વીકાર્યું હતું વ્યાખ્યાનો, નિબંધો અને ભજનો આદિથી તેમણે શ્રેયઃસાધક વર્ગની પ્રતિષ્ઠા ખૂબ જમાવી હતી પોતાનાં પત્ની શ્રીમતી જયદેવીના સહકારથી સ્ત્રીજીવનમાં પણ ઉન્નત સંસ્કાર રેડવાનો એમણે પ્રયાસ કરેલો. એમના આકસ્મિક અવસાનથી એકલા શ્રેયઃસાધક અધિકારીવર્ગને જ નહિ, ગુજરાતભરની સંસ્કારી જનતાને ખોટ ગઇ છે.

છેલ્લી સદીમાં જે છ ધાર્મિક પ્રવાહો વહ્યા, તેમાંથી રામમોહનરાયનો બ્રહ્મસમાજ, રામકૃષ્ણ પરમહંસની ધર્મસંસ્થા, સ્વામી દયાનંદનો આર્યસમાજ, મૅડમ બ્લૅવૅટસ્કીની થીઓસોફી: એ ચાર સામાન્ય પ્રવાહો અને શ્રીમન્નૃસિંહાચાર્યનો શ્રી શ્રેયઃસાધક અધિકારી વર્ગ તથા શ્રીમન્નથુરામ શર્માનું મંડલ એ બે ગુજરાતના વિશિષ્ટ પ્રવાહો. આચાર્યશ્રીનું વ્યક્તિત્વ, આચાર્યશ્રીનું પોતાનું તથા તેમના અનુયાયીઓ અને શિષ્યોનું સાહિત્ય વગેરે દૃષ્ટિઓએ જોતાં શ્રેયઃસાધક અધિકારીવર્ગ ગુજરાતના જીવનમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. શ્રીમન્નૃસિંહાચાર્ય પછી તે વર્ગના આચાર્યનું પદ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીને અર્પવામાં આવ્યું હતું. તેમના શિષ્યવર્ગમાં ગુજરાતમાં પંડિતો ગણાતા વિદ્વાન પુરુષો છે, જેવા કે છોટાલાલ માસ્તર, જેકિસનદાસ કણીઆ, નર્મદાશંકર મહેતા, કૌશિકરામ મહેતા, નગીનદાસ સંઘવી વગેરે. તે સર્વ ધાર્મિક વૃત્તિના હોવા ઉપરાંત ઉચ્ચકોટિના તત્ત્વચિંતકો અને સાહિત્યસેવકો તરીકે વિખ્યાત છે. એવા વર્ગના આચાર્ય થવું એ નહોતું જેવું તેવું સદ્ભાગ્ય કે નહોતી જેવીતેવી ગંભીર જવાબદારી. મારે મન તો શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી એટલે એક આદર્શ સ્નેહીજન, આદર્શ સંસ્કારીજન અને આદર્શ સજ્જન હતા. એમનું આધ્યાત્મિક રંગે રંગાએલું અસામાન્ય સૌજન્ય એમનું અદ્ભૂત આકર્ષણ હતું. પ્રભુ એમના આત્માની સદ્ગતિ કરે.

(ગુજરાતી) —ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા

હિંદી વહાણવટાની પડતી

* * * આજે તો એ ઉદ્યોગ છેલ્લો શ્વાસ લઈ રહ્યો છે, પણ ઇસુના જન્મ આસપાસની સદીઓ એનો ખરો સુવર્ણકાળ હતો. ગ્રીકો ને રોમનો જ્યારે ધંગીઓ (Galley-ships) ચલાવતાં પણ નહોતા શીખ્યાં, ત્યારે ભારતનાં વહાણો આફ્રિકા તો શું ઠેઠ મયદેશ (Mexico) સુધી વણજ ખેડતા હતા. સિકંદર અને દારા જેવા સમ્રાટોએ હિંદી વહાણોથી જ પોતાનો કાફલો ઊભો કર્યો હતો.

હિંદ સાથે સંપર્ક રાખતી એ જૂની સંસ્કૃતિઓનો ઇસ્લામના આક્રમણથી ધ્વંસ થયો અગર અટૂલી પડીગઇ.

મિસરના છેલ્લા રાજા દેવેન્દ્રે એ ભયથી દેશનો કિનારો છોડયો ને એના વંશજોમાંના એકે કચ્છની ગાદી સ્થાપી ત્યારથી કચ્છનું વહાણવટું હસ્તીમાં આવ્યું, જે આજ લગી યે ટકી રહ્યું છે. આજે પણ એનાં વહાણો નાગબારી (નીકોબાર), માલદીવા (માલદ્વીપ), સીંગાપોર ને બટેવીઆથી માંડી, હિંદનાં બધાં બંદરો ઉપરાંત બારેન (બહેરીન), કતીમ, બસરા, જંગબાર, મોંબાસા ને માડાગાસ્કરથી લઈ ઠેઠ ડરબન, મોઝામ્બિક, મુરશ (મૉરિશિયસ), અને લિડી સુધી વેપાર ખેડતા ફરે છે. અને એ ઉદ્યોગની વંશપરંપરાનુગત કુશળતાને લીધેજ કચ્છના કારીગરોએ ‘રંગમતી’ સ્ટીમર બાંધી એ કૌશલ્યની પ્રતીતિ આપી છે.

પણ કચ્છમાં તો એ શકયતા હજુ રહી છે એનું કારણ, સર્વોપરિ સત્તા તેના આંતરવહીવટમાં કોઈ રીતે હસ્તક્ષેપ નથી કરી શકતી એ છે. જમાદાર ફતેહમહમદના પુત્ર હુસેનખાને અંગ્રેજ લશ્કર સામે ચડાઇ કર્યા પછી કપ્તાન મૅકમર્ડોએ કચ્છ રાજ્ય સાથે જે કરારો કર્યા છે તે અનુસાર બ્રિટિશ તંત્રમાં એ Foreign Territory તરીકે જ ગણાય છે, જ્યારે બાકીના હિંદુસ્તાનનું એમ નથી રહ્યું. નેપાળ અને ભૂતાન સિવાય સારા હિંદુસ્તાન પર અંગ્રેજ સત્તા સાર્વભોમ છે અને એને લઇને હિંદી માલ હિંદી વહાણોમાં જ જ્યારે ઇંગ્લંડને કિનારે થોકબંધ ઊતરવા લાગ્યો ત્યારે ત્યાંના વેપારીઓએ એ માલ નીપજાવતા ઉદ્યોગો સાથે જ હિંદી વહાણવટા સામે યે પોકાર ઉઠાવ્યો ને શાસક સત્તાએ બંનેનો સાથે જ મૃત્યુઘંટ વગાડયો. વધુ દૂર જવું તો કયાં રહ્યું પણ ૧૮૫૭માં જ જ્યાં હિંદનાં વહાણો ને મછવાઓની સંખ્યા ૩૪,૨૮૬ હતી ત્યાં ૧૯૨૭માં ૮,૬૪૦ થઈ ગઇ ને જે વહાણ વડે નેલ્સને ટ્રફાલ્ગરનું યુદ્ધ જીત્યું એ ‘વિકટરી’ જેવાં વહાણો નીપજાવતા એ ઉદ્યોગના આજ તો કોણ જાણે કેટલા યે આંકડા કપાઇ ગયા હશે.

કચ્છ રાજ્યના ઇજનેર મિ. બુધભટ્ટીએ પોતાની જ કલ્પેલી ડિઝાઇનથી કચ્છના મહારાઓશ્રી માટે ખાસ તૈયાર કરેલી યાટ ‘રંગમતી’ જ્યારે મુંબાઈના બારામાં આવી ત્યારે દેશી વહાણવટાના અને વહાણના બાંધકામના ઉદ્યોગો બાબતમાં ઘણો જાહેર ઉહાપોહ થયો હતો. દેશી કચ્છી કારીગરોએ કરેલી ‘રંગમતી’ની બાંધણી તથા અંદરની સજાવટ જોતાં એટલું તો સિદ્ધ થઇ જ ગયું હતું કે એ ઉદ્યોગને જો રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં આવે, રાષ્ટ્રીય મૂડી એકઠી કરવામાં આવે અને રાષ્ટ્રીય ઉદ્યોગોનો વિકાસ સાધવાની ઉત્કટ ઇચ્છાવાળા ઉદ્યોગપતિઓ એમાં રસ લેતા થાય તો સદીઓ પહેલાં ધીકતા ચાલતા એ ઉદ્યોગને પુનર્જીવન મળે અને પરદેશી વહાણો જેવાં વહાણો, સ્ટીમરો, સ્ટીમલૉંચો અને યાટ ઇત્યાદિનું બાંધકામ જતે દિવસે હિંદમાં પણ શકય બની જાય.

હિંદનો વહાણ બાંધવાનો ઉદ્યોગ, લોખંડ અને પોલાદનાં પતરાં જ્યારથી દરિયા પર તરવા લાગ્યાં ત્યારથી તૂટયો એવી એક માન્યતા પ્રચલિત છે. લોખંડ અને પોલાદનાં વહાણો વરાળની મદદથી તરતાં અને ઝડપથી માર્ગ કાપતાં, એને લીધે, લાકડાનાં વહાણોનો ઉપયોગ ઘટવા માંડયો અને તેથી એ બાંધવાનો ઉદ્યોગ પણ કુદરતી રીતે જ નષ્ટપ્રાયઃ થયો.

‘બૉમ્બે ક્રૉનિકલ’માં આ પ્રશ્નની ઝીણવટથી મીમાંસા કરતાં મિ. એસ. એમ. કાપડીઆ જણાવે છે કે ‘માત્ર પોલાદી વહાણોના કરતાં પણ વધુ નાશકારક કેટલાંક તત્ત્વો એવાં હતાં કે જેને લીધે આપણા વહાણ બાંધવાના ઉદ્યોગનો નાશ થયો હતો. લોખંડ અને પોલાદનાં વહાણો આપણા દેશમાં આવ્યાં, વહાણોમાં વરાળનો ઉપયોગ થવા લાગ્યો વગેરે તો અનેક કારણોમાંનાં એકાદ બે કારણો ગણાય.’

‘વહાણનું બૉઇલર બાંધવામાં પહેલવહેલું લોખંડનું પતરૂં ૧૭૮૬માં વપરાયું પરંતુ ઇંગ્લંડની ઔદ્યોગિક ક્રાંતિ પછી જ એ ઉદ્યોગનો વિકાસ સારી રીતે થયો એમ કહી શકાય. ઔદ્યોગિક ક્રાંતિ પછી ઇંગ્લંડમાં ઉદ્યોગો ઘણા વધ્યા, યાંત્રિક યુગ બેઠો અને તેથી માલના ઉત્પાદનમાં બીજા અનેક મુદ્દાઓ વિચારવાની જરૂર પડી તૈયાર બનાવટો કયાં બજારોમાં ઠાલવવી એ તે વખતનો મુખ્ય પ્રશ્ન નહોતો, પરંતુ કાચો માલ કયાંથી મેળવવો એ વિમાસણમાં નાખે તેવો પ્રશ્ન હતો. હિંદમાં કાચા માલની વિપુલતા તથા તૈયાર બનાવટો માટેનું વિશાળ બજાર હોવા વિષેની જ્યારે ઇંગ્લંડના લોકોને પ્રતીતિ થઇ ત્યારે તો હિંદ જવા આવવાના ટૂંકા માર્ગની અને ઝડપી સાધનો માટેની બૂમરાણ થઈ પડી.’

ઇ સ. ૧૮૨૩માં કલકત્તાના કેટલાક સાહસિક વેપારીઓએ એકઠા થઇ ‘સ્ટીમ ફંડ’ ઊભું કરવાનું શરૂ કર્યું અને એ ફંડ જે થાય એ ઇંગ્લંડ અને હિંદ વચ્ચે ૧૮૨૬ પહેલાં નિયમિત સ્ટીમર સર્વિસ દોડાવવાનું શરૂ કરનાર કંપનીને ભેટ આપી દેવું એવી યોજના વિચારાઇ. બૉર્ડ ઑફ ડિરેકટર્સની અનુમતિની આશાએ હિંદી મધ્યસ્થ સરકારે તેમાં ૨૦,૦૦૦ રૂપિયા ભર્યા અને ફંડમાં ધીમે ધીમે સારી રકમ એકઠી થઇ શકી. ઇ.સ. ૧૮૨૫ના ઑગસ્ટની ૧૬મી તારીખે ઇંગ્લંડની એક કંપની તરફથી ‘એન્ટરપ્રાઇઝ’ નામની સ્ટીમર પ્લીમથ બંદરેથી હિંદ આવવા ઉપડી. એની મુસાફરી તો સાવ નિષ્ફળ ગઇ, કેમકે કલકત્તાની સોસાએટીની કેટલીક શરતો ‘એન્ટરપ્રાઇઝ’થી પૂરી પડે તેમ નહોતું, તેથી ફંડ તેને ન મળ્યું. પરંતુ ઇંગ્લંડની કંપનીને આવી નિષ્ફળતાથી ભયંકર ખોટ જાય તેવું હોવાથી હિંદી સરકારે રૂપિયા ૬,૦૦,૦૦૦ની રકમ આપીને ‘એન્ટરપ્રાઇઝ’

ખરીદી લીધી. મુંબાઇ સરકારે પણ ખૂબ પૈસા ખર્ચીને 'હ્યુ-લિન્ડસે' નામની સ્ટીમર મુંબાઈમાં બાંધી, એન્જીનો ઇંગ્લંડથી મગાવી તેને મુંબાઈ અને સુએઝ વચ્ચે દોડાવવાનું ૧૮૩૦ની સાલથી શરૂ કર્યું. મધ્યસ્થ સરકારે એમાં રસ લીધો અને એ સ્ટીમર વર્ષમાં ઇંગ્લંડની ચાર મુસાફરી હિંદી સરકારને ખર્ચે કરે એવી ગોઠવણ કરી. સુએઝની મુસાફરીઓ માટે બીજી એક 'ફૉર્બ્સ' સ્ટીમર પણ ખરીદવામાં આવી.

આ બધાનો ઉલ્લેખ એટલા પુરતો જ જરૂરી છે કે જો હિંદી સરકારે ઇંગ્લંડ–હિંદની દરિયાઇ મુસાફરીઓની શરૂઆતના જ જમાનામાં જેટલા પૈસા ખર્ચ્યા તેટલા હિંદી ઉદ્યોગની પાછળ જ ખર્ચ્યા હોત તો હિંદી ઉદ્યોગોને જબરો આધાર મળત અને આજે હિંદની દશા જુદી જ હોત.

મોગલ સત્તાની પડતી થતી ગઈ એ પણ હિંદી વહાણવટા માટે અને વહાણ બાંધવાના ઉદ્યોગ માટે એક અસહ્ય ફટકો હતો. કેમકે અકબર બાદશાહથી તે ઔરંગઝેબ સુધીના બધા મોગલ સમ્રાટોએ હિંદી વહાણવટાના તથા બાંધકામના ઉદ્યોગોને રાજ્ય તરફથી ખૂબ મદદ આપી હતી. રીતસરનું નૌકાખાતું જ એ કાળે ચાલતું અને 'મીર બેહરી' નામે ઓળખાતા એ ખાતાના અમલદારોની ફરજ હિંદી વહાણવટાને દેશ પરદેશોમાં મદદ મેળવી આપવાની તથા બાંધકામના ઉદ્યોગોમાં પડેલા કારીગરોને મદદ કરવાની જ હતી. તે વખતમાં હિંદી ખલાસીઓ દેશપરદેશની સફરો ખેડતા અને ચોર્યાસી બંદરોના વાવટા હિંદનાં બંદરોએ લહેરાતા. પણ ઔરંગઝેબની પછી તો મોગલ સલ્તનતની પડતી દશા બેઠી અને પરદેશી તત્ત્વ હિંદમાં વધુ ને વધુ દાખલ થતું ગયું. ૧૮૫૭ના બળવા પછી તો અંગ્રેજ સત્તા બરાબર જામી ગઇ અને ત્યારે જ હિંદી વહાણવટાનો અને વહાણોના બાંધકામના ધંધાનો મૃત્યુઘંટ વાગી ચૂક્યો. પરદેશી વેપાર બધો બ્રિટિશ જહાજોમાં થાય એવી આડકતરી કાળજી લેવાવા માંડી અને ઇંગ્લંડની કંપનીઓ માતબર થતી ચાલી.

કંપની સરકારનું રાજ્ય હતું ત્યાં સુધી તો જાણે સાચેસાચ વેપારીઓના હાથમાં જ હિંદનું રાજ્ય હતું, એટલે બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ બ્રિટનના ઉદ્યોગોનો પ્રથમ વિચાર કરે એમાં કશું આશ્ચર્ય ન હોય. પણ બળવા પછી તો બ્રિટિશ પાર્લામેન્ટે હિંદના રાજ્યકારભારની દોરીઓ સંભાળી લીધી. તેમ છતાં હિંદી વહાણવટાનો ઉદ્ધાર તો શું પણ તેને ચાલુ સ્થિતિમાં રાખવાનું પણ હિંદી સરકારને સૂઝ્યું નહિ, અને પછીનાં ૫૦ વર્ષમાં હિંદી કારીગરો નાશ પામ્યા અને તમામ વહાણો પરદેશી બનાવટનાં જ હિંદને કિનારે નાંગરવા લાગ્યાં.

(ગુજરાત સમાચાર)

પાંચ લાલ બત્તી

ઘરડાઓના મગજની ગતિ તો મંદ પડી ગએલી હોય છે—એમની ગતિ ધીમી હોય છે, એટલે એમને લાલ બત્તી ધરવાની જરૂર ઓછી રહે છે. પણ જુવાનોના વિચારની ગતિ ઝડપી ટ્રેન જેવી હોય છે, એટલે ટ્રેનમાં જેમ અકસ્માત કે એવા પ્રસંગે લાલ બત્તી ધરવામાં આવે છે તેમ, જુવાનો સમક્ષ ક્યારેક લાલ બત્તી ધરવાની જરૂર રહે છે

પહેલી બત્તી આ છે: આપણે પુસ્તકોમાંથી આપણા ઉચ્ચ આદર્શો બાંધ્યા હોય છે; અને એ આદર્શોને આપણે જાહેર જીવનના કે સેવાના હરકોઇ ક્ષેત્રમાં નજર સમક્ષ રાખીને આગળ ધપ્યે જઇએ છીએ. પણ આપણે એ આદર્શોને વ્યવહારની સરાણે ચડાવેલ નહિ હોવાથી માર્ગમાં મુશ્કેલી આવતાં અકળાઇ જઇએ છીએ. જુવાનને આ સ્થિતિમાં મૂકાવાનો વખત ન આવે એઅર્થે એણે આદર્શ અને વ્યવહાર એ બંને વચ્ચેનો સુમેળ સાધી લેતાં શીખી લેવું પડશે. પુસ્તકિયું જ્ઞાન અને વ્યવહાર અલગઅલગ વસ્તુ છે.

બીજી બત્તી આ છે: કોઇપણ ક્ષેત્રમાં કામ કરવું હોય, પછી ભલે શિક્ષક થવું હોય, ગામડાંની કે મજૂરોની સેવા કરવી હોય કે હરિજનઉદ્ધારની પ્રવૃત્તિ કરવી હોય પણ એ પ્રવૃત્તિમાં પડ્યા પહેલાં જુવાને એ માટેની તાલીમ લઇ લેવી જોઇએ. પણ આજે તો આપણે સૂંઠને ગાંગડે ગાંધી થઇ જઇએ છીએ, વસ્તુમાં ઊંડા ઊતર્યા વિના, તેનો તલસ્પર્શી અભ્યાસ કર્યા વિના, સેવાની તાલીમ લીધા વિના કામગીરી કે સેવા થાય તો તે વાંઝણી નીવડે છે, માટે તાલીમ લીધા વિના જુવાને કાર્યમાં ઝુકાવવું ન જોઇએ.

ત્રીજી બત્તી આ છે: આજે આપણે બોલીએ છીએ ઘણું પણ કરીએ છીએ ઓછું. આપણે જે બીજાને કહીએ તે આપણે જ જીવનમાં ઓછું ઉતારીએ તો એનો અર્થ કાંઇ નથી. મહાત્માજીનું આજે આખા હિંદુસ્તાન પર પ્રભુત્વ છે તેનું કારણ એ છે કે તેઓ જેટલું બોલે છે તેટલું કરે છે. એટલે મારી જુવાનોને એટલી વિનતિ છે કે અમલમાં મૂકી શકો એટલું જ બોલો અને એટલું જ આચરો.

ચોથી બત્તી આ છે: આપણા દેશમાં શિસ્ત નથી એ આપણી મોટી કમનસીબી છે. આપણે પ્રથમ ઘણા માણસો સાથે મળીને એક કાર્ય શરૂ કરીએ છીએ પણ પછી થોડા જ વખતમાં તે જ કામને અંગે બાર ભૈયા અને તેર ચોકા જેવી આપણી સ્થિતિ થઈ જાય છે અને કાર્ય પણ વણસે છે. યુરોપના દેશો આગળ વધ્યા હોય તો તેનું કારણ શિસ્તપાલન છે. તમારે નવી દુનિયામાં તમારૂં સ્થાન ટકાવી રાખવું હોય તો શિસ્તપાલનની ઉપયોગિતા સમજી લેશો.

પાંચમી લાલ બત્તી આ છે: આપણાં દિલ બહુ સાંકડાં થઈ ગયાં છે. બીજાના નાનામાં નાના દોષને પણ આપણે જતો કરી શકતા નથી. બીજાના દોષો કાઢવાની અને ખણખોદ કરવાની આપણામાં બુરી આદત પડી ગઇ છે. આવી બાબતોમાં જ આપણાં મન રોકાઇ રહેતાં હોવાથી આપણે

વિશાળ પ્રવૃત્તિ કરી શકતા નથી. એટલે જુવાનોએ ગુણગ્રાહી થવું અને દિલ દરિયાવ રાખવું એ મારી છેલ્લી અને પાંચમી સલાહ છે.

[ભાવનગરમાં યુવકસપ્તાહ દરમિયાન શ્રી નાનાભાઇ ભટ્ટે આપેલા વ્યાખ્યાનમાંથી]

હબસીનિયાનો રાજમુકુટ

*** કમનસીબીને વરેલા રાજમુગટો ઇતિહાસમાં ઘણા યે થઇ ગયા છે; હબસીનિયાના રાજમુગટનો આ દાખલો તેમાં તાજા ઉદાહરણરૂપ છે.

આજથી સીત્તેર વર્ષ પહેલાં ૧૮૬૪માં હબસીનિયાના શહેનશાહ થિયોડોરે, પરદેશી રાજ્યો પોતાથી સારો સંબંધ રાખતા ન હોવાને કારણે પોતાના રાજ્યમાંના બધા પરદેશીઓને કેદમાં પૂરી મૂક્યા. બ્રિટિશ સરકારે બે વર્ષ પછી પોતાનાં કેદીઓને છોડાવવા એલચી મોકલ્યો, પણ તેનો યે એ જ વલે થઇ.

આથી ઇ. ૧૮૬૮માં બ્રિટિશ સરકારે હિંદના પ્રખ્યાત સેનાપતિ સર ચાર્લ્સ નૅપિયરને સૈન્ય સાથે હબસીનિયા મોકલ્યો. ત્યાં તેને આફ્રિકન શોધક જર્મન જીરાર્ડ રોલ્ફની કુમક મળી. હમણાં ઇટાલિયનોએ કરેલું તેમજ એ સૈન્ય મસાવા ઊતર્યું ને પછી મગદાલાનો કિલ્લો કે જ્યાં શહેનશાહ હતો, તેના પર હલ્લો લઇ જવામાં આવ્યો.

કિલ્લાનું રક્ષણ કરતી પહેલી હરોળ તૂટી, એટલે દરવાજો ખોલી નાખવામાં આવ્યો. અંદરના બીજા દરવાજામાં પેસતાં જ શહેનશાહ થિયોડોરની લાશ હાથ આવી. વિજયની અસંભવિતતા જોઇ તેણે પોતાની હત્યા કરાવી નાખી હતી.

પછી તો શું જોવું? અંગ્રેજોએ આખા શહેરને લૂંટ ને આગનું દશ્ય બનાવી મૂકયું. તેમાં થિયોડોરનો રઝળતો રાજમુગટ કોઇ અંગ્રેજ સૈનિકના હાથે ચડયો. જીરાર્ડ રોલ્ફે એ જોયું, ને તેને પ્રાચીન નૃવંશને લગતી કંઇ અગત્ય એમાં જણાતાં, થોડાઘણા પૈસા આપી એ અંગ્રેજ પાસેથી તે લઇ લીધો ને બર્લિનના મ્યૂઝિયમમાં મોકલાવી આપ્યો

મ્યૂઝિયમે એ મુગટ પ્રુશિયાના રાજાને ભેટ આપ્યો, ને રાજાએ પાછળથી તે મહારાણી વિક્ટોરિયાને ભેટ ધર્યો. ત્યારથી તે ઠેઠ ૧૯૨૫ સુધી તે વિકટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝિયમમાં રહેલો. ૧૯૨૫માં તે હબસીનિયાના શહેનશાહને સુપ્રત કરવામાં આવ્યો, પણ હાલ પાછો તે ઇટલિના મ્યૂઝિયમમાં લઇ જવામાં આવ્યો છે.

વિટામીન વિષે કંઈક

આજસુધી શોધાએલાં સાત વિટામીનમાંથી 'એ' અને 'ડી' આપણાં શરીરને માટે બહુ જ ઉપયોગી પૌષ્ટિક તત્ત્વો છે. ઘી, દૂધ, ઘઉં જેવી ચીજોમાં વિટામીન 'એ' તો મળી આવે છે પરંતુ વિટામીન 'ડી' વાળા પદાર્થો બહુ ઓછા છે. આપણી ચામડીમાં ઍરીસ્ટોગલ નામનો એક પદાર્થ હોય છે, તેની ઉપર સૂર્યનાં અલ્ટ્રા વાયોલેટ કિરણો જો પડે તો બંનેના સંયોગથી વિટામીન 'ડી' બની શકે છે. (કિશોર)

નવી કેડીઓ

આ છૂટાં સૂચનો, વિચારો, વાક્યો અચાનક કોઈ ખૂણે પ્રકાશ અને સામર્થ્ય અવશ્ય પૂરશે.

આપણા સાહિત્યમાં ઘણાં પુસ્તકોમાં અમર થઇ શકે એવાં ચિત્રો માટેના પ્રસંગો ભર્યા પડયા છે. પણ ચિત્રકારોને એ શોધવાની તકલિફ આપવા કરતા કોઇ લેખક એવા પ્રસંગોને વીણીવીણીને, કોઇ દશ્યચિત્રનું વર્ણન કરતા હોઇએ એ ઢબે તેનું રૂપાંતર કરી નાખે, અને એવાં ચિત્રદર્શનોનો સંગ્રહ કરી બહાર પાડે તો ઊગતા ચિત્રકારોને વિષયોની શોધમાં ઓછું ભટકવું પડે. (હરિકૃષ્ણ વ્યાસ)

ક્રિકેટ રમવા માટેની બૅટ અત્યારે માત્ર પંજાબ તરફથી જ આવે છે. પણ ગુજરાતના વણકરો હાથ ન ધરી શકે એવી મહાન કારીગરી એ નથી. (હરિકૃષ્ણ વ્યાસ)

ટેબલ ટૉપ ફોટોગ્રાફી કરનારાઓ Kaleidoscopeની મદદથી ચિત્રવિચિત્ર ડિઝાઇનો તૈયાર કરી ઉદ્યોગોના વિવિધ ક્ષેત્રોમાં તેનો પ્રચાર કરાવી શકે. આ કામ માટે એ યંત્રમાં નાખવાના ટુકડાઓના આકાર પ્રમાણબદ્ધ અને યોજનાપૂર્વક પસંદ કરાયા હોય તો વધારે સારૂં. (ધૈર્યચન્દ્ર બુદ્ધ)

ગામડાંની જનતા જાણે છે કે ડોશીશાસ્ત્ર તરીકે ગણાતા કેટલાક વૈદકીય નુસખાઓ બાળકો અને સ્ત્રીઓનાં સામાન્ય દરદોમાં એવા અસરકારક નીવડે છે કે ઘણી વખત તો સૈંકડો વર્ષોના અનુભવની ચાળણીમાંથી ગળાઇ આવેલા એ ઘરગથ્થુ ઉપાયોને છોડી બીજા વધારે અર્વાચીન ઉપાયો લેવા જતાં આપણે ભૂલ કરતા હોઇએ એમ આપણને લાગે છે. આથી, જેમ લોકવાર્તાઓ અને બીજું એવું જૂનું સાહિત્ય અત્યારે પુનરુદ્ધાર પામી રહ્યું છે, તેમ જ આવા અનુભવમાં આવેલા અને આમ જનતાને વારસામાં મળી વંશપરંપરાથી ઊતરી આવેલા ઉપાયોનો પણ સંગ્રહ કોઇ કરે તો બહુ ઉપકારક થઈ પડે. (ધૈર્યચન્દ્ર બુદ્ધ)

ગુજરાત-કાઠિયાવાડમાં કુંવારનાં વનનાં વન ઊગે છે, અને એનો રસ કાઢી તડકે સૂકવી દેવાથી જ એળીઓ તૈયાર થઇ શકે છે. ગામડાની જનતા આ શકયતાનો ઘણો જ લાભ લઇ શકે તેમ છે. (ધૈર્યચન્દ્ર બુદ્ધ)

બ્લૉટિંગ પેપરને બદલે સુંવાળી માટીની પકાવેલી નાજુક અને કલામય ઇંટો સરસ કામ આપી શકે. સ્ટેશનરીવાળા વેપારીઓ હિંદના કુંભારોને આ હુન્નર તરફ પ્રેરે તો સારૂં.

કોઇને પણ પાસ વિના પેસવા ન દેવાની આજ્ઞાવાળા યુવાન સ્વયંસેવક ગોખલેએ ડેક્કન એજ્યુ. સોસાએટીના સમારંભ વેળા એક અપરિચિત આગેવાન વ્યક્તિ દાખલ થવા આવતાં જ નમ્ર વદને રોકીને પૂછ્યું: 'આપનો પાસ ?' સ્વયંસેવકના નિયમનને માન આપી પિતામહની જેમ ત્યાં ખડા થઇ રહેનાર એ નેતા ન્યાયમૂર્તિ રાનડે હતા, જેમને ચરણે ગોખલે ૧૪ વરસ સુધી દેશસેવાના પાઠ શીખ્યા.

અનેકાર્થી શબ્દ: **આડું=સીધું** નહિ તેવું: હઠીલું; વાંધાખોરિયું; પરોક્ષ; વચ્ચે પડ્યું હોય તેવું; ખોટું, વાંકું; ગાડા પર પાંજરી મૂકતાં જેની સાથે દોરી બાંધે છે તે ઊભો ટેકો; મેલું, ભૂત.

ઘડીઆળના સ્ટૅન્ડર્ડ ટાઇમનું અસ્તિત્વ ૧૮૮૪માં મળેલી આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસના પરિણામે આવેલું છે.

કહેવતોના અર્થ: 'પાણી પીને ઘર પૂછવું' કામ કરી નાખ્યા પછી તેના સારાસારનો વિચાર કરવો એ પાણી પીધા પછી પાનારની નાતજાત પૂછવા જેટલું જ નિરર્થક છે. એવો જ અર્થ દાખવતી બીજી કહેવતો: 'વતું કરાવીને વાર પૂછવો,' "આથમ્યા પછી અસૂરું શું?" 'જવ તલ હોમાયા તે ખરા'.

અમેરિકામાં માણસો અને ઉંદરોની વસતી સરખી છે. ઑસ્ટ્રેલિયામાં માણસો કરતાં ઘેટાંની વસતી દસગણી છે.

સ્વદેશીની બૂમ આપણે વર્ષોથી પાડતા આવ્યા છીએ, પરંતુ આપણી જરૂરીઆતોમાં સ્વદેશીને પ્રથમ સ્થાન આપવું તો દૂર રહ્યું, પણ જેના વગર આપણે બીલકુલ ચલાવી લઈ શકીએ એવી રમકડાં જેવી વસ્તુમાં પણ દર વર્ષે પચાસ લાખ રૂપિયા પરદેશ ચડાવી રહ્યા છીએ.

શીશીમાં સજ્જડ થઇ ગએલાં બૂચ કાચ પાએલા કાગળ (કે એમરી પેપર)ના ટુકડા વડે પકડીને કાઢવાથી સહેલાઇથી નીકળશે.


દેડકાં પોતાનું માથું ફેરવી શકતા નથી. જે પડખે જોવું હોય એ પડખે આખું શરીર તેમને ફેરવવું પડે છે.

નારંગીનાં પાન, ફૂલ અને ફળ ત્રણેની સુગંધ જુદી હોય છે.

'જ્યૉર્જ' નામ ગ્રીક 'જ્યૉર્જિયા' ઉપરથી આવ્યું છે, જેનો અર્થ ખેડૂત થાય છે.

કાચબાને એક માઇલ ચાલતાં એક મહિનો લાગે.

આવતાં દસ વર્ષમાં હિંદની વસતી ચુમાલીસ કરોડની સંખ્યાએ પહોંચશે એમ નિષ્ણાતોનું કહેવું છે.



અજબ કુદરત

ગેકો નામની ગીલોડી. બનતાં સુધી તો નુકસાન નથી કરતી. પણ છેડાય તો એના અંગુઠા કાતિલ ઝેર છોડે છે; ને એની દાઢ તો એવી છે કે તેની સામે પોલાદ પણ નથી ટકી શકતું.

ગણિત ગમ્મત

(૧૯૮– ૩૬)÷૧૬૨=૧

(૧૯૯૮– ૫૪)÷૧૬૨=૧૨

(૧૯૯૯૮– ૭૨)÷૧૬૨=૧૨૩

(૧૯૯૯૯૮– ૯૦)÷૧૬૨=૧૨૩૪

(૧૯૯૯૯૯૮–૧૦૮)÷૧૬૨=૧૨૩૪૫


(૧૯૯૯૯૯૯૮–૧૨૬)÷૧૬૨=૧૨૩૪૫૬

(૧૯૯૯૯૯૯૯૮–૧૪૪)÷૧૬૨=૧૨૩૪૫૬૭

(૧૯૯૯૯૯૯૯૯૮–૧૬૨)÷૧૬૨=૧૨૩૪૫૬૭૮

(૧૯૯૯૯૯૯૯૯૯૮–૧૮૦)÷૧૬૨=૧૨૩૪૫૬૭૮૯

મૂળજી જેઠુ જોશી



ધનુષમાંથી તંતુવાદ્યોની શોધ કેમ થઇ તેનો ક્રમ દર્શાવતી ચિત્રમાલા